પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

**સુવિચાર**

માણસ સૌથી વધારે
એની જીભ હેરાન કરે છે.
''સ્વાદ''માં પણ અને
''સંબંધ''માં પણ...

# અબતક
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૦-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૫, અંક : ૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




યુદ્ધ પર યુદ્ધ સમાપ્ત કર્યાની ''ફિશિયારી'' મારનાર ટ્રમ્પ યુદ્ધના મામલે ડફોળ સાબિત થયા

# ''હાંફી'' ગયેલું અમેરિકા યુદ્ધ સમાપ્તિ માટે ''રઘવાયું'' થયું

## ઈઝરાયલ- સાઉદી અરેબિયાની ચુંગાલમાં ફસાયેલ ટ્રમ્પ યુદ્ધમાંથી છુટકારો મેળવવા તરફડી રહ્યું છેઃ ટ્રમ્પે પુતિનને ફોન કરી એક કલાક ગુફ્તેગુ કરી

**અબતક, વોશિંગ્ટન**

ચૂંટણી પ્રચાર દરમિયાન 'હું ચપટી વગાડતા યુદ્ધો બંધ કરાવી દઈશ' તેવી મોટી-મોટી ફિશિયારીઓ મારનારા અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે આંતરરાષ્ટ્રીય મોરચે ડફોળ સાબિત થઈ રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. યુદ્ધ સમાપ્ત કરવાના દાવા કરનાર ટ્રમ્પ હવે ખુદ રશિયાના શરણે પહોંચ્યા છે. સોમવારે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે કલાક લાંબી ચાલેલી ફોન પરની વાતચીત સાબિત કરે છે કે, અમેરિકા હવે યુદ્ધોના બોજ હેઠળ હાંફી ગયું છે અને ગમે તેમ કરીને આ વિવાદોમાંથી બહાર નીકળવા માટે 'રઘવાયું' થયું છે.



ટ્રમ્પની હાલત અત્યારે 'સૂડી વચ્ચે સોપારી' જેવી થઈ ગઈ છે. એક તરફ ઈઝરાયલ અને સાઉદી અરેબિયાની વ્યૂહાત્મક ચુંગાલમાં ફસાયેલું અમેરિકા મધ્ય પૂર્વમાં ઈરાન સાથેના સંઘર્ષમાં ઉતરી તો ગયું, પણ હવે ત્યાંથી સન્માનજનક રીતે પીછેહઠ કરવાનો કોઈ રસ્તો જડતો નથી. પુતિન

(અનુ. આઠમા પાને)

### બહુ થયું ! હવે થોભશો નહીં તો ૨૦ ગણો હુમલો કરી વિશ્વના નકશામાંથી નામોનિશાન મીટાવી દેશું ટ્રમ્પ

પશ્ચિમ એશિયાના યુદ્ધના મેદાનમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે એક અત્યંત જટિલ ભૂમિકા ભજવી રહ્યા હોય તેવું લાગે છે. એક બાજુ તેઓ આ યુદ્ધને 'ટૂંકા ગાળાનું અભિયાન' ગણાવીને તેને વહેલી તકે સમાપ્ત કરવાની વાત કરી રહ્યા છે, તો બીજી બાજુ ઈરાનને એવી ધમકી આપી રહ્યા છે કે જો તેણે વળતો પ્રહાર કર્યો તો તેનું અસ્તિત્વ ભૂંસી નાખવામાં આવશે.

ટ્રમ્પ ક્યારેય નબળા દેખાવા માંગતા નથી. તેમણે સોશિયલ મીડિયા પર સ્પષ્ટ ચેતવણી આપી છે કે ''જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલનો પુરવઠો રોકવાનો પ્રયાસ કરશે, તો અમેરિકા અત્યાર સુધીના હુમલાઓ કરતા ૨૦ ગણો ભયાનક વળતો પ્રહાર કરશે.'' આ નિવેદન દ્વારા તેઓ વિશ્વને અને ખાસ કરીને પોતાના મતદારોને એવો સંદેશ આપી રહ્યા છે કે ભલે તેઓ યુદ્ધ રોકવા માંગતા હોય, પણ જો ઈરાને કોઈ પણ 'ચાલાકી' કરી તો અમેરિકા પાછું પાની નહીં કરે.

# ક્રૂડના ભાવ તૂટ્યાઃ ઘરેલુ ગેસને લઈ સરકારે કમર કસી

## ભારતે સ્થાનિક એલપીજી ઉત્પાદન વધારવા આદેશ આપ્યો, રીફાઈનરીઓ હવે ગેસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે

## મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની ટ્રમ્પે આગાહી કરતા ક્રૂડના ભાવ ૬ ટકા ઘટયા, અનેક દેશોએ રાહતનો શ્વાસ લીધો

**અબતક, નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધની સીધી અસર વૈશ્વિક ઉર્જા બજાર અને ભારતની સપ્લાય ચેઈન પર પડી રહી છે. એક તરફ ખાડી દેશોના તણાવને કારણે ભારતમાં એલએનજી સપ્લાય પ્રભાવિત થયો છે, તો બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે.



ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને પગલે ઊભી થયેલી અનિશ્ચિતતા વચ્ચે, ભારત સરકારે દેશની રિફાઈનરીઓને ઘરેલુ ઉપયોગ માટે એલએનજી (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ)નું ઉત્પાદન વધારવા માટે નિર્દેશ આપ્યો છે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક સપ્લાય ચેઈનમાં આવતા વિક્ષેપો સામે રક્ષણ મેળવવાનો, ભવિષ્યમાં આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો અને દેશમાં રસોઈ ગેસની કોઈ અછત ન સર્જાય તે સુનિશ્ચિત કરવાનો છે.

ભારતીય રિફાઈનરીઓ માટે આ આદેશ એક મોટો બદલાવ દર્શાવે છે. અત્યાર સુધી રિફાઈનરીઓ પેટ્રોલ અને ડીઝલ જેવા વધુ નફાકારક ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી, પરંતુ હવે સરકારી આદેશ બાદ તેમને પોતાનું માળખું એલપીજી ઉત્પાદન વધારવા તરફ વાળવું પડશે. ઉર્જા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ આ સમગ્ર પ્રક્રિયા પર નજર રાખી રહ્યા છે, જેથી ખાતરી કરી શકાય કે દેશમાં રસોઈ ગેસનો

(અનુ. આઠમા પાને)

### ભીખુ પાકિસ્તાન ઈંધણને લઈ ફડફડાયું

**તમામ શાળાઓ બંધ, સરકારી અને ખાનગી કચેરીઓ સપ્તાહમાં માત્ર ૪ દિવસ જ ચાલુ રાખવા આદેશ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની ગંભીર અસર પાકિસ્તાન પર પણ જોવા મળી રહી છે. ઈરાન-ઈઝરાયેલ સંકટ વચ્ચે પાકિસ્તાનમાં ભીષણ ઈંધણ કટોકટી સર્જાવાની દહેશત ઊભી થઈ છે. આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે દેશભરમાં શાળાઓ બંધ રાખવા અને સરકારી તેમજ ખાનગી કચેરીઓમાં સપ્તાહમાં માત્ર ચાર દિવસ જ કામકાજ ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ દેશમાં ઈંધણના વપરાશને મોટા પાયે ઘટાડવાનો અને સપ્લાય ચેઈનમાં ઊભી થયેલી મુશ્કેલીઓનો સામનો કરવાનો છે. પાકિસ્તાન અગાઉથી જ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, ત્યારે મધ્ય પૂર્વના તણાવે તેમની મુશ્કેલીઓમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ઈંધણની આયાત ખોરવાઈ જવાની ભીતિને કારણે સ્થાનિક નાગરિકોમાં ગભરાટનો માહોલ છે અને ઈંધણ બચાવવા માટે સરકાર દ્વારા લેવાયેલા આ આકરા પગલાં દર્શાવે છે કે સ્થિતિ કેટલી નાજુક છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠામાં આવતા વિક્ષેપો પાકિસ્તાનના નબળા અર્થતંત્રને વધુ મોટો ફટકો મારી શકે છે, જેને પગલે સરકારે તાત્કાલિક ધોરણે આ કડક નિયંત્રણો લાદવાની ફરજ પડી છે.

# શેરબજારમાં ''રિકવરી''

# સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો

## અમેરિકા – ઈરાન વચ્ચે તણાવ ઘટવાના સંકેતોથી વાતાવરણ સુધર્યું

**અબતક, નવી દિલ્હી**



ગઈકાલના ભારે ઘટાડા બાદ આજે મંગળવારે ભારતીય શેરબજારમાં શાનદાર વાપસી જોવા મળી છે. માર્કેટ ખુલતાની સાથે જ રોકાણકારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને બંને મુખ્ય ઈન્ડેક્સ લીલા નિશાનમાં ટ્રેડ થવા લાગ્યા હતા. સોમવારે બજારમાં આવેલા મોટા કડાકા બાદ આજની આ રિકવરીથી રોકાણકારોને મોટી રાહત મળી છે.આજના લાઈવ ટ્રેડિંગ સેશન મુજબ, સેન્સેક્સ ૫૫૦થી વધુ પોઈન્ટના જંગી ઉછાળા સાથે ૭૮,૧૪૯ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો હતો. બીજી તરફ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ શાનદાર પ્રદર્શન કરતા ૨૪,૨૩૫ ની સપાટી વટાવી ચૂક્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ સારો સપોર્ટ જોવા મળી રહ્યો છે, જેમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખરીદીનું આકર્ષણ વધ્યું છે.

શેરબજારમાં આવેલી આ અચાનક તેજી પાછળનું મુખ્ય કારણ ગ્લોબલ માર્કેટના પોઝિટિવ સંકેતો અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો મોટો ઘટાડો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને તણાવમાં ઘટાડો થવાની આશા બંધાઈ છે, જેના કારણે ૧૧૦ ડોલરને પાર કરી ગયેલું ક્રૂડ ઓઈલ ઘટીને ૯૦ ડોલરની નીચે આવી ગયું છે સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આજે ઓટો, ફાર્મા અને રિયલ એસ્ટેટ શેરોમાં જોરદાર લેવાલી જોવા મળી રહી છે ક્રૂડ ઓઈલના ભાવ ઘટવાના કારણે એવિએશન અને પેઈન્ટ કંપનીઓના શેર્સ, જેમ કે ઈન્ડિગો અને એશિયન પેઈન્ટ્સમાં મોટો ઉછાળો આવ્યો છે. જોકે, બીજી તરફ આઈટી સેક્ટરમાં આજે થોડું દબાણ જોવા મળી રહ્યું છે.

ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો આ ઘટાડો ભારતીય અર્થતંત્ર માટે આશીર્વાદરૂપ સાબિત થયો છે ક્રૂડ સસ્તું થવાથી મોંઘવારી વધવાની ચિંતા અને દેશના કરંટ એકાઉન્ટ ડેફિસિટ પરનું દબાણ ઘટશે. આર્થિક મોરચે મળેલા આ રાહતના સમાચારોએ આજે સ્થાનિક શેરબજારને નવી ઉર્જા પૂરી પાડી છે.

### રૂપિયા ઉપર દબાણ આંશિક રીતે હળવું થયું

આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા ભારતીય રૂપિયામાં પણ આજે આંશિક રિકવરી જોવા મળી છે. સોમવારે અમેરિકન ડોલર સામે ૯૨.૩૫ ના ઐતિહાસિક નીચલા સ્તરે પહોંચી ગયેલો રૂપિયો આજે સુધારા સાથે ૯૨.૧૮ ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે. મોંઘા ક્રૂડને કારણે રૂપિયા પર જે દબાણ આવ્યું હતું, તે આજે હળવું થયું છે.






નવો લુક, નવી અદા : તમારો દેખાવ, તમારી મરજી

# માત્ર વાળ નહીં, આત્મવિશ્વાસનું નવું સરનામું એટલે 'વિગ' : આજે વિશ્વ વિગ દિવસ

## કેન્સર જેવી બીમારીના કારણે વાળ ગુમાવનાર લોકો માટે વિગ આત્મવિશ્વાસ અને માનસિક શક્તિ વધારવાનું એક મહત્વનું સાધન બને છે: વિગ એ કૃત્રિમ વાળની ટોપી છે, જે માથાની ટાલને સંપૂર્ણ રીતે ઢાંકે છે

### પ્રાચીન કાળમાં રોમન મહિલાઓ ફેશન વિગ્સ પહેરતી હતી, રોમમાં શ્રીમંત સ્ત્રીઓ અન્ય પ્રદેશોની ફેશનેબલ હેરસ્ટાઈલનું અનુકરણ કરવા માટે વિસ્તૃત વિગ અને હેર પેચ પહેરવાનું શરૂ કર્યું હતું, જે વૈભવી અને સામાજિક દરજ્જાનો સંકેત આપતું હતું






**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આપણા દેશમાં ૨૦૦૦ની સાલ સુધી હેર સ્ટાઈલનું બહુ મહત્વ ન હતું, પણ છેલ્લા બે દાયકાથી ખાસ કરીને યુવા વર્ગ ફિલ્મ સ્ટાર અને ક્રિકેટરોને જોઈને નીત નવી હેર સ્ટાઈલ રાખતા થયા છે. ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી વિવિધ પ્રકારની હેર સ્ટાઈલનો યુગ શરૂ થયો છે. આજકાલ આપણી જીવન શૈલી કે વારસાગતને કારણે યુવા વયે ટાલ પડી જાય છે. કેન્સર ટ્રીટમેન્ટની આડ અસરને કારણે પણ વાળ ખરી જતા હોય ત્યારે વિગ, હેર પેચ કે હેર ઈમ્પ્લાન્ટ લોકો કરવા લાગ્યા છે. આજે વિશ્વ વિગ દિવસ છે, ત્યારે તેનો રસપ્રદ ઈતિહાસ જાણવા જેવો છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વિગ પહેરતા લોકો પ્રત્યે સંવેદના અને સન્માન વ્યક્ત કરવાનો છે. આજના ઘણા ફિલ્મ સ્ટારો પણ વાળ ઓછા હોય તે જગ્યાએ પેચ અથવા હેર સિસ્ટમ પહેરે છે. જેથી નાના અને રૂપકડા લાગે છે.

કેન્સર જેવી બીમારીના કારણે વાળ ગુમાવનાર લોકો માટે વિગ આત્મવિશ્વાસ અને માનસિક શક્તિ વધારવાનું એક મહત્વનું સાધન બને છે. આ દિવસ લોકોને સમજાવે છે કે સુંદરતા માત્ર કુદરતી વાળમાં જ નથી, પરંતુ આત્મવિશ્વાસ અને હિંમતમાં પણ વસે છે.આ દિવસના અવસર પર વિવિધ સંસ્થાઓ અને લોકો વિગ દાન કરવા માટે પ્રેરણા આપે છે, તેમજ કેન્સર પીડિતોને મદદરૂપ થવા માટે જાગૃતિ ફેલાવે છે. સમાજમાં એવા લોકો માટે સહાનુભૂતિ, સહયોગ અને સકારાત્મકતા વધે તે માટે આજનો દિવસ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ટાલને ઢાંકવા માટે વિગ અને પેચ વિશે માહિતી જોઈએતો, આ બંને વાળ ખરવાની સમસ્યા ઉકેલીને આત્મવિશ્વાસ વધારવામાં મદદ કરે છે. વિગ એ કૃત્રિમ વાળની ટોપી જેવું માથાની ટાલને સંપૂર્ણ રીતે ઢાંકે છે. તે માનવીય વાળ, રેશનલ વળાંકો કે સિન્થેટિક ફાઈબરમાંથી બનેલા હોય છે, અને વિવિધ સ્ટાઈલ, રંગ અને લંબાઈમાં મળે છે. તેને માથા પર મજબૂત રીતે બાંધવા માટે ક્લિપ્સ, ટેપ કે એડહેસિવનો ઉપયોગ થાય છે, જે રોજિંદા કાર્યોમાં તદ્દન કુદરતી દેખાય છે. પેચ એ નાના વિસ્તારોને ઢાંકવા માટેના કૃત્રિમ વાળના ટુકડા છે, જેમને હેયર ટોપ્સ કે ઈન્ટિગ્રેશન પીસ પણ કહેવાય છે. તે ટાલના આંશિક ભાગને જ લગાવાય છે અને અસલી વાળ સાથે મિક્સ થઈ જાય છે. આ ટુકડા હલકા વજનના હોય છે અને તેમને ગુંદ કે ક્લિપ્સથી ફિક્સ કરી શકાય છે, જે નાની ટાલ માટે આદર્શ છે.

પસંદગી અને કાળજીગુણવત્તાવાળા વિગ અને પેચ પસંદ કરો જેમાં હવાની અવરજવર હોય, જેથી માથાની ત્વચા સ્વસ્થ રહે. તેને હળવેથી ધોવું, કોમ્બ કરવું અને નાઈટ કેપમાં સ્ટોર કરવું જરૂરી છે. નિયમિત કાળજીથી તે ૬થી ૧૨ મહિના ચાલે છે.લોકો ઘણીવાર એવું વિચારે છે કે વિગ ફક્ત એવા લોકો માટે છે જેમણે તબીબી સારવાર અથવા કુદરતી વાળ ખરવાને કારણે વાળ ગુમાવ્યા છે. એવું બિલકુલ નથી.ઘણી સેલિબ્રિટીઓએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે તેઓ ફેશન પસંદગી ઓમાં વિગનો ઉપયોગ કરે છે.

ટાલ ઢાંકવા માટે પેચ ઘણા પ્રકારના હોય છે, જે વિવિધ જરૂરિયાતો અને ટાલના વિસ્તાર પ્રમાણે પસંદ કરી શકાય છે. આ પેચ અસલી વાળ સાથે મળી જાય તેવા ડિઝાઈનમાં બનેલા હોય છે.ક્લિપ-ઈન પેચઆ પેચને ક્લિપ્સથી અસલી વાળમાં સરળતાથી લગાવી શકાય છે. તે હલકા વજનના અને નાના ટાલ વિસ્તારો માટે આદર્શ છે, જેમને રોજ બદલી શકાય છે. કોઈ એડહેસિવની જરૂર નથી પડતી. ટેપ-ઈન પેચટેપથી ત્વચા કે વાળ પર ચોંટડાવવામાં આવે છે, જે ૪-૬ અઠવાડિયા સુધી ટકે છે. આ પ્રકાર મધ્યમ ટાલ માટે સારો છે અને કુદરતી દેખાય છે.

નાના થીંગ ટાલ માટે ઉપયોગી, જે લાંબા સમય સુધી લગાવી રાખી શકાય.સિન્થેટિક સામે હ્યુમન હેયર પેચસિન્થેટિક પેચ સસ્તા અને ઓછી કાળજીની જરૂર પડે, પણ હીટ સહન નથી કરતા, જયારે હ્યુમન હેયર પેચ કુદરતી દેખાય, સ્ટાઈલ કરી શકાય અને ૬-૧૨ મહિના ચાલે છે, પણ મોંઘા હોય છે. માઈક્રો-સ્કિન પેચપાતળા, ત્વચા જેવા બેસ વાળા પેચ જે લાંબા સમય સુધી ટકે છે.સ્વાસ્થ્યકર ત્વચા માટે યોગ્ય છે, પણ નિયમિત સફાઈ કરવી જરૂરી.

તેને નિયમિત બદલવું જરૂરી છે.ઈન્ટિગ્રેશન પીસમાં નાના નેટનું મધ્ય ભાગ હોય છે, જેથી ત્વચા સુધી હવા જઈ શકે અને વાળ બહારની તરફ ખસી જાય.

### ઈજિપ્શીયન વિગ્સ ગરમી અને સ્વચ્છતા માટે બનાવવવામાં આવ્યા હતા

પ્રાચીન ઈજિપ્તમાં, પુરુષો અને સ્ત્રીઓ બંને ઘણીવાર તેમના માથા મુંડાવતા હતા અને તીવ્ર સૂર્યપ્રકાશનો સામનો કરવા અને જૂના ઉપદ્રવને ઘટાડવા માટે ખજૂરના પાન જેવા છોડના તંતુઓ સાથે મિશ્રિત માનવ વાળમાંથી બનાવેલા વિગ પહેરતા હતા.મોટા અને વધુ વિસ્તૃત વિગ ઉચ્ચ દરજ્જાનું પ્રતીક હતા, જેમાં રાજાઓ અને ઉમરાવો સમારંભો અને જાહેર દેખાવ માટે સૌથી વધુ સુશોભિત શૈલીઓ અનામત રાખતા હતા.

આશરે ૨૭૦૦ બીસીઈમાં પ્રાચીન ઈજિપ્તવાસીઓ વિગ પહેરવાનું અપનાવતા હતા.પ્રાચીન ઈજિપ્તમાં પુરુષો અને સ્ત્રીઓ સ્વચ્છતા માટે પોતાના માથા મુંડાવે છે અને સૂર્યથી રક્ષણ અને સ્થિતિ પ્રતીક તરીકે માનવ વાળ અને છોડના રેસામાંથી બનાવેલા વિગ પહેરે છે.બાદમાં પહેલી સદીમાંરોમન મહિલાઓ ફેશન વિગ્સ અપનાવે છે. પ્રાચીન રોમમાં શ્રીમંત સ્ત્રીઓ અન્ય પ્રદેશોની ફેશનેબલ હેરસ્ટાઈલનું અનુકરણ કરવા માટે વિસ્તૃત વિગ અને હેરપીસ પહેરવાનું શરૂ કરે છે, જે વૈભવી અને સામાજિક દરજ્જાનો સંકેત આપે છે.૧૬મી સદીના અંતમાં રોયલ કોર્ટ્સ વિગ્સને યુરોપમાં પાછા લાવે છે.યુરોપિયન ઉચ્ચ વર્ગના લોકો વિગ ફેશનને પુનર્જીવિત કરે છે કારણ કે ઈંગ્લેન્ડની એલિઝાબેથ જેવા રાજાઓ સત્તા દર્શાવવા અને વાળ ખરતા છુપાવવા માટે વિશાળ કૃત્રિમ હેરસ્ટાઈલનો ઉપયોગ કરે છે. ૧૬૬૦ના દાયકામાં લુઈસ વિગ્સને શક્તિનું પ્રતીક બનાવે છે. ફ્રાન્સના રાજા લુઈસ ચૌદમાએ મોટા, સ્ટાઈલવાળા વિગ અને શાહી વ્યંગ્યકાર અપનાવ્યા પછી, યુરોપિયન ખાનદાનીઓએ પણ તેમનું અનુકરણ કર્યું, વિગને પદ અને દરબાર સંસ્કૃતિના આવશ્યક પ્રતીકોમાં ફેરવી દીધા.૧૮મી સદીમાં પાવડર વિગ્સ કાયદા અને રાજકારણ પર પ્રભુત્વ ધરાવે છે.બ્રિટન અને તેની વસાહતોમાં ન્યાયાધીશો, બેરિસ્ટરો અને રાજકારણીઓમાં સફેદ પાવડરવાળા વિગ પ્રમાણભૂત બની ગયા છે, જે જાહેર જીવનમાં વ્યાવસાયિકતા અને સામાજિક દરજ્જાનો સંકેત આપવામાં મદદ કરે છે.

૧૬૦૩ થી આગળ કાબુકી થિયેટર કાત્સુરા વિગ વિકસાવે છે.જાપાનના કાબુકી થિયેટરમાં, કલાકારો ઉંમર, લિંગ અને વ્યક્તિત્વ દર્શાવવા માટે કાત્સુરા નામના વિસ્તૃત વિગ અપનાવે છે, જે વિગને સ્ટેજ પર વાર્તા કહેવાના મહત્વપૂર્ણ સાધનોમાં ફેરવે છે.૨૦મી સદીના મધ્યભાગમાં કૃત્રિમ રેસા રોજિંદા વિગ્સને પરિવર્તિત કરે છે.મોડાક્રીલિક અને અન્ય કૃત્રિમ તંતુઓ જેવા નવા પદાર્થો વિગને સસ્તા, હળવા અને સ્ટાઈલમાં સરળ બનાવે છે, જે વિગને ઉચ્ચ ફેશનથી મુખ્ય પ્રવાહની સહાયક અને તબીબી સહાય તરફ ખસેડવામાં મદદ કરે છે.

મહત્વપૂર્ણ વ્યક્તિ માટે અંગ્રેજી શબ્દ ''બિગવિગ'' ૧૭મી અને ૧૮મી સદીના બ્રિટનમાં શાબ્દિક ફેશન વલણમાંથી ઉભરી આવ્યો હતો, જ્યાં ઉચ્ચ કક્ષાના ઉમરાવો, ન્યાયાધીશો અને રાજકારણીઓ તેમની સંપત્તિ અને સત્તા દર્શાવવા માટે માનવ કે ઘોડાના વાળમાંથી બનાવેલા મોટા કદના, વિસ્તૃત શૈલીના વિગ પહેરતા હતા.૧૭૯૫માં હેર પાવડર ટેક્સ અને ૧૮૦૦ના દાયકાની શરૂઆતમાં ફેશન બદલાયા પછી બ્રિટનમાં નાગરિક વિગ પહેરવાની પ્રથા મોટાભાગે લુપ્ત થઈ ગઈ હોવા છતાં, ન્યાયાધીશો અને બેરિસ્ટરોએ તેમના સત્તાવાર પોશાકના ભાગ રૂપે વિગ પહેરવાનું ચાલુ રાખ્યું હતું, જે આજે પણ જાળવી રાખ્યું છે.

### ક્રિએટિવિટીનો નવો રંગ: જ્યારે વિગ બને છે તમારી ફેશનનું અંગ

યુવા વયે કેન્સરની સારવાર દરમિયાન કીમોથેરાપી જેવા ઉપચારના કારણે ઘણા દર્દીઓના વાળ ખરી જાય છે, જેના કારણે તેમના આત્મવિશ્વાસ અને માનસિક સ્થિતિ પર પણ અસર થાય છે. આવી સ્થિતિમાં વિગ અથવા હેર પેચ માત્ર દેખાવ સુધારવાનો ઉપાય નથી, પરંતુ તે દર્દીઓને ફરીથી આત્મવિશ્વાસ અને સ્વાભિમાન આપતું એક આશીર્વાદરૂપ સાધન બની જાય છે. તે દર્દીને સામાન્ય જીવન તરફ પાછા ફરવામાં અને સમાજમાં નિડર રીતે રહેવામાં મહત્વપૂર્ણ માનસિક સહારો પૂરું પાડે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૧.૩.૨૦૨૬ બુધવાર ,સંવંત ૨૦૮૨ , ફાગણ વદ આઠમ , જ્યેષ્ઠા નક્ષત્ર , વજ્ર યોગ, બાલવ કરણ આજે રાત્રે ૯.૫૯ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) ત્યારબાદ ધન (ધ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ) :** ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય ,શુભ દિન .

**મિથુન (ક,છ,ઘ) :** આંતરિક સંબંધોમાં સારું રહે,મતભેદ નિવારી શકો,વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ):** નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ (મ,ટ) :** વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** પરિવાર સાથે આનંદ માણી શકો,દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત) :** નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા શોખ માટે સમય ફાળવી શકો, મન થી હળવાશ અનુભવી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ):** જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ ) :** મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થહતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ):** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ ,નોકરિયાતવર્ગ ને સારું રહે,ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

# એસજીવીપી ગુરૂકુલ વાવડી ખાતે દિવ્ય ''ફૂલડોલ હિંડોળા'' ઉત્સવની કરાય ભવ્ય ઉજવણી

## હિંડોળા ઉત્સવ માત્ર પરંપરા નથી પરંતુ ભગવાન માટે પ્રેમ અને સમર્પણનું પ્રતિક છે

**અબતક, રાજકોટ**



વાવડી ખાતે એસજીવીપી ગુરૂકુલ દ્વારા આયોજિત 'ફૂલડોલ હિંડોળા ઉત્સવ' અત્યંત હર્ષોલ્લાસ અને ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ મંગલ પ્રસંગે વાવડી, મવડી તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી અબાલ-વૃદ્ધ સૌ હરિભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઉત્સવનો પ્રારંભ ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામીના હસ્તે ભગવાનના શાસ્ત્રોક્ત પૂજન અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સ્વામી દ્વારા ભગવાન પર દિવ્ય પુષ્પાભિષેક કરવામાં આવ્યો હતો. જે જોઈ સૌ ભક્તો ભાવવિભોર બન્યા હતા.

તેમણે ભક્તિ માર્ગની મહત્તા સમજાવતા ઉમેર્યું હતું કે, સેવા અને સત્સંગ દ્વારા જ જીવનમાં સાચી શાંતિ પ્રાપ્ત થાય છે. આ ઉત્સવની એક સુંદર વિશેષતા એ રહી હતી કે, ભગવાનનો કલાત્મક હિંડોળો વાવડી ગામના ભાઈઓ, બહેનો અને બાળકોએ અનેરા ઉત્સાહ સાથે મળીને તાજા પુષ્પોના મનમોહક શણગાર દ્વારા તૈયાર કર્યો હતો. ભક્તોની આ સમૂહ સેવા અને કલાના દર્શન હિંડોળાના દરેક પુષ્પમાં છલકાતા હતા.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટી મધુભાઈ ડોંગા તથા અગ્રણી હરિભકત જસમતભાઈ સોરઠિયા ખાસ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો. આ સાથે રીબડા ગુરુકુલના સંચાલક શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ પ્રસાદીના પુષ્પો દ્વારા સૌ હરિભક્તો સાથે ફૂલડોલ ઉત્સવ મનાવી સમગ્ર વાતાવરણને દિવ્યતાથી ભરી દીધું હતું. ઉત્સવના અંતમાં તમામ હરિભક્તોએ સમૂહમાં મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર આયોજનને સફળ બનાવવા ગુરુકુલના સ્વયંસેવકો અને ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૦મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

અનંતભાઈ છોટાલાલ રાજાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૦મું ચક્ષુદાન થયેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં તેરમું (૧૩) ચક્ષુદાન થયેલ છે.

સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન- સ્કીન ડોનેશન- દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મેહતા ૯૪૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

## આકાશિક રેકોર્ડ તમારા જીવનનું ધ્યેય દર્શાવે છે!



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

આકાશિક રેકોર્ડ માં જેમ જેમ ઊંડા ઉતરીએ તેમ તેમ આત્માની જન્મોજન્મની સફર સમજાય છે અને તેના દરેક જીવનનો ઉદ્દેશ્ય અને આ જીવનનો ખાસ ઉદ્દેશ્ય પણ સમજાય છે અને આત્મા તે તરફ ગતિ કરતો હોય છે પરંતુ ઘણીવાર આત્મા પોતાનું ધ્યેય ભટકીને પણ કાર્ય કરતો હોય ત્યારે આકાશિક રેકોર્ડ તેને ખુબ કામ લાગે છે અને તે તેની સાચી દિશા તરફ ગતિ કરવા લાગે છે જેમ કે એક વ્યક્તિના જીવનનું ધ્યેય પ્રસિદ્ધિ હતી અને તે જોબ માટે સખત મહેનત કરતો હતો પણ સફળતા મળતી ના હતી અમે તેને કોઈ ને કોઈ રીતે પોતાની પ્રતિભા લઈને લોકો સમક્ષ જવા કહ્યું એ પછી તેને પોતાની સ્કિલ દ્વારા ઓનલાઈન કામગીરી શરુ કરી અને ખુબ સફળતા અને પ્રતિષ્ઠા મેળવી એ જ રીતે ઘણાની સફર આધ્યાત્મિક હોય છે તો કોઈ ને પૈસા લક્ષી હોય છે જયારે ઘણા આત્મા એક દિવ્ય પ્રેમ અનુભૂત કરવા આવ્યા હોય છે અને તેમને જ્યાં સુધી પોતાનું અરધિયું નથી મળતું ત્યાં સુધી ચેન પડતું નથી આ આત્માઓ દિવ્ય પ્રેમ માટે જન્મોજન્મના ઋણાનુબંધન હોય તેવો આત્મા શોધતા હોય છે અને આવા કિસ્સા માં પણ આકાશિક રેકોર્ડ તેમને સાચી દિશા બતાવી તેમના ધ્યેય તરફ આગળ લઈ જાય છે .!

## અબતક પંચાગ

**તા.૧૧-૩-૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ આઠમ વિછુડો રાત્રે ૧૦ સુધી
**નક્ષત્ર** જયેષ્ઠા
**યોગ** વ્રજ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૦૨ **સુર્યાસ્ત:** ૬.૫૩
**ચંદ્ર રાશી** વૃશ્વિક રાત્રે ૧૦થી ધન
**રાશિ અક્ષર** ન.ય/ભ.ફ.ધ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૦-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ:આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૧-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## સૂડોકુ -૭૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | | | | ૪ | |
| | ૭ | | ૬ | | | | | |
| | | ૬ | ૪ | ૨ | | | ૧ | |
| | | | | ૪ | | | ૬ | ૯ |
| ૩ | | | | | ૫ | | | |
| | | | | ૯ | ૮ | | | |
| | | | ૧ | ૭ | | | ૨ | |
| ૧ | ૯ | | | | | | | |
| | ૨ | | | | | ૪ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૭ | ૩ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ |
| ૮ | ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૬ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૮ | ૧ | ૯ |
| ૭ | ૮ | ૯ | ૪ | ૬ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૯ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૬ | ૩ | ૫ | ૭ | ૧ | ૮ | ૨ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૯ | ૬ | ૪ | ૫ | ૭ |
| ૫ | ૭ | ૮ | ૧ | ૨ | ૪ | ૩ | ૯ | ૬ |

# ખાસ બોર્ડમાં ૨ અરજન્ટ બિઝનેસ સહિત ૧૪ દરખાસ્તોને બહાલી

## ફલાવર બેડમાં હપ્તા યોજના અને ટીપી સ્કીમ નં.૧માં ગાર્ડન માટે પ્લોટ વેરીડ કરવાનો બે દરખાસ્ત અધ્યક્ષસ્થાનેથી રજૂ થઈ છેલ્લા બોર્ડમાં ૧૦ કોર્પોરેટરો ગેરહાજર રહ્યાં

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન રાજકીય બોડીની મુદત આવતીકાલે તા. ૧૧ માર્ચના રોજ પૂર્ણ થઈ રહી છે, ત્યારે આજે મંગળવારે મળેલું ખાસ જનરલ બોર્ડ ઐતિહાસિક નિર્ણયોનું સાક્ષી બન્યું હતું. સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર થયેલી પરંતુ જનરલ બોર્ડમાં બાકી રહેલી તમામ ૧૧ દરખાસ્તોને આ ખાસ બોર્ડમાં બહાલી આપી દેવામાં આવી છે. આ સ્પેશિયલ બોર્ડ હોવાથી તેમાં પ્રશ્નોત્તરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ન હતી અને માત્ર એજન્ડા પરના કામો જ પૂર્ણ કરવામાં આવ્યા હતા.

આજના બોર્ડમાં સૌથી મહત્વનો અને ચર્ચાસ્પદ નિર્ણય 'ફ્લાવર બેડ'ના દંડની રકમમાં હપ્તા પદ્ધતિ દાખલ કરવાનો લેવાયો છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા અગાઉ આ મુદ્દે વિરોધ નોંધાવવામાં આવ્યો હોવા છતાં, શાસક પક્ષે નાગરિકોના હિતમાં આ દરખાસ્તને 'અરજન્ટ બિઝનેસ' તરીકે રજૂ કરી મંજૂરી મેળવી લીધી છે. આ ઉપરાંત અન્ય એક અરજન્ટ દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી હતી.









તસવીરઃ શૈલેષ વાડોલિયા

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગના આદેશ અને સામાજિક ગરિમાને ધ્યાનમાં રાખીને બોર્ડમાં એક અત્યંત સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં એસ.સી./એસ.ટી. સમાજની લાગણી અને ગરિમાને ઠેસ પહોંચે તેવા વિસ્તારોના નામ બદલવાની દરખાસ્ત મંજૂર કરાઈ છે. હવેથી શહેરના વોર્ડ નં. ૦૭માં આવેલ ઠક્કરબાપા હરીજનવાસ, વોર્ડ નં. ૦૩માં આવેલ તોપખાના હરીજનવાસ અને વોર્ડ નં. ૧૫માં આવેલ કસ્તુરબા હરીજનવાસ તરીકે ઓળખાતા વિસ્તારોના નામ બદલીને નવા ગૌરવપૂર્ણ નામ રાખવામાં આવશે.

નામકરણની અન્ય દરખાસ્તોમાં વોર્ડ નં. ૦૩ ના રેલનગર વિસ્તારમાં આવેલા એઈમ્સ હોસ્પિટલ રોડ અને રત્નમ ગોલ્યર્સ પાસેના ચોકનું નામ 'લક્ષ્મણસિંહજી કટારીયા ચોક' તથા મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ અને શરણમ બિલ્ડીંગ પાસેના ચોકનું નામ 'ગોકળભાઈ સીતાપરા ચોક' રાખવાનો નિર્ણય લેવાયો છે. મનપાની આવકમાં વધારો કરવા માટે વિવિધ ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ 'વાણિજ્ય વેંચાણ' અને 'રહેણાંક વેંચાણ' હેતુ માટે પ્રાપ્ત થયેલા અનામત પ્લોટોને ઈ-ઓક્શન દ્વારા નિકાલ કરવાની દરખાસ્ત પર પણ મહોર મારવામાં આવી છે.

સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સ્વામિનારાયણ મંદિર અને રાજકોટ જૈન તપગચ્છ સંઘ દ્વારા આયોજિત આગામી ધાર્મિક કાર્યક્રમો માટે રેસકોર્ષ ગ્રાઉન્ડના તમામ વિભાગો અને ઓપન એર થિયેટર વિનામૂલ્યે ફાળવવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે જ મનપાની જુદી-જુદી શાખાઓના કર્મચારીઓના પગારધોરણમાં સુધારો અને કોમ્યુનિટી હોલના ઉપયોગના નિયમોમાં ફેરફાર કરવાની દરખાસ્ત પણ સ્વીકારવામાં આવી છે. વર્તમાન બોડીની આ છેલ્લી સભા હોવાથી શાસક પક્ષે તમામ મહત્વના કામોને આખરી ઓપ આપી ટર્મને વિદાય આપી છે.



### મનપામાં વિપક્ષ આક્રમકઃ સભામાં અરજન્ટ દરખાસ્તનો વિરોધ અને પદાધિકારીના ગેરકાયદે બાંધકામનો આક્ષેપ

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન બોડીની મુદત પૂર્ણ થવાના આરે છે ત્યારે શહેરનું રાજકારણ ગરમાયું છે. નેતા વિપક્ષ વશરામભાઈ સાગઠીયાએ આજે મેયર અને કમિશનરને બે અલગ-અલગ પત્રો પાઠવીને વહીવટી પ્રક્રિયા અને બાંધકામમાં થઈ રહેલી ગેરરીતિઓ મુદ્દે ગંભીર સવાલો ઉઠાવ્યા છે.

મેયરને ઉદ્દેશીને લખાયેલા પત્રમાં વશરામ સાગઠીયાએ જણાવ્યું છે કે, આજની ખાસ સભામાં અધ્યક્ષ સ્થાનેથી કે કમિશનર દ્વારા કોઈ પણ 'અરજન્ટ દરખાસ્ત' રજૂ કરવી એ નિયમ વિરુદ્ધ છે. જીપીએમસી એક્ટની જોગવાઈઓનો હવાલો આપતા તેમણે ઉમેર્યું કે, ખાસ સભામાં માત્ર એજન્ડા પરની આઈટમ સિવાય અન્ય કોઈ બાબતની ચર્ચા થઈ શકે નહીં. જો નિયમ વિરુદ્ધ જઈને કોઈ દરખાસ્ત રજૂ કરવામાં આવશે, તો વિપક્ષ દ્વારા ન્યાયિક પ્રક્રિયા (કોર્ટ કાર્યવાહી) હાથ ધરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

બીજી તરફ, કમિશનરને પાઠવેલા પત્રમાં વશરામ સાગઠીયા અને કોર્પોરેટર કોમલબેન ભારાઈએ વોર્ડ નંબર ૮ માં આવેલા પંચવટી સોસાયટી શેરી નંબર ૨ માં બની રહેલા એક બંગલાના બાંધકામ સામે ગંભીર ફરિયાદ કરી છે. પત્રમાં આક્ષેપ કરાયો છે કે, બગીચાની બાજુમાં બની રહેલ આ બંગલામાં પ્લાન વિરુદ્ધ માર્જિન અને પોર્ચમાં ગેરકાયદે બાંધકામ થઈ રહ્યું છે.

વિપક્ષે વધુમાં ચોંકાવનારો આક્ષેપ કરતા જણાવ્યું છે કે, સ્થળ પરની તપાસ અને મજૂરો સાથેની વાતચીત મુજબ આ બંગલો મનપાના એક મોટા પદાધિકારી (ચેરમેન)નો હોવાનું જાણવા મળ્યું છે. ''નિયમ બધા માટે સરખો હોવો જોઈએ'' તેમ જણાવી વિપક્ષે આ ગેરકાયદે બાંધકામ તાત્કાલિક અટકાવી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે.



# મેયરના ૨.૫ વર્ષના કાર્યકાળમાં અઢી હજાર કરોડના પ્રકલ્પો સાથે શહેરની કાયાપલટ

## ''અવિરત વિકાસની મશાલ, ગતિશીલ રાજકોટ'': છેવાડાના માનવીને પાયાની સુવિધાથી લઈને આધુનિક સ્માર્ટ સિટીના નિર્માણ સુધીની ઐતિહાસિક સફર

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના મેયર તરીકેના ૨.૫ (અઢી) વર્ષના કાર્યકાળ દરમિયાન શહેરના સર્વાંગી વિકાસ અને આંતરમાળખાકીય સુવિધાઓની એક અભૂતપૂર્વ હારમાળા સર્જાઈ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટ આજે માત્ર સૌરાષ્ટ્રનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતનું એક અગ્રેસર ગ્રોથ એન્જિન બનીને ઉભરી આવ્યું છે. ૨૦ લાખથી વધુની વસ્તી અને ૧૬૧.૮૬ ચો.કિ.મી.માં વિસ્તરેલા રંગીલા રાજકોટ માટે વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ કદ રૂ. ૩૬૦૪.૯૦ કરોડ સુધી પહોંચ્યું છે, જે શહેરની તેજ ગતિએ વધી રહેલી સમૃદ્ધિની સાક્ષી પૂરે છે.



**પર્યટન અને પર્યાવરણના નવા નજરાણા**

મેયરના કાર્યકાળમાં રાજકોટવાસીઓને મનોરંજન અને પ્રકૃતિની અણમોલ ભેટ મળી છે. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રૂ. ૧૩૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલું 'અટલ સરોવર' અને એમ્યુઝમેન્ટ પાર્ક આજે સમગ્ર સૌરાષ્ટ્ર માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ ઉપરાંત, ૪૭ એકરમાં ફેલાયેલું 'રામ વન' (અર્બન ફોરેસ્ટ) જ્યાં ૬૦ હજાર વૃક્ષો લહેરાઈ રહ્યા છેઅને ૧૩૭ એકરમાં વિસ્તરેલું પ્રધુમન પાર્ક ઝૂ શહેરની ગ્રીનરીમાં વધારો કરી રહ્યા છે. આગામી સમયમાં લાયન સફારી પાર્કની સુવિધા પણ ટૂંક સમયમાં ઉપલબ્ધ બનશે.

નાગરિકોના જીવનધોરણને ઊંચું લાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રેલનગર અને અન્ય વિસ્તારોમાં ૩૩૦૦થી વધુ સુવિધાયુક્ત આવાસોની ફાળવણી કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા કરવામાં આવી છે. મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારોને પોતાનું ઘરનું ઘર મળતા હજારો પરિવારોના સપના સાકાર થયા છે. વહીવટી સરળતા માટે વોર્ડ નં. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ માટે રૂ. ૨૭.૫૮ કરોડના ખર્ચે નવી 'સાઉથ ઝોન ઓફિસ'નું નિર્માણ કાર્ય પ્રગતિમાં છેઅને નવી સેન્ટ્રલ ઝોન ઓફિસની પણ મંજૂરી મળી ચૂકી છે.

રાજકોટને પ્રદૂષણમુકત બનાવવાના સંકલ્પ સાથે શહેરમાં ૧૩૮ ઈલેક્ટ્રિક બસો અને ૧૦૦ સી.એન.જી. બસો મળી કુલ ૨૩૮ બસો કાર્યરત કરવામાં આવી છે. ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગને સજ્જ કરવા માટે કરોડોના ખર્ચે નવા ફોમ ટેન્ડર, મિની ફાયર ફાઈટર અને વોટર બાઉઝર વાહનો ફાળવવામાં આવ્યા છે. નાગરિકોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે આધુનિક કોલ સેન્ટર અને શોર્ટ કોડ ૧૫૫૩૦૪ લોન્ચ કરવામાં આવ્યો છે.

આજી-૧ ડેમ ખાતે ૭૫ એમ.એલ.ડી.નો નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, પેડક રોડને ગૌરવપથ તરીકે વિકસાવવો અને મહારાણા પ્રતાપ કોમ્યુનિટી હોલનું રિડેવલપમેન્ટ જેવા અનેક પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.

### આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સુધારા

શહેરના ખૂણે-ખૂણે આરોગ્ય સેવા પહોંચાડવા માટે ૪૩ જેટલા 'હેલ્થ અને વેલનેશ સેન્ટર' શરૂ કરવામાં આવ્યા છે. કિડનીના ગંભીર રોગોથી પીડાતા દર્દીઓ માટે મનપાના ૦૪ આરોગ્ય કેન્દ્રો પર નિઃશુલ્ક ડાયાલિસિસની સુવિધા ઉપલબ્ધ કરાવીને માનવીય અભિગમ દાખવવામાં આવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે પણ ભગવતીપરામાં રૂ. ૧૯.૩૮ કરોડના ખર્ચે આધુનિક હાઈસ્કૂલ અને વિવિધ વોર્ડમાં લાઈબ્રેરીઓ તથા વિદ્યાર્થી વાંચનાલયોની સુવિધા શરૂ કરવામાં આવી છે.

મેયરશ્રીએ આ સફળતાનો શ્રેય રાજકોટની જનતાના સાથ-સહકાર અને સરકારના પ્રોત્સાહક અભિગમને આપતા વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે રાજકોટ આગામી સમયમાં વિશ્વના શ્રેષ્ઠ રહેવાલાયક શહેરોની યાદીમાં સ્થાન મેળવશે.

# ક્રાઈસ્ટ કોલેજમાં જોબફેરઃ ૧૦૭ કંપનીઓની હાજરીમાં ૧૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ આપ્યા ઈન્ટરવ્યુ

## ફાધર જોમન થોમન્નાએ સફળ ઉમેદવારોને પાઠવ્યા અભિનંદન ભવિષ્યમાં વધુ ભવ્ય આયોજનોનો આપ્યો કોલ

### યોગ્ય માર્ગદર્શન યુવાનોના પ્રગતિની નવી દિશાઓ ખોલશેઃ ડાયરેક્ટર ડૉ. ફાધર જોમન થોમન્ના



ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના ડાયરેક્ટર ડૉ. ફાધર જોમન થોમન્નાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતના સૌથી મોટા જોબ ફેરના માધ્યમથી મોટી સંખ્યામાં પ્રતિષ્ઠિત કંપનીઓ અને ઉત્સાહી વિદ્યાર્થીઓને એક જ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. આ આયોજનની મુખ્ય વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોના ઈન્ટરવ્યુ માટે અલગ-અલગ સ્થળે ભટકવું નહીં પડે, પરંતુ એક જ છત્ર નીચે તેમને રોજગારીની અનેક તકો પ્રાપ્ત થશે. યોગ્ય માર્ગદર્શન અને સચોટ પ્લેટફોર્મ દ્વારા યુવાનો માટે પ્રગતિની નવી દિશાઓ ખોલવાનો આ નમ્ર પ્રયાસ ખરેખર પ્રશંસનીય છે, જે આવનારા સમયમાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ અને સફળ ભવિષ્ય માટે અત્યંત આશાસ્પદ સાબિત થશે.



**અબતક, રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે દીવાદાંડી સમાન કાર્યરત ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસ અને નેશનલ એમ્પ્લોયમેન્ટ સર્વિસીસના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના સૌથી મોટા અને ભવ્ય સ્ટુડન્ટ્સ જોબ ફેસ્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા ઈવેન્ટમાં ૧૦૭ જેટલી નામાંકિત કંપનીઓએ ભાગ લીધો હતો, જ્યારે ૧૪૩૮થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર જોડાઈને પોતાની કારકિર્દી માટેના ઈન્ટરવ્યુ આપ્યા હતા. નવી શિક્ષણ નીતિના મૂલ્યોને અનુસરીને વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરતા પહેલા જ વૈશ્વિક કંપનીઓમાં રોજગારીની તક પૂરી પાડવાનો આ સંસ્થાનો મુખ્ય ધ્યેય રહ્યો છે.

આ અવસરે મુખ્ય મહેમાન તરીકે રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર અને અગ્રણી ચેતનભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાના વ્યવહારુ જ્ઞાન અને સફળ

(અનુ. આઠમા પાને)

### આવા આયોજનો રોજગારી જ નહીં, યુવાનોના આત્મવિશ્વાસમાં વધારો કરે ડો. માધવ દવે



રાજકોટમાં કાઈસ કોલેજ દ્વારા આયોજિત ભવ્ય જોબ ફેર અંગે શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવ દવેએ 'અબતક' સાથેની વાતચીતમાં હર્ષ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ૧૦૭થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓની ઉપસ્થિતિમાં યોજાયેલો આ મેળો ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે નવી આશા અને ઉજ્જવળ તકો લઈને આવ્યો છે. વિદ્યાર્થીઓને સ્થળ પર જ ઈન્ટરવ્યુ આપીને તુરંત નોકરી મેળવવાની જે તક મળી છે તે ખરેખર પ્રશંસનીય છે. આવા આયોજનો માત્ર રોજગારી જ નહીં, પણ યુવાનોના આત્મવિશ્વાસમાં પણ વધારો કરે છે, જે બદલ કોલેજની આ પહેલ ખરેખર સરાહનીય અને પ્રેરણાદાયક છે.

### જોબ ફેરનું સંચાલન અત્યંત પ્રશંસનીયઃ રુચિકા ટેકવાણી



રુચિકા ટેકવાણીએ આયોજનના વખાણ કરતા જણાવ્યું હતું કે, આ જોબ ફેરનું સંચાલન અત્યંત પ્રશંસનીય છે. ખાસ કરીને એચઆર અને ફાઈનાન્સ જેવા વિવિધ ક્ષેત્રોની અનેક કંપનીઓની ઉપસ્થિતિને કારણે વિદ્યાર્થીઓને પોતાની પસંદગીના ક્ષેત્રમાં કરિયર ઘડવાની બહોળી તકો મળી રહી છે. આ પ્રકારના પ્લેટફોર્મ વિદ્યાર્થીઓને સાચી દિશા આપી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પથદર્શક સાબિત થાય છે.

### જોબફેર વિદ્યાર્થીઓ માટે કરિયરની નવી તકો ઊભી કરવામાં મદદરૂપઃ એચઆર ભાર્ગવીબેન



ટાઈલ્સ વાલા ગ્રુપના એચઆર ભાર્ગવીબેને અબતક સાથેની વાતચીતમાં જોબ ફેરના આયોજનને બિરદાવતા જણાવ્યું હતું કે, આ પ્લેટફોર્મ દ્વારા કંપનીઓને યોગ્ય પ્રતિભા ધરાવતા ઉમેદવારો મળી રહ્યા છે. તેમણે ઉમેર્યું કે, અત્યાર સુધીમાં ૫૦થી વધુ ઉત્સાહી વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ પ્રકારનું સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કંપનીઓ માટે યોગ્ય મેનપાવર મેળવવામાં અને વિદ્યાર્થીઓ માટે કરિયરની નવી તકો ઊભી કરવામાં અત્યંત મદદરૂપ સાબિત થાય છે.

# જે.કે. શાહ ક્લાસીસના વિદ્યાર્થીઓએ સીએ ફાઉન્ડેશન કોર્ષમાં ડંકો વગાડયો

## ૨૩ માર્ચથી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે ફ્રી વર્કશોપ : અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા સીએ ફાઉન્ડેશનના પરિણામોમાં રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં 'જે.કે. શાહ ક્લાસિસ'ના વિદ્યાર્થીઓએ અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. સમગ્ર ભારતભરમાંથી ૧ લાખથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓએ આ કઠિન પરીક્ષા આપી હતી, જેમાં રાજકોટ કેન્દ્રના દેવેન માંડવીયાએ ૪૦૦માંથી ૩૩૨ માર્ક્સ જેવો જ્વલંત સ્કોર મેળવીને સૌરાષ્ટ્ર અને રાજકોટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ પરિણામોએ ફરી એકવાર સાબિત કર્યું છે કે પ્રોફેશનલ કોર્સમાં યોગ્ય માર્ગદર્શન અને સખત મહેનત હંમેશા સફળતાના શિખરો સર કરાવે છે.

માત્ર પ્રથમ ક્રમ જ નહીં, પરંતુ ટોચના પાંચમાં પણ જે.કે. શાહ કલાસિસના વિદ્યાર્થીઓએ પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે. સંસ્થાના વિદ્યાર્થી બિરેન રાજવીરે ૩૨૯ માર્ક્સ સાથે દ્વિતીય ક્રમ અને રિશી લાઠીયાએ ૩૧૯ માર્ક્સ મેળવીને તૃતીય ક્રમ પ્રાપ્ત કરી સૌરાષ્ટ્રનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત, મિસરી પરસાણાએ ૩૧૧ માર્ક્સ અને કૌશલ સાદદિયાએ ૩૦૬ માર્ક્સ મેળવીને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ તમામ વિદ્યાર્થીઓની સિદ્ધિએ રાજકોટને એજ્યુકેશન હબ તરીકેની એક નવી ઓળખ આપી છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે.


તસવીરઃ કરણ જોગલ

ભવ્ય સફળતા બાદ 'અબતક' મીડિયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા જે.કે. શાહ ક્લાસિસના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, આ પરિણામ માત્ર વિદ્યાર્થીઓની મહેનતનું જ નહીં, પણ સંસ્થાના અનુભવી પ્રોફેસરો દ્વારા આપવામાં આવતા સચોટ માર્ગદર્શનનું પરિણામ છે. વિદ્યાર્થીઓને પરીક્ષાના ડરથી મુક્ત કરી પદ્ધતિસરનું મટીરિયલ અને શિસ્તબદ્ધ મેનેજમેન્ટ પૂરી પાડવાની જહેમતને કારણે આ સફળતા મળી છે. નોંધનીય છે કે, છેલ્લા ૫ વર્ષમાં રાજકોટની શાખામાંથી ૭૫થી વધુ વિદ્યાર્થીઓએ ૩૦૦થી વધુ માર્ક્સ મેળવ્યા છે, જે સંસ્થાની શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

જે.કે. શાહ કલાસિસ આજે માત્ર ગુજરાત પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર ભારતભરમાં ૧૨૦થી વધુ શાખાઓ ધરાવતું એક વિશાળ શૈક્ષણિક નેટવર્ક બની ચૂક્યું છે. હજારો વિદ્યાર્થીઓને સીએ, સીએસ, સીએમએ અને એસીસીએ જેવા વૈશ્વિક કક્ષાના પ્રોફેશનલ કોર્સમાં સફળતા અપાવીને આ સંસ્થાએ પોતાની અલગ છાપ ઊભી કરી છે. ઈન્ટર અને ફાઈનલ લેવલ સુધી વિદ્યાર્થીઓને આંગળી પકડીને સફળતાના દ્વાર સુધી પહોંચાડવામાં આ ક્લાસિસનું મેનેજમેન્ટ અને ફેકલ્ટી હંમેશા અગ્રેસર રહે છે.

### ૫ વર્ષમાં ૭૫થી વધુ વિદ્યાર્થીઓએ ૩૦૦+ માર્ક્સ મેળવી શિક્ષણની ગુણવત્તા સાબિત કરી, દેવેન માંડવીયા ૩૩૨ માર્ક્સ સાથે સૌરાષ્ટ્રમાં પ્રથમ

ધોરણ ૧૨ની પરીક્ષા આપ્યા બાદ જે વિદ્યાર્થીઓ કોમર્સ ક્ષેત્રના ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચવા માંગે છે, તેમના માટે સંસ્થા દ્વારા આગામી ૨૩ માર્ચથી એક વિશેષ 'ફ્રી વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપમાં સીએ, સીએસ, સીએમએ યુએસએ અને એસીસીએ જેવા કોર્સ અંગે ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ આ તકનો લાભ લેવા માંગતા હોય તેઓ રજિસ્ટ્રેશન માટે ૮૭૩૫૮૧૦૯૯૫ અથવા ૮૮૬૬૯૯૫૮૦૫ પર સંપર્ક કરી શકે છે. સફળ થયેલા તમામ વિદ્યાર્થીઓને જે.કે. શાહ કલાસિસ અને સમગ્ર શિક્ષણ જગત દ્વારા ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# જે.જે. કુંડલિયા કોલેજના આંગણે કલા અને પ્રતિભાનો સંગમ, ૨૪ સાંસ્કૃતિક કૃતિઓએ જમાવ્યું આકર્ષણ

## જે. જે. કુંડલિયા કોલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમ સંપન્ન, ૫૦ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર એનાયત

**અબતક, રાજકોટ**

રાજકોટના વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શકિતઓને પ્રોત્સાહન આપવાના હેતુથી જે. જે. કુંડલિયા આર્ટસ, કોમર્સ એન્ડ બી.બી.એ. કોલેજ દ્વારા ૫૪મો વાર્ષિકોત્સવ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન-૨૦૨૬નું બાલભવનના નરભેરામ પાનાચંદ હોલ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૫૦ જેટલા વિદ્યાર્થીઓને ટ્રોફી, શીલ્ડ અને અંદાજે રૂા. ૧,૫૦,૦૦૦થી વધુની રોકડ રકમ પુરસ્કાર સ્વરૂપે એનાયત કરવામાં આવી હતી. સ્વાગત પ્રવચનમાં ડો.





યજ્ઞેશભાઈ જોષીએ વિદાય લેતા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી બદલાતી ટેકનોલોજી સાથે તાલ મિલાવવા આહવાન કર્યું હતું, જ્યારે સંસ્થાના સેક્રેટરી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ યુવા અવસ્થામાં સખત મહેનત કરી મોટી સિદ્ધિઓ હાંસલ કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભાવનગર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. ભરતભાઈ રામાનુજે કોલેજની પ્રવૃત્તિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ માત્ર જ્ઞાન જ નહીં પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નેતૃત્વ ક્ષમતા ખીલે તેવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ. તેમણે ખાસ નોંધ્યું હતું કે આ એક એવી સંસ્થા છે જે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે મોટી રકમની રોકડ પુરસ્કાર આપે છે, જે ખૂબ જ આવકારદાયક છે. કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને મુખ્યમંત્રી કાર્યાલયના પૂર્વ પીઆરઓ હિતેષભાઈ પંડ્યાએ પોતાના કોલેજ કાળના સ્મરણો તાજા કરી સંસ્થાના ફાળાને યાદ કર્યો હતો. આ અવસરે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા સહિતના મહાનુભાવો અને વિવિધ

(અનુ. આઠમા પાને)

# રેલવે સુરક્ષા માટે યોગદાન બદલ રાજકોટ ડિવિઝનના ૭ રેલવે કર્મચારીઓનું કરાયું સન્માન

## ફરજ દરમ્યાન સતર્કતાથી અકસ્માત નીવારનારની કદર કરાય



**અબતક, રાજકોટ**

રાજકોટઃ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સેફ્ટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સાત રેલવે કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના દ્વારા આજે ડીઆરએમ ઓફિસ, રાજકોટના કોન્ફરન્સ હોલમાં પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વીજળી (ટ્રેકશન) વિભાગના આ કર્મચારીઓને નવેમ્બર ૨૦૨૫, ડિસેમ્બર ૨૦૨૫ અને જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ફરજ પર અસાધારણ સતર્કતા અને જવાબદારી દાખવી સંભવિત રેલ અકસ્માતો અટકાવવામાં મહત્વની ભૂમિકા ભજવવા બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું.

સન્માનિત થનારા કર્મચારીઓમાં હિતેશ કુમાર ગઢિયા (સીનિયર સેક્શન એન્જિનિયર, લોકો ટ્રિપ શેડ, હાપા), જગદીશ પ્રસાદ સાહુ (લોકો પાયલટ, રાજકોટ), મિતેશ પી. વાઘેલા (લોકો પાયલટ, રાજકોટ), જયદીપ પીઠવા (લોકો પાયલટ, રાજકોટ), પ્રકાશ દાસ (લોકો પાયલટ, ગુડ્સ, હાપા), સુનિલ કુમાર યાદવ (લોકો પાયલટ, ગુડ્સ, સુરેન્દ્રનગર) તથા સીતારામ ઘાસવા (લોકો પાયલટ, ગુડ્સ, હાપા)ને સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ કર્મચારીઓએ ફરજ દરમિયાન સતર્કતા દાખવી ઘણી

(અનુ. આઠમા પાને)

# વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા પ્રતિભાશાળી મહિલાઓનું 'નારી રત્ન એવોર્ડ' થી સન્માન

## બ્રહ્માકુમારી અંજુ દીદી સહિત પાંચ વિભૂતિઓને નિવાસસ્થાને રૂબરૂ મળી એવોર્ડ એનાયત કરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા ૮મી માર્ચ 'વિશ્વ મહિલા દિવસ' નિમિત્તે શહેરની પાંચ પ્રતિભાશાળી મહિલાઓને 'નારી રત્ન એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવી હતી. "યત્ર નારી પૂજ્યતે રમન્તે તત્ર દેવતા"ની ઉકિતને સાર્થક કરતા આ આયોજનમાં સંસ્થાના સભ્યોએ સેવા, શિક્ષણ, સંગીત અને સાહિત્ય જેવા વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર નારી રત્નોના નિવાસસ્થાને રૂબરૂ જઈને પરંપરાગત રીતે સન્માન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં સ્ત્રી શકિતના પ્રદાનને બિરદાવવાનો અને નવી



પેઢીને પ્રેરણા આપવાનો રહ્યો હતો.

આ વર્ષે સન્માનિત થનાર મહાનુભાવોમાં આધ્યાત્મિક ક્ષેત્રે હજારો લોકોને વ્યસનમુક્ત કરનાર બ્રહ્માકુમારી અંજુ દીદી, શિક્ષણ ક્ષેત્રે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પન્નાબેન પંડ્યા, અને દ્રષ્ટિની ખામી છતાં શિક્ષણ-સંગીતમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર ડો. ધ્વનિ વચ્છરાજાનીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઓજસ્વીની ફાઉન્ડેશન દ્વારા નારી ઉત્કર્ષ માટે કાર્યરત બહુમુખી પ્રતિભા ધરાવતા હેમલબેન દવે તથા આકાશવાણીના પૂર્વ કેન્દ્ર નિયામક અને સાહિત્યકાર ડો. ગીતાબેન ગીડાનું પણ ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું. તમામ બહેનોને કુમકુમ તિલક, ખેસ, સ્મૃતિચિહ્ન, પુસ્તક સેટ અને શાલ ઓઢાડીને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા.

આ ગૌરવવંતા અવસરે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

(અનુ. આઠમા પાને)

# પોસ્ટલ રીજીયન દ્વારા મહિલા દિને નારી રત્નોનું કરાયું સન્માન

## પોસ્ટલ રીજીયનના પોસ્ટમાસ્ટર જનરલ પવન કુમાર દાલમિયાની આગેવાનીમાં ટપાલ વિભાગમાં સેવા આપતી મહિલાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજકોટ પોસ્ટલ રીજીયનના પોસ્ટમાસ્ટર જનરલ પવન કુમાર દાલમિયાની આગેવાની હેઠળ એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલા આ સમારોહમાં ટપાલ વિભાગમાં



નિષ્ઠાપૂર્વક સેવા આપતી મહિલા ટપાલીઓ અને કર્મચારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગની સ્મૃતિમાં એક 'સ્પેશિયલ કેન્સલેશન' નું વિમોચન કરવામાં આવ્યું હતું તથા મહિલા કર્મચારીઓ માટે યોજાયેલી વિવિધ રમતગમત સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સહાયક નિદેશક પાયલ મહેતાએ પ્રાસંગિક પ્રવચન દ્વારા સૌનું સ્વાગત કર્યું હતું.

આ અવસરે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ઉદ્યોગસાહસિક મીનાબેન પટેલ, પર્વતારોહક પૂજાબેન જોષી, સાયકલિસ્ટ આરતીબેન ચાપાણી અને શિક્ષિકા તેજલબેન મહેતાએ પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કરી મહિલાઓને દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહેવા આહવાન કર્યું હતું. પોસ્ટમાસ્ટર જનરલ પવન કુમાર દાલમિયાએ ટપાલ સેવાઓને મજબૂત બનાવવામાં મહિલાઓની ભૂમિકાને બિરદાવતા વિભાગની મહિલા સશક્તિકરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતે આભાર વિધિ ઓફિસ આસિસ્ટન્ટ દિવ્યાબા ગોહિલ દ્વારા કરવામાં આવી હતી, જેમાં ટપાલ વિભાગના અનેક અધિકારીઓ અને કર્મચારીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

# વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજમાં સ્પોર્ટ્સ ફેસ્ટિવલ 'સ્પીરીટ-૨૦૨૬'નો દબદબો

## ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ૬ આઉટડોર રમતોમાં બતાવ્યું કૌશલ્ય, ૧૬ ખેલાડીઓની ઓલ ઈન્ડિયા યુનિ. ગેમ્સ માટે પસંદગી




**અબતક, રાજકોટ**

વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે આઉટડોર સ્પોર્ટ્સ ફેસ્ટિવલ "સ્પીરીટ-૨૦૨૬" નું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ડો. નરેન્દ્રભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્ઘાટન પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, વી.વી.પી. દર વર્ષે વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ માટે શિયાળામાં આઉટડોર અને ચોમાસામાં ઈન્ડોર સ્પોર્ટ્સનું આયોજન કરે છે. આ વર્ષે આઉટડોર ફેસ્ટિવલમાં ક્રિકેટ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી કુલ ૬ રમતોમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંસ્થા માટે ગૌરવની બાબત એ રહી કે આ વર્ષે વી.વી.પી.ના કુલ ૧૬ વિદ્યાર્થીઓની પસંદગી ઓલ ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ માટે થઈ છે. આ તમામ પ્રતિભાસશાળી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થા તરફથી ખાસ ટ્રેકસૂટ અને શૂઝ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે અગાઉ યોજાયેલ ઈન્ડોર સ્પોર્ટ્સ ફેસ્ટિવલના વિજેતાઓને પણ ઈનામો આપીને નવાજવામાં આવ્યા હતા. ટ્રસ્ટીઓએ ખેલાડીઓને રમતગમત દ્વારા સજ્જતા કેળવવા પ્રેરણા આપી હતી.

સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં વિવિધ વિભાગો વચ્ચે રમાયેલી સ્પર્ધાઓમાં આઈ.ટી. અને કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટનો દબદબો જોવા મળ્યો હતો. બોયઝ ક્રિકેટમાં આઈ.ટી. વિભાગ વિજેતા અને કોમ્પ્યુટર વિભાગ રનર્સઅપ રહ્યો હતો, જ્યારે ગર્લ્સ ક્રિકેટમાં સિવિલ વિભાગે બાજી મારી હતી. વોલીબોલ અને બાસ્કેટબોલની વિવિધ શ્રેણીઓમાં કોમ્પ્યુટર, આઈ.ટી. અને બી.ટી. ડિપાર્ટમેન્ટના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી વિજેતા અને રનર્સઅપના ટાઈટલ મેળવ્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ કમિટીના કન્વીનર પાર્થ દેલવાડીયા અને કો-કન્વીનર કુંજનભાઈ ભંડેરીએ જહેમત ઉઠાવી હતી. આ ટીમમાં શ્યામભાઈ પુરોહિત, રીટાબેન વાછાણી, ભાવેશભાઈ રાવલ, તેજસભાઈ ગુંદીગરા, કેતનભાઈ પરમાર, પૂજાબેન ઓઝા, વૃંદાબેન દવે, રોહિતભાઈ ચાવડા, ગૌરવભાઈ પરમાર, સંજયભાઈ પટેલ અને દિપેનભાઈ વ્યાસ સહિતના

(અનુ. આઠમા પાને)

ધમકી આપનારા વકીલોને શો-કોઝ નોટિસ અપાયા બાદ..

# બાર કાઉન્સિલની ચૂંટણીની મત ગણતરીનો સવારથી પ્રારંભ

## મત ગણતરીમાં કોઈ અવરોધ કે અડચણ ઊભી નહીં કરવા બીસીઆઈની કડક ચેતવણી

**અબતક,રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં તા. ૬ માર્ચે થયેલા મતદાન બાદ ગઈકાલે તા. ૯મીએ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરીયમ ખાતે શરૂ થનાર મતગણતરી મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર અને બે જોઈન્ટ રિટર્નિંગ ઓફિસરોને મળેલી ધમકીના પગલે મોકૂફ રખાયેલી મતગણતરી વકીલો તરફથી ધમકી મળવા મત ગણતરી ગઈ સાંજે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૪ વકીલોને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવતા આજે સવારથી મતગણતરી ચાલુ કરી દેવાઈ છે.

જાણવા મળ્યા મુજબ મતદાનના દિવસે રિટર્નિંગ ઓફિસરો સાથે કેટલાક વકીલો દ્વારા ગેરવર્તન અને ધમકીને લઈ મતગણતરી સ્થળે ફુલપ્રુફ સુરક્ષા અને ગેરવર્તન કરનારા ૧૨ જેટલાં વકીલો વિરૂદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવા સુપ્રીમ કોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈ પાવર્ડ ઈલેકશન કમિટી, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સહિતના સત્તાવાળાઓને પત્ર પાઠવી રિટર્નિંગ ઓફિસરોએ માંગણી કરી હતી. તેમાં પત્રમાં જે ૧૨ વકીલ ઉમેદવારોના નામોનો ઉલ્લેખ કરી આક્ષેપ કરાયા છે તેમને આખરે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ૧૨ વકીલો અને બે ટેકેદાર વકીલોને શો-કોઝ નોટિસ ફટકારી સાત દિવસમાં તેઓનો ખુલાસો માંગવામાં આવ્યો છે.

### શો-કોઝ નોટિસ અપાઈ, તે વકીલ ઉમેદવારો

(૧) અન્સારી આફતાબહુસૈન અલ્તાફહુસૈન
(૨) વાઘેલા પરેશકુમાર હીરાભા
(૩) પઠણ મહંમદઝુબેર અબ્દુલમજીદખાન
(૪) પટેલ કનુભાઈ સોમાભાઈ
(૫) પઠાણ ઝફરખાન શફીકખાન
(૬) વરિયા અરવિંદકુમાર ખેતાભાઈ
(૭) ભરવાડ અનિલ રમણભાઈ
(૮) પરમાર રમેશભાઈ માનાભાઈ
(૯) ચૌહાણ દક્ષા રામકુમાર
(૧૦) પરીખ મનીષા બળદેવભાઈ
(૧૧) મકવાણા ગૌતમ શંકરલાલ
(૧૨) માધુ નરેન્દ્રકુમાર રણમલજી

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આ તમામ વકીલોને મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર કે જોઈન્ટ રિટર્નિંગ ઓફિસરની મતગણતરી પ્રક્રિયામાં કોઈપણ પ્રકારનો અવરોધ કે અડચણ ઉભી નહીં કરવા અને વ્યવસાયિક ગેરવર્તન નહીં દાખવવા પણ કડક ચેતવણી આપી છે.

આમ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા અરજન્ટ ધોરણે કાર્યવાહી કરવામાં આવતાં મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર અને જોઈન્ટ રિટર્નિંગ ઓફિસરો દ્વારા આજે સવારે આઠ વાગ્યાથી ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરીયમ ખાતે વિધિવત બાર કાઉન્સિલની ચૂંટણીની મતદાનની મતગણતરી શરૂ કરી દેવાઈ છે. અત્રે યાદ રહે, મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર એચ.એમ.પરીખ, જોઈન્ટ રિટર્નિંગ ઓફિસર આર.સી.જાની અને મિલન એન.પટેલે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, હાઈ પાવર્ડ ઈલેકશન કમિટી સહિતના સત્તાધીશોને ઉદ્દેશીને લખેલા પત્રમાં મતદાનના દિવસે તા.૯-૩- ૨૦૨૬ના રોજ સાંજે તેમની સાથે ધમકીના ઘટનાક્રમનો ઉલ્લેખ કર્યો હતો.

# ભાગીદારને રકમ ચૂકવવા આપેલો ચેક રીટર્ન કેસમાં રમેશ ચોવટીયા અને ધીરુ કોઠીયાને એક વર્ષની જેલ

## નિકોલ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ભાગીદારી રૂ.૧૪ લાખ એક માસમાં ન ચુકવે તો વધું ૬ માસની સજા

**અબતક,રાજકોટ**

અમદાવાદ સ્થિત શ્રી નિકોલ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ નામે ભાગીદારી પેઢી માંથી છૂટા થયેલા ભાગીદાર ને ગુડવીલની રકમ રૂપિયા ૧૪ લાખ ચૂકવવા આપેલો ચેક રીટર્ન થવાના કેસમાં રમેશ ચોવટીયા અને ધીરુ કોઠીયાને એક વર્ષની સજા અને ચેક મુજબની વળતર ચૂકવવા રાજકોટની અદાલતે હુકમ કર્યો છે.

રાજકોટ ખાતે રહેતા રમેશભાઈ રવજીભાઈ ચોવટીયા એ ધીરુભાઈ શંભુભાઈ કોઠીયા અને નરેશ ભોળાભાઈ વાવડીયા સાથે અમદાવાદ સ્થિત શ્રી નિકોલ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ના નામે ભાગીદારીમાં વ્યવસાય કર્યા હતો બાદ રમેશભાઈ રવજીભાઈ ચોવટીયા તારીખ ૧૧ વર્ષ ૨૦૨૦ ના રોજ છૂટા થયેલ જે પેટે ભાગીદારી પેઢીમાંથી રમેશભાઈ ચોવટીયાના હિસાબ મુજબની રકમ રૂ.૧૪ લાખ ચૂકવવા ચેક આપ્યો હતો જે ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ બંને ભાગીદારોને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમનો ચૂકવતા અંતે રાજકોટની અદાલતમાં ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરીયાદીના વકિલ દ્વારા કરવામા આવેલ ધારદાર રજૂઆતો અને સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટ અદાલતના ચુકાદાઓ ને ધ્યાને લઈ પ્રિન્સીપાલ એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટએ ધીરુ શંભુભાઈ કોઠીયા અને નરેશ ભોળાભાઈ વાવડીયા ને ૧ વર્ષની સાદી કેદ અને ફરીયાદીને રકમ રૂ.૧૪ લાખનું વળતર જો એક માસમાં ન ચુકવે તો વધું ૬ માસની સજાનો હુકમ કર્યો છે.ફરીયાદી વતી વકીલ તરીકે રાજકોટના રમેશ યુ. પટેલ, મુકતા.આર.પટેલ, કેવિન.એમ. ભંડેરી, એલ.બી.સાવલીયા, હર્ષા વી.ભંડેરી, આદિત્ય આર. ભંડેરી એડવોકેટ અને મદદનીશમાં જય એન. હાલપરા રોકાયેલ હતા.

# હડાળા પમ્પીંગ સ્ટેશને તસ્કર ત્રાટક્યાં : ૭૦ હજારના કોપર વાયરની ચોરી

## ઓપરેટર પંપ ચાલુ કરવા જતાં કોપર વાયર ચોરી થઈ ગયાની જાણ થઈ : કુવાડવા પોલિસેં ગુનો નોંધી તપાસ આદરી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે મોરબી હાઈવે પર આવેલ હડાળા ગામના પાટિયા પાસે હડાળા પમ્પીંગ સ્ટેશન ખાતેથી રૂપિયા ૭૦ હજારના કોપર વાયરની ચોરી થયા અંગે પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર દ્વારા કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

ચોરીના આ બનાવ અંગે નીતિનભાઈ માધુભાઈ ગોઠી(ઉ.વ.૩૪ રહે. સોહમ એવન્યુ પંચવટી સોસાયટી, જામનગર) દ્વારા કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડમાં જામનગર સબ ડીવીઝનમાં નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે નોકરી કરે છે. તેમને રાજકોટ મોરબી રોડ હડાળા ગામના પાટીયા પાસે આવેલ હડાળા પમ્પીંગ સ્ટેશનથી જામનગર સુધીની પાણીની લાઈનની દેખરેખનું કામકાજ કરવાનું હોય છે. હડાળા પમ્પીંગ સ્ટેશનની દેખરેખની કામગીરી રાધે બીલ્ડર્સને સોંપવામાં આવી છે જેઓ પંપની દેખરેખ તથા મેંટેનન્સનું કામ કરે છે જેઓએ હડાળા પમ્પીંગ સ્ટેશનના ઓપરેટર તરીકે અશ્વનીભાઈ રમણીકભાઈ પટેલને તથા બીજા ચાર વ્યકિતઓને ત્યાં ઓપરેટર તરીકે રાધે બીલ્ડર્સ રાખેલ હોય જે સીફટ મુજબ નોકરી કરતા હોય છે.દરમિયાન ગઈ તા. ૦૬/૦૩/૨૦૨૬૨૦૨૬ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ ફરિયાદી જામનગર ખાતે ઓફિસે હતા ત્યારે હડાળા પમ્પીંગ સ્ટેશનના ઓપરેટર અશ્વનીભાઈ રમણીકભાઈ પટેલનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, ગઈ તા.૦૫/૦ ૩/૨૦૨૬ ના રોજ રાત્રીના બારેક વાગ્યા સુધી આઠ નંબરનો પંપ ચાલુ હતો બાદમાં હુ પંપ બંધ કરીને જતો રહ્યો હતો. બાદમાં તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના છ વાગ્યાની આસપાસ હું આઠ નંબરનો પંપ ચાલુ કરવા જતા પંપ ચાલુ થયેલ નહીં જેથી મે તપાસ કરતા આ આઠ નંબરના પંપ સેટનો જંક્શન બોકસથી સમ્પ સુધીનો કોપર વાયર કેબલ જોવામાં આવ્યો ન હતો. કોઈ કાપીને ચોરી કરી જતા રહ્યા છે.

પમ્પીંગ સ્ટેશનના ઓપરેટર આ વાત જણાવતા ફરિયાદી આઠ નંબરના પંપે જઈને જોતા છ મીટરના પાંચ કોપરના વાયરના કટકા કોઈ અજાણ્યા શખસો કાપી જતા રહ્યા હોય જે કોપરના વાયરની અંદાજિત કિંમત જોતા રૂપીયા ૭૦ હજાર જેવી થાય છે જે કોપરના વાયરની કોઈ અજાણ્યો શખસ ચોરી કરીને જતો રહ્યો હોય જેથી આ અંગે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# હાય રે કળીયુગ : 'તું તારૂ વિરાણી ચોકનું મકાન મને આપી દે' કહી જનેતાને ખૂનની ધમકી

## તને તથા તારા દીકરા આશિષને છરીના ઘોદા મારી પતાવી દઈશ કહી પુત્ર રાહુલ બેફામ બન્યો : સરિતાવિહારમાં રહેતા વૃદ્ધાએ ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

કળીયુગ જાણે હવે ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ હવે સંબંધોની કોઈ કિંમત જ ન હોય તેવા બનાવો છાસવારે સામે આવી રહ્યા છે. સંતાનને જન્મ આપી ઉછેરનાર માતાની પણ હવે આ સમયમાં કોઈ જ કિંમત ન હોય તેવા વ્યવહાર સંતાનો કરવા લાગ્યા છે ત્યારે આવા જ એક બનાવમાં સરીતા વિહાર સોસાયટીમાં રહેતાં વૃધ્ધાને અલગ રહેતો પુત્ર મકાન પચાવી પાડવા બેફામ બન્યો હતો અને ફોનમાં માતાને બેફામ ગાળો ભાંડી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે સરીતા વિહાર સોસાયટી પાસે શ્રી હાઉસીંગ સોસાયટીમાં રહેતાં હંસાબેન મહેંદ્રભાઈ ડાભી (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેમના પુત્ર રાહુલ મહેન્દ્ર ડાભીનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ નાના દીકરા આશીષભાઈ તથા તેમના પત્નિ નંદીની સાથે રહે છે, મોટો દીકરો રાહુલ ડાભી જે તેમના પત્નિ અને પરીવાર સાથે અલગ રહે છે.ગઈ રાત્રીના આશરે સવા દશેક વાગ્યેના અરસામા વૃધ્ધા તેમના નાના દીકરા આશીષભાઈના ઘરે હતાં ત્યારે મોટા દીકરા રાહુલ ડાભીનો ફોન આવેલ અને કહેલ કે, તુ તારા વીરાણી ચોક વાળુ મકાન મને આપી દે તેમ કહી ફોનમા બોલાચાલી ઝઘડો કરીને ગાળો આપવા લાગેલો હતો. જેથી દિકરા રાહુલને કહેલ કે, તે મકાન મારા નામનુ છે, તને તે મકાન નહી મળે. તો રાહુલ કહેવા લાગેલ કે, તુ વીરાણી ચોક વાળુ મકાન મને આપી દે જે નહીતર તને તથા તારા દીકરા આશીષને છરીના ઘા ઝીંકી જાનથી મારી નાખીશ તેવી ફોનમા ધમકી આપેલી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ભીલવાસ નજીક યુવાન પર ચાર શખ્સો તૂટી પડ્યા : વાળ પકડી લમધારી નાખ્યો

## જૂના ઝગડાનું સમાધાન કરવા બોલાવી ઢીબી નાખ્યો : આજે તો બચી ગયો, હવે ભેગો થયો મારી નાખીશ કહી ધમકાવ્યો

**અબતક, રાજકોટ**

શહેરના ભીલવાસ પાસે આવેલી નોનવેજ હોટલમાં યુવાનને ચાર શખસોએ લમધારી નાખ્યો હતો. જુના ઝગડાનું સમાધાન કરવા બોલાવી ચારેય શખ્સો તૂટી પડ્યા હતા. બાદ આજે તો તું બચી ગયો હવે ભેગો થઈશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. જે અંગે યુવાનની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

સદર વિસ્તારમાં ઈગલ પેટ્રોલ પંપ પાસે ખાટકીવાસમાં રહેતા સદામ સમશેરભાઈ કાથરોટીયા(ઉ.વ.૨૬) નામના યુવાને પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઈરફાન, રાહુલસિંહ, અરમાનબાપુ અને બીમ્બોના નામ આપ્યા છે.

યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના બે વાગ્યા આસપાસ તે ઘરે હતો ત્યારે યુવાનને તેના ભાઈ સિકંદરનો ફોન આવ્યો હતો અને જણાવ્યુ હતું કે, ઈરફાન પાસે ઉભો છું અને જુના ઝઘડા બાબતે વાત કરવાની છે. જેથી તું ભીલવાસ મેઈન રોડ પર આવેલા મીસ્ટર ચીકન હોટલ પાસે આવ તેવી વાત કરી હતી. જેથી યુવાન હોટલ પાસે પહોંચ્યો હતો. બાદમાં ઈરફાને યુવાનને હોટલની અંદર બોલાવ્યો હતો. જેથી યુવાન હોટલની અંદર ગયો હતો. અહીં જતા ઈરફાને યુવાનના વાંક પકડી લીધા હતાં. બાદમાં રાહુલસિંહ,અરમાનબાપુ અને બીમ્બાએ મળી યુવાનના વાળ પકડી તેને ઢીકાપાટુનો મારમાર્યો હતો. આ શખસોએ યુવાનને બેફામ ગાળો ભાંડી હતી. દરમિયાન અહીં ઉભેલા યુવાનના ભાઈ સિકંદરે વચ્ચે પડી તેને વધુ મારમાંથી બચાવ્યો હતો. યુવાન બહાર ભાગવા જતા બીમ્બાએ કોઈ વસ્તુ તેને મારતા યુવકને આંખ પાસે ઈજા પહોંચી હતી. યુવાન બહાર જતો હતો ત્યારે ઈરફાને કહ્યું હતું કે, આજે તું બચી ગયો હવે ભેગો થઈશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. હુમલામાં ઘવાયેલા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાદમાં તેણે આ અંગે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

# વાવડીની સગીરા દવા લેવા ગયા બાદ ઘરે પરત જ ન આવી

## માતા મજૂરીએથી પરત આવતા પુત્રી લાપતા થયાની જાણ થઈ : અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વાવડીમાં રહેતા મૂળ બિહારના વતની પરિવારની ૧૩ વર્ષની દીકરી બહેન માટે મેડિકલ સ્ટોરે દવા લેવા ગયા બાદ ઘરે પરત ફરી ન હતી. જે અંગે સગીરાના પિતાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે. વાવડીમાં ભાડે રહેતા અને મૂળ બિહારના યુવાને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૩ વર્ષની દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, તે વાવડી આવેલા કારખાનામાં મજૂરીકામ કરે છે.તેને સંતાનમાં ચાર દીકરી અને એક દીકરો છે. મોટી દીકરીના લગ્ન થઈ ચૂક્યા છે. ગઈકાલ બપોરે આશરે બાર વાગ્યા આસપાસ ઘરે જમવા ગયો ત્યારે તેની પત્નીએ જણાવ્યું હતું કે, તે ઘરકામ કરવા ગઈ ત્યારે બધા બાળકો ઘરે હાજર હતા. ઘરે આવીને જોતા ૧૩ વર્ષની દીકરી ઘરે જોવા ન મળતા સૌથી નાની દીકરીને પૂછતા કહ્યું હતું કે, મને માથું દુ:ખતું હોવાથી બહેન મેડિકલે દવા લેવા ગઈ હતી. જે હજુ સુધી ઘરે આવી નથી. આથી માતાએ આસપાસના વિસ્તારમાં અને સગા સંબંધીના ઘરે તપાસ કરી હતી પણ ત્યાંથી પણ દીકરીની કોઈ ભાળ મળી ન હતી. સાંજના પાંચ વાગ્યા સુધીમાં દીકરીના કોઈ સમાચાર ન મળતા આખરે ચિંતાતુર પિતાએ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૩ વર્ષની દીકરી લાપતા થયાની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સીગરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.


**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**

ટેન્ડર નોટીસ જાહેરાત ક્ર.-૩૪/૨૦૨૫-૨૬

રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તથા અન્ય રાજ્યોની જાહેર બાંધકામ ખાતાની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Supplying, Installing, Testing & Commissioning of New Highmast and Electrical Panels works at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૩૨,૫૭,૧૭૧/- | |
| કામની સમયમર્યાદા | ૦૩ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૩૨,૫૭૨/- | |
| ટેન્ડર ફી | રૂ.૨,૯૫૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | 30/03/૨૦૨૬ | ૧૬:00 |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | 30/03/૨૦૨૬ | ૧૮:00 |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૧0/0૪/૨૦૨૬ | ૧૮:00 |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.edu | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ-૧૯૨૪-૨૫-૨૬ કુલસચિવ


# કુવાડવા રોડ પરથી દારૂ ભરેલી કાર સાથે ઉત્સવ અજાગીયા ઝડપાયો

## બી ડિવિઝન પોલીસે દરોડો પાડી રૂ. ૭ લાખના મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર આવેલા મામા સાહેબના મંદિર નજીક કારમાંથી વિદેશી દારૂની ૩૧ બોટલ મળી, રૂ. ૭ લાખના મુદ્દામાલ સાથે ઉત્સવ અજાગીયા નામના બુટલેગરની બી ડિવિઝન પોલીસની ટીમે ધરપકડ કરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, બી ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, શ ૨૦ જી જે ૦૩ એમ એલ ૬૦૯૮ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો છે,અને તે જુના મોરબી રોડ પરથી કુવાડવા રોડ ડી માર્ટ તરફ આવી રહી છે. જેથી બી ડિવિઝન પોલીસની ટીમ કુવાડવા રોડ પર આવેલા મામા સાહેબ ના મંદિર પાસે વચમાં ગોઠવાઈ ગઈ હતી. તે દરમિયાન બાતમી મળેલી કાર ત્યાંથી પસાર થતા તેને અટકાવી તલાસી લેતા, તેમાંથી વિદેશી દારૂની ૩૧ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ, કાર અને મોબાઈલ મળી રૂ. ૭ લાખના મુદ્દામાલ સાથે કોઠારીયા રોડ પર આવેલા ન્યુ ગણેશ નગર શેરી નંબર ૪ માં રહેતો ઉત્સવ કનૈયાલાલ અજાગીયા નામના બુટલેગરની ધરપકડ કરી છે. ઉત્સવ અગાઉ બે વખત ક્રાઈમ બ્રાન્ચ ના ચોપડે દારૂના કેસમાં સંડોવાઈ ચૂક્યો છે. દરોડા ની કામગીરી બી ડિવિઝન પીએસઆઈ ડી બી ગાધે, હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ કોડીયાતર, કોન્સ્ટેબલ અજયભાઈ ચૌહાણ, વિશાલભાઈ મકવાણા અને હોમગાર્ડના સંદીપભાઈ બારૈયા સહિતના સાથે કરી છે.


**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૧૪/૨૦૨૬

શ્રી હલીમાબેન જુમાભાઈ કઈડા વા/ઓ મામદભાઈ જોબણ ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ત્રાકુડા, તા. ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૨૫/૦૭/૧૯૬૨ ના રોજ ત્રાકુડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૯/૨૦૨૬

શ્રી કિરણબેન કાનજીભાઈ સરવૈયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીથી, કમરકોટડા, તા.ગોંડલ જી. રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા. ૧૨/૧૦/૨૦૦૩ ના રોજ કમરકોટડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમય જરૂરી આધાર-પુરાવા સાથે તા.૫/૩/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે, મામલતદાર કચેરી, તાલુકા સેવા સદન", ૨૧ સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ જો આ મુદ્ધતે અરજદાર આધાર-પુરાવાઓ રજૂ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર સામાવાળા જે કોઈ રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે આજે તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**રેલવે હોસ્પિટલ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા, વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કામ**

| અનું. નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૦ | | | |
| ૧. | (a) રાજકોટ ડિવિઝન :- રેલવે હોસ્પિટલ રાજકોટ ખાતે વિવિધ સુવિધાઓની સુધારણા અને મોડ્યુલર ઓપરેશન થિયેટરનો વિકાસ અને (b) રાજકોટ ડિવિઝન - RDSA ગ્રાઉન્ડના વિકાસના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ. | ૫૦,૮૨,૫૩૭.૦૯/- | ૧,૦૧,૭૦૦/- |
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૫૧ | | | |
| ૨. | રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષના સમયગાળા માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પ્સ નું સમારકામ અને જાળવણી કરવાનું કામ. | ૭૧,૮૪,૪૬૫.૫૦/- | ૧,૪૩,૭૦૦/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ તા. ૩૦-૦૩-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુ :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ૫ રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-209

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં. ૧૫/૨૦૨૬

શ્રી અમીનાબેન અભરામભાઈ કઈડા વા/ઓ હાસમભાઈ પતાણી ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ત્રાકુડા, તા.ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૦૭/૦૯/૧૯૬૫ ના રોજ ત્રાકડા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૨૯/૨૦૨૬

શ્રી સંજયભાઈ ચુનીભાઈ નરોડીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોંડલ. જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદી-સ્વ.ખતીજાબેન મુસાભાઈ પતાણીનું તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ હડમતાળા મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૩૫/૨૦૨૬

શ્રી સંજયભાઈ ચુનીભાઈ નરોડીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, દેરડી (કુંભાજી), તા. ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના માતૃશ્રી-સ્વ.વિજયાબેન ચુનીભાઈ નરોડીયાનું તા. ૧૧/૧૧/૨૦૦૨ ના રોજ દેરડી (કુંભાજી) મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે. મામલતદાર કચેરી, 'તાલુકા સેવા સદન', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)



**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૮/૨૦૨૬

શ્રી નિલેશકુમાર મંગાભાઈ ખિમસુરીયા ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, મોટામહીકા, તા.ગોંડલ, જી.રાજકોટ ..........સામાવાળા

વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા.૨૪/૦૮/૧૯૮૫ના રોજ મોટામહીકા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

તંત્રી લેખ

# ટ્રમ્પનું એક એલાન અને અસર વિશ્વભરમાં

છેલ્લા ઘણા સમયથી મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિએ આખી દુનિયાને ચિંતામાં મૂકી દીધી હતી. પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કેટલીકવાર માત્ર એક નિવેદન સમગ્ર ચિત્ર બદલી નાખવાની તાકાત ધરાવતું હોય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી એક જાહેરાતે વિશ્વભરના રાજકીય અને આર્થિક સમીકરણો રાતોરાત બદલી નાખ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જાહેરાત કરી છે કે ઈરાન સાથેનું યુદ્ધ હવે બહુ જલ્દી સમાપ્ત થવા જઈ રહ્યું છે. આ સાથે જ તેમણે તેહરાનને કડક ચેતવણી પણ આપી છે કે તેઓ કોઈપણ પ્રકારની નવી ચાલાકી કે અટકચાળો કરવાનો પ્રયાસ ન કરે. ટ્રમ્પની આ સીધી અને સ્પષ્ટ ચેતવણીએ ઈરાનના આક્રમક વલણ પર લગામ કસવાનું કામ કર્યું છે અને વિશ્વને એક મોટો સંદેશ આપ્યો છે.

મધ્ય પૂર્વમાં જ્યારે પણ તણાવ વધે છે, ત્યારે વિશ્વભરના દેશોમાં તેની સીધી અસર જોવા મળે છે. ઈરાન અને અન્ય દેશો વચ્ચેના ઘર્ષણથી વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ જવાનો મોટો ડર રહેલો હતો. પરંતુ ટ્રમ્પના આ એક એલાનથી યુદ્ધના કાળાં વાદળો વિખેરાવા લાગ્યા છે અને વૈશ્વિક સ્તરે શાંતિની એક નવી આશા જન્મી છે.

આ ભૌગોલિક રાજકીય શાંતિની સૌથી મોટી અને સીધી અસર આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલ માર્કેટ પર જોવા મળી છે. યુદ્ધની આશંકાઓને પગલે ક્રૂડ ઓઈલના ભાવમાં જે સટ્ટાકીય ઉછાળો જોવા મળી રહ્યો હતો, તે ટ્રમ્પના નિવેદન બાદ અચાનક શાંત પડી ગયો છે. ક્રૂડ માર્કેટમાંથી ભયનું વાતાવરણ દૂર થતાં જ ભાવોમાં મોટો ઘટાડો નોંધાયો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલો આ ઘટાડો ભારત જેવા વિકાસશીલ અને ક્રૂડની આયાત પર નિર્ભર દેશો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. ક્રૂડ સસ્તું થવાથી મોંઘવારી પર કાબુ મેળવવો સરળ બને છે અને દેશના અર્થતંત્રને મોટી રાહત મળે છે. આમ, અમેરિકાથી આવેલું એક નિવેદન દુનિયાભરના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર સકારાત્મક અસર કરી રહ્યું છે.

ક્રૂડના ભાવ તૂટવાની અને યુદ્ધનો ખતરો ટળવાની સીધી પોઝિટિવ અસર વૈશ્વિક શેરબજારો પર જોવા મળી છે. અમેરિકન બજારોથી લઈને એશિયન અને યુરોપિયન શેરબજારોમાં રોકાણકારોનો ઉત્સાહ વધ્યો છે અને બજારમાં ભારે લેવાલી નીકળતા તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. રોકાણકારોમાં ફરી એકવાર વિશ્વાસનું વાતાવરણ ઊભું થયું છે.

શેરબજારમાં ખાસ કરીને મેન્યુફેક્ચરિંગ, ઓટોમોબાઈલ અને એફએમસીજી જેવા સેક્ટર્સમાં જબરદસ્ત ઉછાળો નોંધાયો છે. કારણ કે ક્રૂડ સસ્તું થવાથી આ તમામ ઉદ્યોગોનો ઉત્પાદન અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ઘટે છે. આમ, એક તરફ યુદ્ધનો ડર દૂર થયો છે અને બીજી તરફ અર્થતંત્રના પૈડાં વધુ ઝડપથી ફરવા લાગ્યા છે.

નિષ્કર્ષમાં કહીએ તો, ડોનાલ્ડ ટ્રમ્પની નિર્ણયશક્તિ અને સ્પષ્ટ વલણ વિશ્વ મંચ પર કેટલો મોટો પ્રભાવ પાડી શકે છે તે આ ઘટના પરથી સાબિત થાય છે. માત્ર એક એલાન અને ઈરાનને આપેલી એક કડક ચેતવણીએ વૈશ્વિક અર્થતંત્રમાં પ્રાણ ફૂંકી દીધા છે. આ દર્શાવે છે કે મજબૂત નેતૃત્વ અને સમયસર લેવાયેલા નિર્ણયો માત્ર એક દેશ પૂરતા સીમિત ન રહેતા, સમગ્ર વિશ્વની દિશા અને દશા બદલી શકે છે.

# મહિલા દિવસે નારી શકિતએ કર્યા આકાશ દર્શન

## શહેરના ૮૫૦થી વધુ મહિલાઓએ ગુરૂ, કૃતિકા નક્ષત્ર અને મૃગ નિહારિકા ટેલિસ્કોપથી નિહાળ્યા








**અબતક,રાજકોટ**

લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે ચાલતી દ્વારા બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા ભારતમાં સર્વ પ્રથમ વખત માત્ર મહિલાઓ સંચાલિત લોક ભોગીય આકાશ દર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો. વિશ્વ મહિલા દિન નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં ચાર ટેલિસ્કોપ દ્વારા ગુરુ ગ્રહ કૃતિકા નક્ષત્ર તેમજ મૃગ નિહારિકા લોકોને બતાવવામાં આવી અને ચારેય ટેલિસ્કોપનું સંચાલન ક્લબના મહિલા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. લગભગ ૮૫૦ લોકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. ચાર ટેલિસ્કોપમાં બે આઠ ઈંચ નો વ્યાસ ધરાવતા ડોબસોનિયન ટેલિસ્કોપ હતા જ્યારે બે આઠ ઈંચ નો વ્યાસ ધરાવતા એસસીટી ટેલિસ્કોપ હતા. સર્વેનું સેટ અપ સંચાલન તેમજ ટીયર ડાઉન મહિલા સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતુંક્લબના મહિલા સભ્યો અંજુ રાણા, બંસરી રાયચુરા, ઈશિતા વેકરિયા, નિમિષા રાજપરા, વિધિ પોબારુ, ઈશા લખલાની, દીવા રાયચુરા, માહી કોટક, હુલસી સેજપાલ અને દિયા સતાસિયા એ સર્વે વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર આયોજન કલબના સંચાલક નિલેશ રાણા દ્વારા કરાયું હતુ.

આકાશ દર્શન સાથે વિવિધ ગ્રહો સાથેનું ખગોળ દર્શનની માહિતી લોકોને મળે તેવા હેતુથી આ કલબ કાર્યક્રમો યોજી રહી છે. ગીરના જંગલોમાં 'સ્ટાર સ્કાય પાર્ટી'નું પણ આયોજન કરવામા આવે છે.

# સાકળચંદ પટેલ યુનિ.ના વિદ્યાર્થીઓ નેશનલ યુથ ફેસ્ટિવલમાં ગજવશે મેદાન

## વેસ્ટ ઝોનમાં દ્વિતીય સ્થાન મેળવ્યા બાદ રાષ્ટ્રીય સ્તરે ચેન્નાઈમાં ગુજરાત રાજયનું કરશે પ્રતિનિધિત્વ



**અબતક, રાજકોટ**

વિસનગર સાકળચંદ પટેલ યુનિ.ના વિદ્યાર્થીઓ પ્રવિવિ ૩૯મું ઈન્ટર યુનિ. નેશનલ યુથ ફેસ્ટિવલ (૨૦૨૫-૨૬) માં ભાગ લેવા માટે ચેન્નાઈ જવા રવાના થયા છે.

આ રાષ્ટ્રીય સ્તિના યુર્થ ફેવસ્ટિલનું આયોજન એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવસિર્ટીઝ દ્વારા કરવામાં આવે છે. જેમાં દેશભરની વિવિધ યુનિવસિટીઓના વિદ્યાર્થીઓ સંગીત, નૃત્ય, નાટ્ય, સાહિત્ય અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પોતાની પ્રતિભા પ્રદશિત કરે છે.

આ પહેલા સાકળચંદ પટેલ યુનિ. ની ટીમે વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી યુથ ફેસ્ટિવલમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને મહત્વપૂર્ણ સિધ્ધિ હાંસલ કરી હતી. આ ઉત્તમ પ્રદર્શનના આધારે હવે ટીમને રાષ્ટ્રીય સ્તરે યોજાતા ઈન્ટર યુનિવર્સિટી નેશનલ યુથ ફેસ્ટિવલ માં ભાગ લેવા માટે પસંદગી મળેલી છે. જે યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે.

આ યુથ ફેસ્ટિવલમાં યુનિવર્સિટીને પ્રતિનિધિત્વ આપનનાર વિદ્યાર્થીઓમાં પ્રિશા અગ્રવાલ - નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, જાની આયુષીબેન નૂતન કોલેજ ઓફ નર્સિંગ, સૃષ્ટિ કૈવલકુમાર પટેલ નરસિંહભાઈ પટેલ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ સહિતનાનો સમાવેશ થાય છે.

યુનિવર્સિટી પરિવાર દ્વારા તમામ પ્રતિભાગીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે. વિદ્યાર્થીઓ ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે ચેન્નાઈ જઈ રહ્યા છે. અને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા પ્રદર્શિત કરી સાકળચંદ પટેલ યુનિ. ને ગૌરવ અપાવશે તેવી આશા વ્યકત કરવામાં આવી છે.

# આર્યા ટ્રસ્ટ દ્વારા 'કલા રંગ સેવા' પ્રોજેકટનો પ્રારંભ

## સરકારી શાળાના છાત્રોને મળશે કલા ટ્રેનિંગનો લાભ



**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે આર્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા એક અનોખી પહેલ કરવામાં આવી હતી. નારાયણ કન્યા પ્રાથમિક શાળાની દીકરીઓમાં રહેલી સર્જનાત્મક પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે આર્ટ, ક્રાફ્ટ અને પેઈન્ટિંગ ક્ષેત્રે નવી શરૂઆત આર્યા કલા રંગ સેવા પ્રોજેક્ટ થી કરવામાં આવી છે.

શાળાની આર્ટ પ્રત્યે રસ ધરાવતી ૬૫ દીકરીઓને પસંદ કરવામાં આવી છે. આ દીકરીઓ માટે દર મહિને એક વખત શનિવારે શાળામાં ૪૫ મિનિટનો વિશેષ આર્ટ ક્લાસ યોજવામાં આવશે. આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ દીકરીઓને મોબાઈલથી દૂર રાખી તેમની અંદરની સર્જનાત્મકતા વિકસાવવાનો, કળા પ્રત્યે અભિરુચિ વધારવાનો તથા કળા દ્વારા એકાગ્રતા અને માનસિક તાણમાંથી મુક્તિ મેળવવાનો છે.

આ પહેલ આર્ય એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભાવના ત્રિભુવનભાઈ કક્કડના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે. રાજકોટના રામા સ્ટુડિયોના માલિક અને કળાપ્રેમી આરતીબેન બાવિશીના સહકારથી આ નવી શરૂઆત મહિલા દિવસના અવસરે કરવામાં આવી હતી.સરકારી શાળાના બાળકોમાં રહેલી કળાને આગળ વધારવાનો પ્રયત્ન આર્ય ટ્રસ્ટ દ્વારા સતત કરવામાં આવી રહ્યો છે. આ પ્રસંગે નારાયણ કન્યા પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ અમૂલભાઈ તેમજ શાળાના શિક્ષકવર્ગનો પણ સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખ દ્વારા નારાયણ કન્યા શાળાના આચાય અને તમામ શિક્ષકો અને કર્મચારીઓના સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને આવા કલા રંગ સેવા ના પ્રોજેક્ટ માં રામા સ્ટુડિયો ના આરતી બેન બાવિશી ની સેવા ભાવના ના સહયોગ બદલ આભાર માનવામાં આવ્યો હતો. આ ઉપરાંત જે કોઈ સરકારી શાળાઓમાં આર્ટમાં રસ ધરાવતા અને પ્રતિભાશાળી બાળકો હોય, તેવી શાળાઓ આર્યા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સાથે મોબાઈલ નંબર ૮૨૦૦૦૪૨૩૩૧ પર સંપર્ક કરવો.

# વોર્ડ નં.૧૮ રીટેઈનિંગ વોલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરાવતા કોર્પોરેટરો



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં કોઠારીયા સ્મશાન પાસે રીટેઈનિંગ વોલ બનાવવાના કામનું ખાતમુહૂર્ત વોર્ડના કોર્પોરેટરીઓ દ્વારા કરવામાં આવ્યો. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, નિલેશભાઈ મુંગરા, ધર્મેશભાઈ કિહોર, પંકજભાઈ દોંગા, નટુભાઈ વાઘેલા, દિપકભાઈ ટાંક, સંસ્કાર પટેલ, પ્રશાંતભાઈ જળુ, જયેશભાઈ લાઠીયા, દિનેશભાઈ કિડીયા, સુરેશભાઈ બોઘાણી, નિલેશભાઈ સોલંકી, સતીષભાઈ સાગઠીયા, રમેશભાઈ સાગઠીયા, રાકેશસિંઘ, રામભાઈ ડાંગર, રવિભાઈ જાદવ, વર્ષાબેન સભાયા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

વર્લ્ડ કિડની ડે અને ડૉ. જીતેન્દ્ર અમલાણીના જન્મદિવસ નિમિત્તે

# યુરોકેર કિડની હોસ્પિટલ દ્વારા ગુરુવારે નિઃશુલ્ક કિડની નિદાન અને મહારક્તદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

આધુનિક જીવનશૈલી અને અનિયમિત આહારને કારણે વધતા કિડનીના રોગો પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી, 'વર્લ્ડ કિડની ડે' અને સીનિયર યુરોલોજિસ્ટ ડૉ. જીતેન્દ્ર અમલાણીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે રાજકોટની પ્રતિષ્ઠિત યુરોકેર કિડની હોસ્પિટલ - રોબોટિક એન્ડ લેઝર સેન્ટર દ્વારા આગામી ૧૨ માર્ચ ૨૦૨૬, ગુરુવારના રોજ નિઃશુલ્ક કિડની અને યુરોલોજી નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં કિડની, પથરી, પ્રોસ્ટેટ, વંધ્યત્વ અને બાળકોમાં જન્મજાત પેશાબની તકલીફો જેવા રોગો માટે ડૉ. જીતેન્દ્ર અમલાણી, ડૉ. જીગેન ગોહેલ, ડૉ. પ્રતીક અમવાણી અને ડૉ. પૂર્તિ કલસરીયા અમવાણી દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન આપવામાં આવશે. એનએબીએચ માન્યતા ધરાવતી આ હોસ્પિટલમાં ઉપલબ્ધ અત્યાધુનિક રોબોટિક અને લેઝર ટેકનોલોજી વિશે પણ દર્દીઓને માહિતગાર કરવામાં આવશે અને જટિલ સર્જરી માટે રાહત દરે સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

સામાજિક જવાબદારીના ભાગરૂપે આ નિદાન કેમ્પની સાથે જ શ્રીમદ્? રાજચંદ્ર ફાઉન્ડેશન ( વિનયભાઈ જસાણી) ના સહયોગથી એક મહારક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલ પ્રશાસન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સમયસરનું નિદાન અને જાગૃતિ જ ગંભીર કિડની રોગોથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે, સાથે જ રક્તદાન દ્વારા અનેક જીવન બચાવી શકાય છે. આથી, રાજકોટ અને સૌરાષ્ટ્ર-કચ્છના જરૂરિયાતમંદ દર્દીઓને વિનંતી છે કે તેઓ પોતાના જૂના રિપોર્ટ્સ સાથે ૧૨ માર્ચના રોજ સવારે ૦૯૦૦ થી બપોરે ૦૧૦૦ દરમિયાન વિધાનગર મેઈન રોડ સ્થિત હોસ્પિટલ ખાતે આ સેવાનો લાભ લે. રજીસ્ટ્રેશન કે વધુ માહિતી માટે દર્દીઓ ૦૨૮૧-૨૪૬૬૯૯૦ અથવા ૯૭૧૨૯ ૭૭૦૯૩ પર સંપર્ક કરી શકે છે.

# જિલ્લા કાનુની સેવા સતા મંડળ દ્વારા નારાયણ કન્યા શાળામાં મહિલા દિવસની કરાઈ ઉજવણી



**અબતક રાજકોટ**

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા નારાયણ કન્યા પ્રાથમિક શાળામાં કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિલા દિવસના અવસરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સાથે પીએલવી તરીકે ફરજ બજાવતા ભાવનાબેન કક્કડ દ્વારા દીકરીઓને કાનૂની જાગૃતિ આપવામાં આવી હતી. દીકરીઓને તેમના અધિકારો, સુરક્ષા તેમજ જીવનમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની પ્રેરણા આપવામાં આવી હતી. સાથે જ દીકરી હોવાનો ગૌરવ અનુભવીને સમાજમાં સુરક્ષિત અને સશક્ત રીતે જીવન જીવવાની સમજ પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય અનિલભાઈ તેમજ શાળાના તમામ શિક્ષકવર્ગનો મહત્વપૂર્ણ સહયોગ રહ્યો હતો. કાર્યક્રમના અંતે તેમના સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે દીકરીઓને કાનૂની સહાય અને સલાહ માટે ઉપલબ્ધ ૧૫૧૦૦ હેલ્પલાઈન વિશે પણ માહિતી આપવામાં આવી હતી, જેથી કોઈપણ વ્યક્તિ જરૂર પડ્યે વિના મૂલ્યે કાનૂની મદદ મેળવી શકે.

# યુવા સેના ટ્રસ્ટ દ્વારા વિશ્વ ચકલી દિને ચકલી માટે માળા -પાણીના કુંડાનું કરાશે વિતરણ

## ટ્રસ્ટ દ્વારા સતત ૧૦ વર્ષથી ઉનાળામાં માળા-કુંડાની અપાયછે સેવા

**અબતક, રાજકોટ**

રાજકોટની સામાજીક સંસ્થા યુવા સેના ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળામાં ચકલીઓના માળા અને પાણીના કુંડા આપવાનો સેવાયજ્ઞ ચલાવાશે.

વિશ્વ ચકલી દિન ઉજવણી પહેલા કોઈને પુઠાના ચકલીના માળા જોઈતા હોય તો યુવા સેના ટ્રસ્ટના કાર્યાલય સેવાભવન, ભોલેનાથ સોસાયટી, શેરી નં. ૪, અંકુર વિદ્યાલય પાસે, ગુરૂપ્રસાદ ચોકની બાજુમાં, સવારે ૯ થી ૧૧, સાંજે ૫ થી ૭ કલાકે પુઠાના ચકલીના માળા તેમજ કુંડા મળી શકશે. આ ઉપરાંત તા. ૨૦-૩-૨૦૨૬, શુક્રવાર ના રોજ વિશ્વ ચકલી દિન ઉજવવામાં આવશે. તે અંતર્ગત તે દિને યુવા સેના ટ્રસ્ટ દ્વારા માયાણી ચોક, બેકબોન શોપીંગ સેન્ટર ચોક, ખાતે સવારે ૯-૩૦ કલાકે વહેલા તે પહેલાના ધોરણે ચકલીના માળા (ચકલીઘર) તેમજ માટીના કુંડાનું વિતરણ કરવામાં આવશે તેમ પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પોસ્ટલ રીજીયન દ્વારા 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી



**અબતક, રાજકોટ**

પવન કુમાર દાલમિયા, પોસ્ટમાસ્ટર જનરલ, રાજકોટ પોસ્ટલ રીજીયન ની આગેવાની હેઠળ આજે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' નિમિત્તે મહિલાઓના યોગદાન અને સિદ્ધિઓને બિરદાવવા માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોસ્ટમાસ્ટર જનરલની કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે આ ગરિમાપૂર્ણ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે ટપાલ વિભાગમાં નિષ્ઠાપૂર્વક સેવા આપતી મહિલા ટપાલીઓ તથા મહિલા કર્મચારીઓ નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી વિવિધ રમતગમત સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ખાસ દિવસની યાદમાં એક 'સ્પેશિયલ કેન્સલેશન'* નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને 'જ્યોતિર્મય ઓવરસીઝ' ના સ્થાપક ઉદ્યોગસાહસિક મીનાબેન પટેલે ઉપસ્થિત મહિલાઓને સંબોધતા જણાવ્યું હતું કે મહિલાઓએ દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત ભાષા શિક્ષક અને પર્વતારોહક પૂજાબેન જોષી , સાયકલિસ્ટ અને રનર આરતીબેન ચાપાણી , તથા શિક્ષિકા તેજલબેન મહેતા એ પોતાના પ્રેરણાદાયી અનુભવો રજૂ કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

આભાર વિધિ સમગ્ર કાર્યક્રમના અંતે ઓફિસ આસિસ્ટન્ટ દિવ્યાબા ગોહિલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દ્વારા ટપાલ વિભાગ અને સમાજમાં મહિલાઓની વધતી જતી ભૂમિકા અને તેમની સમર્પણ ભાવનાને ઉજાગર કરવામાં આવી હતી.

આંતર રાષ્ટ્રીય મહિલા દિવસે

# ખેલો ઈન્ડિયા અસ્મિતા લીગમાં કણસાગરા કોલેજ રસ્સા ખેચમાં બની ચેમ્પીયન



## વિજેતા ખેલાડીઓને ઈનામોથી નવાઝાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વીર સાવરકર ઈન્ડોર સ્ટેડિયમ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તેખેલો ઈન્ડીયા અસ્મીતા લીગ અંતર્ગત રસાખેચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય દ્વારા આયોજિત કરવામાં આવી હતી. મહિલાઓ માટે રમતગમતને પ્રોત્સાહન આપવાના હેતુથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત ૪૫૦ મહિલા ખેલાડીઓ એ ભાગ લીધેલો હતો. રસાખેચ સ્પર્ધામાં કણસાગરા કોલેજની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચેમ્પિયનશિપ મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. રસાખેચની ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓમાં ખાટલિયા બંસરી, ખાટલિયા પાયલ, કડવાતર સ્વાતિ, છીપરિયા ચાંદની, સરવૈયા આરતી, કાજી મુસ્કાન, રાખોલીયા રીવા, સાકરિયા મનીષા અને ગોહિલ પ્રીતિનો સમાવેશ થાય છે. ઉપરાંત એથ્લેટિકસની ૪૦૦ મીટર દોડમાં ગોહિલ પ્રીતિએ દ્વિતીય સ્થાન અને સરવૈયા આરતીએ તૃતીય સ્થાન મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું હતું. આ મહિલા ખેલાડીઓને મેડલ, ટ્રોફી અને સર્ટીફીકેટ દ્વારા સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે માય ભારતના પ્રતિનિધિ સ્વરૂપ અને રાજેશ રાઠોડ, રમતગમત મંત્રાલય અધિકારી જાડેજા , રમાબેનના કોચ પુષ્પરાજ તેમજ કણસાગરા કોલેજના રાજેન્દ્ર સેજલીયા દ્વારા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## રાજકોટમાં ૨ તબક્કામાં વસ્તી ગણતરી થશે

# ૨૦ એપ્રિલથી ૧૯ મે સુધી પ્રથમ તબક્કાની કામગીરી હાથ ધરાશે: જનસંખ્યા ગણના માટે ઓર્ડરો નિકળ્યા

### વર્ષ ૨૦૧૧ મૂજબ શહેરની વસ્તી ૧૩.૯૦ લાખ: ૮૦૦ લોકો દિઠ એક કર્મચારીને વસ્તી ગણતરીનો ઓર્ડર જયારે ૩૦૦ કર્મચારીઓ દીઠ એક સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ માં વસ્તી ગણતરી કરવામાં આવનાર છે ત્યારે ગુજરાતમાં આગામી ૨૦ એપ્રિલથી ૧૯ મે સુધી પ્રથમ તબક્કાની કામગીરી થશે. જેમાં સૌપ્રથમ ઘરોની ગણતરી કરવામાં આવશે અને ત્યારબાદ બીજા તબક્કામાં મતદારોની ગણતરી થશે. ૮૦૦ લોકો દિઠ એક કર્મચારીને વસ્તી ગણતરીનો ઓર્ડર અપાયો છે. જ્યારે ૩૦૦ કર્મચારીઓ દીઠ એક સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી છે. દરમિયાન રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા વસ્તી ગણતરીની કામગીરી માટે કર્મચારીઓના ખાસ ઓર્ડર કરવામાં આવ્યા છે. આ સિવાય ૫ નાયબ મામલતદારની બદલી કરવામાં આવી છે. રાજકોટમાં વર્ષ ૨૦૧૧ માં થયેલી વસ્તી ગણતરી મુજબ ૧૩.૯૦ લાખ જનસંખ્યા નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૧ માં કોરોનાને કારણે વસ્તી ગણતરી ન થઈ શકે ત્યારે હવે ૧૫ વર્ષ બાદ વસ્તી ગણતરી થવા જઈ રહી છે. જેને લઈને તમામ સરકારી વિભાગોના કર્મચારીઓને આ કામમાં જોડવામાં આવી રહ્યા છે.

ભારતની વસ્તી ગણતરી-૨૦૨૭ ની પુર્વ તૈયારી રૂપે રાજ્ય/જિલ્લા/તાલુકા સ્તરે વસ્તી ગણતરી બાબતે મ્યુનિસીપલ કમિશ્નર/મુખ્ય અધિકારી/ મામલતદાર/ વહીવટી અધિકારી વગેરે દ્વારા ક્ષેત્રિય કામગીરી કરનાર સુપરવાઈઝરો/ગણતરીદારોની નિમણૂંક કરવાની રહેશે. આમ દરેક ચાર્જ અધિકારીઓએ પોતાના તાબા હેઠળના વિસ્તાર માટે વસ્તી ગણતરી અધિનિયમ- ૧૯૯૦ જોગવાઈ-૩ હેઠળ સુપરવાઈઝરો/ગણતરીદારોને ભારતની વસ્તી ગણતરી-૨૦૨૭ ની ક્ષેત્રિત કામગીરી અને માહિતી એકત્રિત કરનાર તરીકે નિયુક્ત કરવાના થાય છે.ભારત સરકારના ડીરેક્ટોરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સના નિયામકના તા.૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના પત્રથી વર્ષ-૨૦૨૭ માં જનગણના હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યુ છે.

જે અન્વયે ગુજરાત સરકારના નોટીફીકેશન તા.૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ મુજબ જનગણના - ૨૦૨૭ ના પ્રથમ તબક્કમાં ઘરયાદી અને મકાનોની ગણતરી કરવાનું કાર્ય ૨૦ એપ્રિલ ૨૦૨૬ થી ૧૯ મે, ૨૦૨૯ એમ ૩૦ દિવસના સમયગાળામાં કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કામગીરી માટે ગણતરીદારો અને સુપરવાઈઝરોની નિમણૂંક કરવાની થાય છે. જેથી વસ્તી ગણતરીના કામે નીચે મુજબના કર્મચારીની વસ્તી ગણતરીદાર/ સુપરવાઈઝર તરીકે નિમણૂંક કરવા હુકમ કરવામાં આવ્યા છે.

#### લેકટરે ૩ કર્મચારીઓના વસ્તી ગણતરીની ખાસ કામગીરી માટેના ઓર્ડર કર્યા

૧. રાહુલ ચૌહાણ (પુરવઠા નિરીક્ષક) - રાજકોટ જિલ્લા પુરવઠા કચેરી

૨. કોમલ એન. વાઢેર (નાયબ મામલતદાર) - રાજકોટ તાલુકા મામલતદાર કચેરી

૩. પ્રદીપ કે. પરમાર (કલાર્ક) - જામકંડોરણા મામલતદાર કચેરી



#### કયા નાયબ મામલતદારને કયા બદલી ?

૧. અંકિત શેખડા - નાયબ મામલતદાર (પ્રાંત કચેરી, ધોરાજી) - શિરસ્તેદાર (પ્રાંત કચેરી, ધોરાજી)

૨. કનુભાઈ પરમાર - નાયબ મામલતદાર (મામલતદાર કચેરી, ધોરાજી) - નાયબ મામલતદાર (પ્રાંત કચેરી, ધોરાજી)

૩. યોગીરાજસિંહ ગોહિલ - નાયબ મામલતદાર (દબાણ -૧, મામલતદાર કચેરી, લોધીકા)- શિરસ્તેદાર (પ્રાંત કચેરી, રાજકોટ શહેર -૧)

૪. વસીમ રિઝવી - નાયબ મામલતદાર (પ્રાંત કચેરી, રાજકોટ શહેર - ૧) - નાયબ મામલતદાર (રજીસ્ટ્રી શાખા, કલેકટર કચેરી, રાજકોટ)

૫. હિતેન્દ્રસિંહ ચુડાસમા - નાયબ મામલતદાર (દબાણ - ૨, મામલતદાર કચેરી, કોટડાસાંગાણી) - પુરવઠા નિરીક્ષક (જિલ્લા પુરવઠા કચેરી, રાજકોટ)

# બપોરે ૧:૨૦ વાગ્યે સાઈનાઈડ ગેસ IED બ્લાસ્ટ થશે : રાજકોટની પાસપોર્ટ -પોસ્ટ ઓફિસને ધમકી

### બપોરે બાર વાગ્યે પોલીસ કંટ્રોલરૂમને કોલ મળતા એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન પોલીસ દોડી : ડોગ સ્કોડ, બોમ્બ સ્કોડ, ક્યુઆરટીને સાથે રાખી સઘન ચેકીંગ







**અબતક, રાજકોટ**

રાજકોટની પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસને વધુ એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળતા તંત્ર દોડતું થયું હતું. બપોરે ૧:૨૦ વાગ્યે બંને કચેરીઓમાં સાઈનાઈડ ભરેલા ગેસ આઈઈડીનો બ્લાસ્ટ થશે તેવી ધમકીમે પગલે એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એ ડિવિઝન પોલિસની ટુકડીઓ બંને કચેરી ખાતે દોડી ગઈ હતી અને બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડને સાથે રાખી સઘન ચેકીંગ હાથ ધર્યું હતું.

બોમ્બની ધમકી અંગે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરે બાર વાગ્યાં આસપાસ સીટી પોલિસ કંટ્રોલ રૂમને બોમ્બની ધમકી અંગે અમદાવાદ ખાતેથી કોલ મળ્યો હતો. બોમ્બની ધમકી આપતો ઈમેઈલમાં 'આજે બપોરે ૧:૨૦ વાગ્યે પાસપોર્ટ-પોસ્ટ ઓફિસમાં સાઈનાઈડ ગેસ ભરેલો આઈઈડી બ્લાસ્ટ થશે' તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. જે કોલ મળતા જ એસઓજી અને સ્થાનિક પોલિસને જાણ કરવામાં આવી હતી. જેને પગલે એસઓજી અને એ ડિવિઝન પોલિસની ટીમો દ્વારા ગોંડલ રોડ પર મક્કમ ચોક નજીક આવેલ પાસપોર્ટ ઓફિસ અને જ્યુબેલી નજીક આવેલી પોસ્ટઓફિસ ખાતે દોડી ગઈ હતી. બંને કચેરીઓમાં એસઓજી પીઆઈ એસ એમ જાડેજા, એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગર, અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ અને ક્યુઆરટીને સાથે રાખી સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. જે ચેકીંગમાં પોલિસને કશું જ વાંધાજનક નહિ મળતા ધમકી ફરીવાર પોકળ સાબિત થઈ હતી અને તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. બીજી બાજુ ધમકીભર્યા ઈમેઈલને પગલે સાયબર ક્રાઈમ દ્વારા આઈપી એડ્રેસના આધારે ઈમેઈલ આઈડીની તપાસ હાથ ધરવામાં આવી હતી.

## અગમચેતીના પગલે ફેમિલી કોર્ટ ખાતે બોંબ સ્કોડ અને ડોગ સ્કોડ ચેકિંગ

### હાઈકોર્ટ સહિત મુખ્ય મથકોની કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાની મળતી ધમકીને પગલે કાર્યવાહી

ગુજરાત હાઈકોર્ટ , રાજકોટ અને રાજ્યના મુખ્ય મથકોની કોર્ટને બોમ્બ થી ઉડાવી દેવાની મળતી ધમકીને પગલે બોંબ સ્કોડ અને ડોગ સ્કોડ ની ટીમેં શહેરના જૂની કલેકટર કચેરી ખાતે આવેલી ફેમિલી કોર્ટ બિલ્ડીંગ અને સંકુલ ખાતે આજે ચેકિંગ કરવામાં આવ્યું હતું. વધુ વિગત મુજબ છેલ્લા ઘણા સમયથી હાઈકોર્ટ સહિત રાજ્યની અદાલતો ને ઈ-મેલ દ્વારા બોમ્બ થી ઉડાવી દેવાની ધમકીઓ મળી રહી છે. વારંવાર ધમકીઓ મળતા ડોગ સ્કોડ અને બોમ્બ સ્કોડની કાર્યવાહીમાં વધારો જોવા મળી રહ્યો છે. શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ખાતે આવેલી ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ કોર્ટેને બોંબથી ઉડાવી દેવાની તાજેતરમાં મળેલી ધમકીને પગલે શહેરની જૂની કલેકટર કચેરી ખાતે આવેલી ફેમિલી અદાલતમાં ઉઘડતી કોર્ટે ડોગ સ્કોડ અને બોમ્બ સ્કોડની ટીમ દ્વારા કોટ સંકુલ અને બિલ્ડીંગના તમામ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી ન હતી. ઈમેલ થી મળતી ધમકીઓ પોકળ પુરવાર થઈ રહી છે પરંતુ વારંવાર આ પ્રકારે અદાલતને બોમથી ઉડાવી દેવાની ધમકીઓ ઈમેલ મારફતે મળતી હોય ત્યારે તંત્ર દોડતું થઈ જાય છે. આવી ધમકીઓ આપનાર વિરુદ્ધ સાયબર ડિપાર્ટમેન્ટ દ્વારા ધમકી આપનાર અંગેની શોધખોળ શરૂ કરી દેવાય છે



#### સુરત,જૂનાગઢ, ગોધરા પોસ્ટઓફિસ, મોરબી, ભાવનગર પાસપોર્ટ ઓફિસ અને વડોદરા પારુલ યુનિવર્સીટીને પણ ઉડાવી દેવાની ધમકી

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટની પોસ્ટ અને પાસપોર્ટ ઓફિસ ઉપરાંત સુરત, જૂનાગઢ અને ગોધરાની પોસ્ટ ઓફિસને બોમ્બની ધમકી મળી હતી. મોરબી અને ભાવનગર પાસપોર્ટ ઓફિસ અને વડોદરાની પારુલ યુનિવર્સીટીને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈમેઈલ મળતા તંત્ર આખું દોડતું થયું હતું અને સુરક્ષાના ભાગરૂપે ચેકીંગ હાથ ધર્યું હતું.

### ફરી એકવાર બોમ્બ બ્લાસ્ટની ધમકીભર્યો ઈમેઈલ મળતા તંત્ર ધંધે લાગ્યું : દાવો પણ પોકળ જ સાબિત થયો

# ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ના જીવન દર્શન વિચારો મૂલ્યોને ઉજાગર કરનાર વિભૂતિનું કાલે કરાશે સન્માન

### સૌરાષ્ટ્રયુનિ, ડો બી.આર આંબેડકર ચેર સેન્ટર દ્વારા કિશોરભાઈ મકવાણાને અપાશે ત્રીજો ભીમ રત્ન એવોર્ડ

**અબતક રાજકોટ**

બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકરના, સમતામૂલક સમાજના મહાન સ્વપનને સાકાર કરવા માટે તેમના, જીવનદર્શન, વિચારો અને મૂલ્યોને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડતા વિદ્વાનો, વિદુષીઓ અને સમાજચિંતકોને પ્રોત્સાહિત કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે સ્થપાયેલ ડો. બી. આર. આંબેડકર ચેર સેન્ટર દ્વારા વર્ષ ૨૦૨૩થી રાજ્ય કક્ષાનો પ્રતિષ્ઠિત ''ભીમરત્ન એવોર્ડ'' અર્પણ કરવાની પરંપરા શરૂ કરવામાં આવી છે. આ વર્ષે તૃતીય ભીમરત્ન એવોર્ડ આવતીકાલે તારીખ૧૧ માર્ચ ના રોજ અર્પણ કરવાનું કાર્યક્રમ યોજાશે



વિમ્રતને એવોર્ડ પસંદગી સમિતિની બેઠક ૭માર્ચના રોજ કુલપતિઉત્પલ જોશીની અધ્યક્ષતા ને યોજાય હતી અને તેમાં કિશોરભાઈ કરસનભાઈ મકવાણાને સેમિનારમાં એવોર્ડ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું

તૃતીય ભીમ રત્ન એવોર્ડ માટે ડોક્ટર આંબેડકર ના સ્વતંત્રતા સમાનતા અને બંધુત્વના દર્શન ને પોતાના વક્તવ્ય કાર્ય અને લેખન દ્વારા સમાજમાં પ્રસરણના કિશોરભાઈ મકવાણાને પ્રતિષ્ઠિત એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવશે

આ એવોર્ડ માટે કોઈ અરજી કરવાની નથી તેમજ કોઈ ભલામણ પણ સ્વીકારવામાં આવતી નથી. પસંદગી સમિતિ દ્વારા ગુજરાત રાજ્યના કોઈપણ જિલ્લામાંથી, છેલ્લા દસ વર્ષ દરમિયાન ડો. આંબેડકરના સમતા, સમરસતા અને બંધુત્વના વિચારોને સમાજમાં પ્રસરાવનાર વ્યક્તિની પસંદગી કરવામાં આવે છે)

સદીઓથી અનેક મહાન પુરુષીએ પોતાના કાર્ય અને ચિંતન દ્વારા ભારતીય સમાજજીવનને સુવ્યવસ્થિત બનાવ્યું છે.(ડો. ભીમરાવ આંબેડકરે પોતાના વિચાર અને કાર્ય દ્વારા સમાજમાં વિશાળ પરિવર્તન લાવ્યું હતું. સામાજિક, શૈક્ષણિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રોમાં તેમનું વિશાળ પ્રદાન રહ્યું છે. તેમના આ વિચારોને સમાજ સુધીપહોંચાડવા માટે ગુજરાત સરકાર દ્વારા ડો. બી. આર. આંબેડકર ચેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

ડો. આબેડકરના જીવન, અને તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે વિશેષ યોગદાન આપનાર તથા ચેર-સેન્ટરના ઉદ્દેશવીઅનુસાર કાર્ય કરનાર અનુસૂચિત જાતિના વિદ્વાનો, અધ્યાપકો, ચિંતકો, લેખકો અને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહન આપતા સામાજિક કાર્યકરોને આ એવોર્ડ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

ભીમ રત્ન એવોર્ડ માટે મળેલી બેઠકમાં નાથાલાલ ગોહિલ ડાયરેક્ટર આનંદબા ખાચર ,કેર સેન્ટરની સલાહકાર સમિતિના પ્રતિનિધિ તરીકે પ્રો દીપક પટેલ, કુ સચિવ ગઢવી ,ચેરમેન રાજાભાઈ કાથડ સંશોધન અધિકારી ડો રવિભાઈ વેશનાની ઉપસ્થિત રહ્યા હતા

## ઉનાળો આવતા જ પાણીની મોકાણ.??

# વિનોદનગર-ગુરુકુળ પંપિંગ સ્ટેશનમાં રીપેરીંગને લઈને કાલે વોર્ડ નં.૫ના અનેક વિસ્તારોમાં અણધાર્યો 'પાણીકાપ'

### વિનોદનગર -રાધા નગર રેનબો સોસાયટી જવાહર નગર નવલનગર કૃષ્ણનગર નવી જૂની પપૈયા વાળી વાણીયાવાડી અમૃત પાર્ક થી લઈને ગીતાંજલિ સોસાયટી ગાયત્રી બગીચા વિસ્તારમાં એક દી પાણી મનપાની જાહેરાત

**અબતક રાજકોટ**

ઉનાળાની દસ્તક દેવાય છે ત્યાં જ શહેરમાં વોર્ડ નંબર પાંચમાં પાણીની પાઈપલાઈન રીપેરીંગ ને લઈને કાલે અણધારો પાણી કાપ આવી પડ્યો છે, કોર્પોરેશનના વોટર વર્ક વિભાગ દ્વારા ઉનાળામાં નિરંતર પેજલ વિતરણ માટે આગોતરા આયોજનના ભાગરૂપે પાણીની પાઈપલાઈનનું સમારકામ અને સફાઈ ની કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે વોર્ડ નંબર સાત ના ૧૩ ૧૪ ૧૭ અને ૧૮ ના વિભાગમાં પંપીંગ સ્ટેશનમાં રીપેરીંગ ને લઈને આવતીકાલે ૧૧ મી તારીખે અનેક સોસાયટીઓમાં અને મોટી વસાહતોમાં પાણીનું વિતરણ બંધ રહેશેરાજકોટ મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટના વોટર ઓ. એમ. સેલ, ઈસ્ટ ઝોન દ્વારા જણાવ્યા મુજબ તા. ૧૧ માર્ચ ૨૦૨૬, બુધવારે શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે આવતીકાલે જે વિસ્તારમાં પાણીનું વિતરણ નહીં થાય તે વિસ્તારોમાં નગરજનોને એક દી પાણીની અગવડ પડશે.વિનોદનગર પમ્પિંગ સ્ટેશન ખાતે હેડર લાઇન બદલવાની કામગીરી તથા સફાઈ તેમજ સેન્ટ્રલ ઝોનના ગુરુકુળ પમ્પિંગ સ્ટેશન ખાતે સફાઈ અને ભાદર ઈનકમિંગ વાલ્વ મુકવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને કારણે વોર્ડ નં. ૭ (પાર્ટ), ૧૩ (પાર્ટ), ૧૪ (પાર્ટ), ૧૭ (પાર્ટ) અને ૧૮ (પાર્ટ)ના વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે. આ વિસ્તારોમાં

વિનોદનગર હેડવર્કસ હેઠળ રાધાકૃષ્ણનગર, રાધાનગર, રેઈનબો સોસાયટી, જવાહરનગર, શિવપાર્ક, શ્રદ્ધાપાર્ક, ગ્રીનપાર્ક, વિનોદનગર, ભવનાથપાર્ક, પારસ સોસાયટી, લાલપાર્ક, રજત સોસાયટી સહિતના વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.તે ઉપરાંત ગુરુકુળ હેડવર્કસ હેઠળ નવલનગર, કૃષ્ણનગર, ત્રિવેણીનગર, પંચશીલ સોસાયટી, હરિદ્વાર સોસાયટી, માલવિયાનગર, વેધવાડી, પાપૈયાવાડી તેમજ ભક્તિનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, વાણીયાવાડી, ગાયત્રીનગર, ગોપાલનગર સહિતના વિસ્તારોમાં પાણી સપ્લાય પર અસર પડશે.ઉનાળાના પ્રારંભિક સમયમાં રાજકોટમાં વોર્ડ નંબર ૫ ના વિસ્તારોમાં પાણી કાપની જાણે કે પ્રેક્ટિસ શરૂ થઈ હોય તેમ આવતીકાલે એક દી નલમાંથી જલ નહીં નીકળે.

# જખરાપીર દાદાની જગ્યા-પાળધામ ખાતે શુક્રવારથી 'શ્રી રામચરિતમાનસ રામ પારાયણ કથા'

### પાળ ગામે જખરાપીર દાદાની જગ્યામાં ભક્તિનો મહાકુંભ, રામકથા અને ૫૧ નવયુગલોના સમૂહ લગ્નનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના પાળ ગામે આવેલા જય જખરાપીર હિન્દવાપીર દાદાની જગ્યા-પાળધામ ખાતે આગામી ૧૩ થી ૨૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન ભવ્ય 'શ્રીરામચરિતમાનસ રામ પારાયણ કથા' અને સમૂહ લગ્નોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ધૂનાવાળી ખોડિયાર માતાજી તથા ભક્ત સેવકમાના બાળકો દ્વારા આયોજિત આ મહોત્સવમાં પાલનપુરના ક્ષિપ્રાગીરી મહારાજ વ્યાસપીઠ પરથી કથામૃતનું પાન કરાવશે, જેમાં રામ જન્મોત્સવ અને રામ વિવાહ જેવા પ્રસંગો વેશભૂષા સાથે ઉજવાશે. કથા દરમિયાન દરરોજ સવારે મારુતિ યજ્ઞ, નવકુંડી યજ્ઞ અને બાવનગજની ધ્વજારોહણ જેવા ધાર્મિક વિધિઓ યોજાશે, સાથે જ બહારગામથી આવતા ભક્તો માટે ૨૪ કલાક અન્નપૂર્ણા પ્રસાદ અને રહેવાની સુવિધા ઉપલબ્ધ રહેશે.



શ્રી જય જખરાપીર દાદાની જગ્યા - પાળધામ

આ મહોત્સવના અંતિમ ચરણમાં ૨૨ માર્ચ, રવિવારના રોજ ૫૧ નવયુગલો માટે 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ'નું ભવ્ય આયોજન કરાયું છે, જેનો મુખ્ય હેતુ સમાજમાં સાદગીભર્યા લગ્નોને પ્રોત્સાહન આપી અનાવશ્યક ખર્ચ ઘટાડવાનો છે. આ ધાર્મિક પર્વ નિમિત્તે રાત્રિના સમયે લોકડાયરો, હસાયરો, રામામંડળ અને રામધૂન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ થશે,

જેમાં ધીરૂભાઈ સરવૈયા અને પૂનમ ગોંડલિયા જેવા નામી કલાકારો પોતાની પ્રસ્તુતિ આપશે. ઉલ્લેખનીય છે કે, જખરાપીર દાદાની આ જગ્યામાં કાયમી ધોરણે ગૌશાળા, અન્નક્ષેત્ર અને જીવદયા જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચાલે છે, ત્યારે આ આગામી મહોત્સવમાં આસપાસના છ ગામોના ધુમાડાબંધ મહાપ્રસાદ સાથે હજારો ભાવિકો ઉમટી પડશે તેવી શક્યતા છે.

# પિતાનું સપનું સાકાર કરવા પેરા મિલિટ્રીમાં જોડાનાર શહેરની પ્રથમ દીકરી ખુશ્બુબા ડાભી

## પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ પણ હિંમત ન હારી, ત્રણ વર્ષની સખત મહેનત બાદ આઈટીબીપીમાં થયું સિલેકશન




અબતક, રાજકોટ

રાજકોટ જિલ્લાના રહીશ અને મધ્યમવર્ગીય પરિવારમાંથી આવતા ખુશ્બુબા ખુમાણસિંહ ડાભી પેરા મિલિટ્રી ફોર્સમાં જોડાઈને સમગ્ર જિલ્લાનું ગૌરવ બન્યા છે.

નાનપણથી જ દેશસેવાનું સપનું જોનાર ખુશ્બુબાએ 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમના પિતા હયાત નથી, પરંતુ તેમને એક ઉચ્ચ અધિકારી તરીકે જોવાનું તેમનું સપનું હતું. પિતાના આ સંકલ્પને સાકાર કરવા માટે તેમણે છેલ્લા ત્રણ વર્ષથી રાત-દિવસ સખત મહેનત કરી હતી, જેના પરિણામે ગત વર્ષે તેમનું સિલેક્શન ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસમાં થયું હતું.

તમામ સી.એ.પી.એફ. (સીએપીએફ) ફોર્સમાં સૌથી અઘરી ગણાતી આઈટીબીપી ની ૧૩ મહિનાની ટ્રેનિંગ પૂર્ણ કરવી એ ખુશ્બુબા માટે એક મોટો પડકાર હતો. ટ્રેનિંગ દરમિયાન અનેક શારીરિક અને માનસિક ઉતાર-ચઢાવ આવ્યા અને ઘણી વખત હિંમત હારી જવાની સ્થિતિ સર્જાઈ હતી, તેમ છતાં તેમણે મન મક્કમ રાખી પીછેહઠ કરી નહીં. ફર્સ્ટ યરમાં જ પિતાની છત્રછાયા ગુમાવ્યા બાદ પરિવારના સંપૂર્ણ સહયોગ અને મજબૂત મનોબળ સાથે તેમણે આ સફળતા હાંસલ કરી છે. જે લોકો શરૂઆતમાં તેમના પર શંકા કરતા હતા, આજે તેઓ જ તેમની આ સિદ્ધિને બિરદાવી રહ્યા છે.

ગઈકાલે જ ઉજવાયેલા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ખુશ્બુબાએ વાલીઓને ખાસ સંદેશ આપતા જણાવ્યું કે, દીકરીઓને શિક્ષિત કરી તેમને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરો. આજે પોલીસ, મિલિટ્રી કે સ્પેસ જેવું એકપણ ક્ષેત્ર એવું નથી જ્યાં મહિલા અધિકારીઓ ન હોય. તેમણે તાજેતરના 'ઓપરેશન સિંધુ' નું ઉદાહરણ આપતા કહ્યું કે જેમાં બે મહિલા ઓફિસરોએ આખા મિશનનું નેતૃત્વ કરી સફળતા અપાવી હતી.

રાજકોટમાં જ અભ્યાસ કરનાર ખુશ્બુબા આજે લાખો દીકરીઓ માટે પ્રેરણા સ્ત્રોત બનીને ઉભરી આવ્યા છે.

# રાજયના ગ્રામ્ય વિસ્તારના આવાસ વિહોણા પરિવારોને ઘરથાળના પ્લોટ આપવાની યોજના સરળ બનશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલ્યાણ યોજનાઓના ૧૦૦% લાભો લાભાર્થીઓને પહોંચાડવા આપેલા સેચ્યુરેશન એપ્રોચને સાકાર કરવાની મુખ્યમંત્રીની પ્રતિબધ્ધતા



અબતક રાજકોટ

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા આવાસ વિહોણા પરિવારોને રહેણાંક માટે મફત ઘરથાળ પ્લોટ આપવાની યોજના હવે વધુ સરળ અને બૃહદ બનાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને જરૂરી દિશા નિર્દેશો આપ્યા છે જેથી વધુ ગરીબ પરિવારો આ યોજનાનો લાભ લઈ શકે.

નવી વ્યવસ્થા મુજબ ગ્રામ્ય વિસ્તારમાં વસતા અને ''સામાજિક-આર્થિક તથા જાતિ આધારિત ગણતરી ૨૦૧૧ (SECC)''માં સમાવિષ્ટ લોકો, અથવા કેન્દ્ર તથા રાજ્ય સરકારની આવાસ યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના, પંડિત દીનદયાળ આવાસ યોજના, પ્રધાનમંત્રી જનમન યોજના સહિત અન્ય યોજનાઓ માટે પાત્રતા ધરાવતા પરિવારોને પણ ઘરથાળના પ્લોટનો લાભ મળશે.

આ નિર્ણય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કલ્યાણ યોજનાઓના લાભો દરેક જરૂરિયાતમંદ સુધી ૧૦૦ ટકા પહોંચાડવાના સેચ્યુરેશન એપ્રોચને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ ગણાય છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વધુ ગરીબ અને આવાસ વિહોણા પરિવારોને પોતાનું ઘર બનાવવા માટે જમીન ઉપલબ્ધ થશે અને રાજ્યમાં સૌને ઘરના લક્ષ્યને સાકાર કરવામાં મહત્વનું પગલું સાબિત થશે.

# એસઆરપી કેમ્પ પાસે જૂની અદાવતનો ખાર રાખી યુવક પર હુમલો

## ચાની રેકડી ચલાવતા યુવક સાથે અગાઉ થયેલો ડખોના ખાર રાખી માર માર્યો

અબતક રાજકોટ

શહેરના એસઆરપી કેમ્પ વિસ્તારમાં ગઈકાલે જૂની અદાવતને પગલે યુવક પર દેવીપૂજક શખ્સે પાઈપ અને ધોકા વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. હુમલામાં યુવકને માથે શરીરે ઈજાઓ થતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના એસઆરપી કેમ્પ વર્તમાન વીલા પાસે રહેતા અને એસઆરપી કેમ્પ ૨૫ વારીયા વિસ્તારમાં ચાની રેકડી ચલાવતા મહેન્દ્રસિંહ દશરથસિંહ પરમાર (ઉં.વ. ૩૮) ગઈકાલે પોતાની રેકડીએ હાજર હતા. તે દરમિયાન અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી દેવીપૂજક શખ્સ ત્યાં ધસી આવ્યો હતો. ત્યાં આવતાની સાથે જ આરોપીએ મહેન્દ્રસિંહ સાથે બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈ તેની પાસે રહેલા પાઈપ અને ધોકા વડે માર માર્યો હતો. આ હુમલામાં મહેન્દ્રસિંહને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે થોડા સમય પહેલા મહેન્દ્રસિંહનો આરોપી સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેનો ખાર રાખી આ હુમલો કરાયો છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# ચૈત્રી નવરાત્રીએ રાજયભરમાં કરાશે માતૃશકિત વંદના

## શૈક્ષણિક મહાસંઘ દ્વારા ૧૯મી માર્ચથી દશ દિવસ અભિયાન ચલાવાશે

અબતક, રાજકોટ

ચૈત્રી નવરાત્રીના પાવન અવસરે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - ગુજરાત દ્વારા રાજ્યભરના તાલુકા સ્તરે માતૃશક્તિ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમો ૧૯ માર્ચ થી ૨૮ માર્ચ દરમિયાન સમગ્ર રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓમાં આ કાર્યક્રમ યોજાશે તેવું અધ્યક્ષ સંજયભાઈ હુંબલ મહામંત્રી સાગરભાઈ પોપટ અને સંગઠન મંત્રી મનીષભાઈ માકડિયા એ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા દ્વારા ભારતની મહાન નારીઓના પ્રેરણાદાયક જીવનપ્રસંગો તેમજ રાણી અબક્કા ચૌટા ની ૫૦૦મી જન્મજયંતી નિમિત્તે તેમના શૌર્ય અને નારી શક્તિ વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

મહાસંઘે તમામ બહેનો અને શિક્ષણપ્રેમી સમાજજનોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નારી શક્તિના સન્માનમાં સહભાગી થવા માટે હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# સ્વચ્છ ભારત સ્માર્ટ સીટી અભિયાન અંતર્ગતધર્મસ્થળો, શાળા આંગણવાડી સમાજવાડીઓ માટે ડસ્ટબીનનું કરાયું વિતરણ

## કોર્પોરેટર અનિતાબેન ગોસ્વામીના હસ્તે ડસ્ટબીન અપાયા

અબતક,રાજકોટ

સ્વચ્છ ભારત સ્માર્ટ સીટી અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર અનિતાબેન ગૌતમભાઈ ગોસ્વામીની ગ્રાન્ટમાંથી મંદિરો, સરકારી અને પ્રાઈવેટ શાળાઓ, આંગણવાડીઓ, સમાજવાડી, લગ્ન પ્રસંગ માટેના સરકારી અને પ્રાઈવેટ હોલ, સરકારી કચેરીઓ, વોર્ડ ઓફિસો, સોસાયટીઓની ઓફિસો સહિતની જાહેર જગ્યાઓ પર મોટી ડસ્ટબીન (કચરા પેટીઓ)નું વિતરણ રાજકોટ શહેર ભાજપના મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા, કોર્પોરેટર વિનુભાઈ ઘવા, રવજીભાઈ મકવાણા, કીર્તિબા રાણા, વોર્ડ પ્રમુખ જયપાલભાઈ ચાવડા, પ્રભારી ડો.વિજયભાઈ ટોળીયા, મહામંત્રી રાજુભાઈ નોંઘણવદરા, શહેર ભાજપ કારોબારી સભ્ય યોગેશભાઈ ભટ્ટજી, પરસોતમભાઈ સગપરિયા, ગૌતમભાઈ ગોસ્વામી, જેન્તીભાઈ નોંઘણવદરા,



વિઠ્ઠલભાઈ પટેલ, રમેશભાઈ રામાણી, જેસુખભાઈ ગુજરીયા, દત્તાજી સહિત કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહેલ.

(પહેલા પાનાનું ચાલું)

### અમેરિકા યુદ્ધ...

સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પે કબૂલવું પડ્યું કે યુક્રેનમાં ચાલી રહેલી લડાઈ ક્યારેય પૂરી ન થાય તેવી લાગી રહી છે. ઝેલેન્સ્કી અને પુતિન વચ્ચેની નફરતને ઓછી કરવામાં ટ્રમ્પનું 'ડીલ-મેકર'નું જે લેબલ હતું, તે અત્યારે નિષ્ફળ જતું દેખાય છે.

મધ્ય પૂર્વમાં જ્યારે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનીના સૈન્ય હુમલામાં મોત બાદ સ્થિતિ વણસી છે, ત્યારે ટ્રમ્પ હવે પુતિન પાસે મદદની આજીજી કરી રહ્યા છે. ટ્રમ્પે જણાવ્યું કે, ''પુતિન આ મામલે મદદરૂપ થવા માંગે છે.'' આ નિવેદન જ દર્શાવે છે કે દુનિયાની મહાસત્તા હોવાનો દાવો કરતું અમેરિકા હવે શાંતિ સ્થાપવા માટે રશિયાના દયાળુ વલણ પર નિર્ભર થઈ ગયું છે.

બીજી તરફ, પુતિને ઈરાનના નવા નેતા મોજતબા ખામેનીને સમર્થન આપીને સ્પષ્ટ સંકેત આપ્યો છેકે રશિયા તેહરાનનો સાથ છોડવાનું નથી. આ સ્થિતિમાં ટ્રમ્પનું વહીવટીતંત્ર ઈઝરાયેલના હિતો સાચવવા અને સાઉદીના પ્રભાવ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ફાંફા મારી રહ્યું છે.

### ક્રૂડના ભાવ તૂટ્યા...

પૂરતો જથ્થો સચવાઈ રહે.

આંતરરાષ્ટ્રીય સ્તરે ઊભી થયેલી આ કટોકટી વચ્ચે સરકારે સામાન્ય નાગરિકોને આશ્વાસન આપ્યું છે કે ગભરાવાની કોઈ જરૂર નથી. ભારત પાસે પૂરતા પ્રમાણમાં વ્યૂહાત્મક તેલ ભંડાર ઉપલબ્ધ છે. જરૂર પડ્યે સરકાર આ ભંડારનો ઉપયોગ કરીને સ્થાનિક બજારમાં ભાવ વધારાને નિયંત્રિત કરી શકે છે અને પુરવઠો જાળવી શકે છે.

ગેસ સપ્લાય 'ઓપ્ટિમાઈઝ' કરવા પર ભાર

ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ભારતમાં આવતા લિકિવફાઈડ નેચરલ ગેસના પ્રવાહને માઠી અસર પહોંચી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકાર ગેસ સપ્લાયને 'ઓપ્ટિમાઈઝ' કરવા માટે સક્રિય રીતે કામ કરી રહી છે. સરકાર એ સુનિશ્ચિત કરી રહી છે કે ઉદ્યોગો અને ઘરેલુ વપરાશકારોને પૂરતો ગેસ મળી રહે અને આયાતમાં આવતા અવરોધોનો સામનો કરવા માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થાઓ ગોઠવી શકાય.

અસર દેશના મોટા ઔદ્યોગિક એકમો પર જોવા મળી રહી છે. ખાસ કરીને સિરામિક ઉદ્યોગ, ફર્ટિલાઈઝર અને પાવર જનરેશન જેવા ક્ષેત્રો કે જેઓ મોટા પ્રમાણમાં નેચરલ ગેસ પર આધારિત છે, તેમના ઉત્પાદન ખર્ચમાં વધારો થવાની પૂરી શક્યતા છે. સપ્લાય ચેઈન ખોરવાતા ઔદ્યોગિક ઉત્પાદન પ્રભાવિત થઈ શકે છે, જેને પહોંચી વળવા ઉદ્યોગકારો અને સરકાર વૈકલ્પિક ઈંધણના ઉપયોગ અંગે પણ ગંભીરતાથી વિચારણા કરી રહ્યા છે.

જ્યાં એક તરફ યુદ્ધના કારણે સપ્લાય ખોરવાયો છે, ત્યાં બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની (ડી-એસ્કેલેશન) આગાહી કરી છે. આ નિવેદન અને બજારની ધારણાઓને પગલે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુનો મોટો ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોને આશા છે કે આગામી દિવસોમાં પરિસ્થિતિ થાળે પડશે, જેના કારણે ઓઈલ માર્કેટમાં કિંમતો નીચે આવી છે.

ડોનાલ્ડ ટ્રમ્પના આ નિવેદને વૈશ્વિક ઓઈલ માર્કેટમાં મોટી ઉથલપાથલ મચાવી દીધી છે. આ ઘટાડો દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય બજાર ભૌગોલિક-રાજકીય નિવેદનો અને નેતાઓના દાવાઓ પ્રત્યે કેટલું સંવેદનશીલ છે. જોકે, નિષ્ણાતો માની રહ્યા છે કે આ ઘટાડો કામચલાઉ છે કે કાયમી, તે આગામી દિવસોમાં મધ્ય પૂર્વની વાસ્તવિક જમીની પરિસ્થિતિ પર નિર્ભર રહેશે.

આ સમગ્ર પરિસ્થિતિમાં ભારત સરકાર માત્ર મધ્ય પૂર્વના દેશો પર નિર્ભર રહેવાને બદલે અન્ય દેશોમાંથી પણ ઉર્જા આયાત કરવાના વિકલ્પોને વેગ આપી રહી છે. રશિયા અને અન્ય બિન-ખાડી દેશો સાથે વ્યાપારી સંબંધો મજબૂત કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના વેપારી માર્ગો પર ચાલી રહેલા તણાવને જોતા, ભારત પોતાની ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે લાંબા ગાળાની નીતિઓ પર ઝડપથી કામ કરી રહ્યું છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### ક્રાઈસ્ટ કોલેજ...

કારકિર્દીના ઘડતર માટે અમૂલ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાંસદ મોહનભાઈ કુંડારીયા અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ ક્રાઈસ્ટ કોલેજની આ દૂરંદેશી પહેલને બિરદાવી સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા.

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસનું સંચાલન અને સ્ટાફ માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતો સીમિત ન રહેતા, વિદ્યાર્થીઓને આધુનિક સ્પર્ધાત્મક યુગ માટે તૈયાર કરવા પર ભાર મૂકે છે. આ જોબ ફેર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે વિદ્યાર્થીઓ પ્રતિષ્ઠિત બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પોતાની ક્ષમતા મુજબની તકો સુરક્ષિત કરી શકે. આ પ્લેટફોર્મ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો કરવા અને તેમને દેશના જવાબદાર અને ગૌરવવંતા નાગરિક બનાવવાના સંકલ્પને વેગ આપે છે.

ક્રાઈસ્ટ કોલેજ કેમ્પસના ડાયરેક્ટર ડો. ફાધર જોમન થોમને આ મેગા ઈવેન્ટની સફળતા બદલ ગર્વની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે, તેઓ આ માધ્યમથી નોકરી મેળવનાર તમામ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વિદ્યાર્થીઓના વ્યાવસાયિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે સંસ્થા હંમેશા તત્પર છે અને આગામી સમયમાં પણ આનાથી વધુ ભવ્ય અને સફળ કાર્યક્રમો યોજવાનું વચન આપે છે.

(ચોથા પાનાનું ચાલુ)

### જે.જે. કુંડલિયા

શાળાઓના આચાર્યશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સાંસ્કૃતિક વિભાગમાં વિદ્યાર્થીઓએ દુહા, છંદ, લોકગીત, નાટક, ગરબા અને મિમીક્રી જેવી ૨૪ જેટલી વિવિધ કૃતિઓ રજૂ કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન ડો. સોનલબેન નૈના, ડો. ભાવિક પરમાર, ડો. મયુરીબેન રેણૂકા, જયદિપસિંહ રાણા, ડો. વિપુલભાઈ ગામીત, ડો. હરીશ રાબા અને હિમાંશુ રાણિંગાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ સ્નેહમિલન દ્વારા જૂના અને નવા વિદ્યાર્થીઓ વચ્ચે અનુભવોનું આદાન-પ્રદાન થયું હતું અને ભક્તિ તેમજ કલાનો સંગમ જોવા મળ્યો હતો.

### રેલવે સુરક્ષા

મહત્વની ટેકનિકલ ક્ષતિઓની સમયસર ઓળખ કરી હતી. જેમાં એન્જિનના શન્ટિંગ દરમિયાન અસાધારણ ઘર્ષણનો અવાજ સંભળાતા તપાસમાં ટ્રેક (પથ) માં માટીના ધસારો શોધી કાઢવી અને તેનું સમારકામ સુનિશ્ચિત કરવું, સ્પેશિયલ ટ્રેનોના સંચાલનમાં તમામ સુરક્ષા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવું તથા ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ એકસપ્રેસ જ્યારે ખંભાળિયા પાસેથી પસાર થતી હતી ત્યારે વ્હીલ માં ઢીલા બોલ્ટની ઓળખ કરી સમયસર રિપેરિંગ કરાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માલગાડીના વેગનની તપાસ દરમિયાન નકલ પિન તૂટવાની ઓળખ કરી તેને તુરંત ઠીક કરાવવી તથા રાજકોટ સ્થિત સાઈડિંગમાં વેલ્ડિંગ જોઈન્ટ પાસે રેલવે ટ્રેકમાં આવેલી ખામીની સૂચના આપી તેનું સમારકામ સુનિશ્ચિત કરવું પણ આ કર્મચારીઓની સતર્કતાની કામગીરી રહી હતી.

આ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ ચૌબે, મુખ્ય તબીબી અધિકારી ડો. રાજકુમાર, વરિષ્ઠ ડિવિઝનલ સેફ્ટી ઓફિસર રમેશ ચંદ્ર મીણા, સુધીર દુબે, મનોજ કુમાર રાવ અને વરિષ્ઠ ડિવિઝનલ મટીરીયલ મેનેજર જેઠાભાઈ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

### 'નારી રત્ન એવોર્ડ'

હતા, જેમાં સ્વામી યોગેશ્વરાનંદજી, મુકેશભાઈ દોશી, સુનિલભાઈ શાહ અને ડો. રેખાબા જાડેજા જેવા મહાનુભાવોએ હાજરી આપી હતી. સન્માનિત બહેનોએ સંસ્થાનો આભાર માનતા જણાવ્યું હતું કે, આવા પ્રોત્સાહનથી ભવિષ્યમાં વધુ ઉમદા કાર્યો કરવાની નવી શક્તિ મળે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના અનુપમ દોશીના માર્ગદર્શન હેઠળ પંકજ રૂપારેલીયા, ઉપમન્યુ રાવલ અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી, જેના કારણે સમગ્ર રાજકોટમાં આ અનોખી સન્માન યાત્રા આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

### વી.વી.પી. એન્જિનિયરિંગ

કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

''સ્પીરીટ-૨૦૨૬'' ના સફળ આયોજન અને વિદ્યાર્થીઓની સિદ્ધિઓ બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર અને ડો. નવીનભાઈ શેઠે તમામ વિજેતાઓને અને આયોજક ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમ વર્ક અને ખેલદિલીની ભાવના વધુ મજબૂત બની હોવાનું સંસ્થાએ યાદીમાં જણાવ્યું છે.

(૧૨માં પાનાનું ચાલુ)

### ફિફાના વડા

અદ્ભૂત દેશની મુલાકાત લીધા પછી હું જાણું છું કે આ તમારા માટે કેટલું મહત્વનું છે.અગાઉ ગયા ફેબ્રુઆરીમાં જિયાની ઈન્ફેન્ટિનો મિલાનમાં જય શાહને મળ્યા હતા, જે વિશ્વની બે સૌથી લોકપ્રિય રમતો વચ્ચે એક મોટી ક્રોસઓવર ક્ષણ હતી. શાહને મળ્યા પછી ઈન્ફેન્ટિનોએ ઈન્સ્ટાગ્રામ પર આઈસીસી અધ્યક્ષ સાથેનો પોતાનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં તેમણે ક્રિકેટના વિકાસમાં તેમના કાર્યની પ્રશંસા કરી હતી અને ૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં આ રમતના ભવ્ય પુનરાગમન માટે તેમને શુભેચ્છા પાઠવી હતી. રવિવારે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ભારતીય જર્સી પકડેલો પોતાનો એક ફોટો શેર કરતા ઈન્ફેન્ટિનોએ ભારતીય ક્રિકેટ ટીમને રેકોર્ડ ત્રીજું મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીતવા બદલ પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે રમતગમત દ્વારા વિશ્વને એક કરવા ના તેમના પ્રયાસમાં શાહ સાથે સહયોગ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.આઈસીસીના અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી જય શાહ ક્રિકેટના વૈશ્વિક વ્યાપને વિસ્તારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આઈસીસી દ્વારા યોજવામાં આવેલા આ વર્લ્ડ કપે અત્યાર સુધીની સૌથી વધારે વ્યૂઅરશિપનો નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નું પ્રસારણ ૮૦ કરતાં વધારે પ્રદેશોમાં અને ૧૫ કરતાં વધારે ભાષાઓમાં કરવામાં આવ્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રેન્જ આઈજી

વાતચીતમાં તેમણે ગોંડલ ઉપર પોતાની નજર હોવાનું જણાવ્યું હતુ. આ ઉપરાંત સુરેન્દ્રનગર વિસ્તારમાં ખાણ-ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહીનો દોર યથાવત રહેશે તેમ પણ જણાવ્યું હતું. બાદ તેમણે ગઈકાલે સાંજે જ ગોંડલની સૂચક મુલાકાત લીધી હતી.

રાજકોટ રેન્જ આઈજી તરીકે નિર્લિપ્ત રાય અને એડી. સીપી તરીકે ચૈતન્ય મંડલીકને નિમણુંક અપાતા ગઈકાલે બંને અધિકારીઓ રાજકોટ ખાતે આવી પહોંચ્યા હતા અને ચાર્જ સંભાળી સીધા જ એક્શન મોડમાં આવી ગયા હતા. બંને અધિકારીઓનું ગાર્ડ ઓફ ઓનર આપી સ્વાગત કરાયા બાદ બેઠકોનો દોર શરૂ થયો હતો.

એસએમસીના વડા નિર્લિપ્ત રાયની રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં તેઓ અમદાવાદથી રેન્જ આઈજી કચેરીએ પહોંચતાં તેઓને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. જે બાદ તેઓએ વિધિવત ચાર્જ સાંભળ્યો હતો. તેઓએ આવતાં વેંત જ રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગરના એસપી સાથે બેઠકોનો દોર શરૂ કર્યો હતો અને પાંચેય જિલ્લાની ક્રાઈમની સ્થિતિ જાણી તેના પર મંથન કર્યું હતું.

રાજકોટ રેન્જ આઈજી તરીકે બદલી થતાં જ ગોંડલનું રાજકારણ ગરમાયું હતું. સોશિયલ મીડિયા પર થયેલ પોસ્ટ અને ધારાસભ્ય દ્વારા અપાયેલ નિવેદન બાદ ગોંડલ ફરી ચર્ચામાં રહેતાં નિર્લિપ્ત રાય રાજકોટ રેન્જના તમામ એસપી સાથેની બેઠક બાદ એકશનમાં આવી ગયા હોય તેમ ચાર્જ સંભાળ્યા બાદ રેન્જ આઈજી સીધા જ ગોંડલની મુલાકાતે દોડી ગયા હતા. અહીં તેઓ ગોંડલ ડિવિઝનના તમામ અધિકારીઓને મળ્યા હતા અને સાંપ્રત પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આમ તો રેન્જ આઈજીની ગોંડલ મુલાકાતને રૂટિન વિઝીટ ગણાવવામાં આવી હતી અને આગામી દિવસોમાં આ પ્રકારે જ અલગ અલગ ડિવિઝનની વિઝીટ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી પરંતુ ચાર્જ સંભાળતા જ આઈજીની ગોંડલ મુલાકાત નિષ્ણાંતોના મતે અત્યંત સૂચક છે.

છેલ્લા ઘણા સમયથી રાજકોટ રેન્જમાં ગોંડલ જાણે રાજકારણ અને વિવાદનું એપિ સેન્ટર બન્યું હોય તેમ એક પછી એક વિવાદો ગોંડલમાં ઉદભવ્યા હતા. ગોંડલ-રીબડા જૂથ વિવાદ, પાટીદાર આગેવાન અલ્પેશ કથીરિયા અને જીગીશા પટેલની એન્ટ્રી, રાજકુમાર ઝાટ મોત પ્રકરણ સહીતની ઘટનાઓ સૌરાષ્ટ્ર સહીત આખા ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું. ત્યારે આ તમામ ઘટનાઓથી બખૂબી વાકેફ આઈપીએસ નિર્લિપ્ત રાયએ ગોંડલની મુલાકાત લઈ જાણે ઈશારો કર્યો હોય કે અહીં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર જોખમ ઉભું થાય તેવું કોઈ પણ કૃત્ય ચલાવી લેવાશે નહિ.

### ચોટીલા

બીટ પીએસઆઈ અશોક પટાલિયાને જુલાઈ ૨૦૧૯માં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે દારૂનો મોટો જથ્થાની હેરાફેરી કરતા ટ્રકને અટકાવી રૂ. ૪૮ લાખનો દારૂ કબ્જે કર્યો હતો. સ્થાનિક પોલિસની બેદરકારી બદલ પીએસઆઈને એપ્રિલ ૨૦૨૦ સુધી ૧૦ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી.

મામલમાં પીએસઆઈ વતી વકીલ અર્ચિત જાનીએ હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, અરજદારના અધિકારક્ષેત્રમાં એસએમસી દ્વારા દારૂનો દરોડો પાડવો તે સ્થાનિક પોલિસની બેદરકારી ગણી શકાય નહિ. તેમણે દલીલ કરી હતી કે, દારૂ ભરેલો ટ્રક છેક રાજસ્થાનથી આવ્યો હતો અને બામણબોર પોલીસના વિસ્તારમાં પ્રવેશ્યો હતો. ત્યારે જો બામણબોર પોલિસની બેદરકારી ગણવામાં આવતી હોય તો સાથોસાથ રાજસ્થાનથી બામણબોર સુધી રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓને બેદરકાર ગણવા પડે જેના અધિકારક્ષેત્રમાંથી વાહન ચોટીલા સુધી પહોંચ્યુ હતું.

કેસની સુનાવણી પછી, ન્યાયાધીશ નિરઝર દેસાઈએ સસ્પેન્શન અને ઈન્ક્રીમેન્ટ રોકવાના આદેશોને રદ કર્યા હતા. ન્યાયાધીશે જણાવ્યું હતું કે, એ સ્પષ્ટ છે કે આ કેસમાં પીએસઆઈ સામેના આરોપો સાબિત થતાં નથી તેવું તપાસનીશ અધિકારીઓ પણ સ્વીકારી રહ્યા છે.

હાઈકોર્ટે પીએસઆઈ સામે નવી કાર્યવાહી માટે કેસને પોલિસ વિભાગને પરત આપવાની સરકારની વિનંતીને પણ ફગાવી દીધી હતી અને આ બાબતને તદ્દન નિરર્થક કવાયત ગણાવી હતી.

### એમબીએ કોર્સમા

લિસ્ટ જાહેર કરાશે. આ યાદીમાં કોઈ ભૂલ હોય તો ઉમેદવારો ૧૦મીથી ૧૩મી સુધી ઈમેઈલ દ્વારા રજૂઆત કરી શકશે. ભૂલ સુધારણા બાદ ૧૭મી માર્ચના રોજ ફાઈનલ મેરિટયાદી જાહેર કરીને પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે.

### પ્લેન-હેલિકોપ્ટર

હોસ્પિટલ પહોંચાડી મદદ કરાય તે બદલ સરકારની રાહવીર યોજના અમલમાં છે. તેમાં ૨૫ હજાર રૂપિયા સુધીનું ઈનામ અપાય છે. છેલ્લા બે વર્ષમાં આવા ૪૧ જેટલા સેવાભાવીને પ્રોત્સાહન અપાયું હોવાનું વાહનવ્યવહાર વિભાગ દ્વારા જણાવાયુ હતું.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** દશા સોરઠીયા વણિક પ્રફુલકુમાર દયાળજીભાઈ ધોળકીયા (ઉ.વ.૭૭) તે સ્વ. દયાળજીભાઈ જુઠાભાઈ ધોળકીયા ના પુત્ર તે સ્વ. કનૈયાલાલભાઈ, અરવિંદભાઈ, સ્વ. ભરતભાઈ, સ્વ. ભાનુબેન, સ્વ. ચંદ્રિકાબેન, સ્વ. મંજુલાબેનના ભાઈ, નરેન્દ્રભાઈ, હર્ષાબેન (નાગરીક બેંક), કોલીબેન પંકજકુમાર ચૌહાણ, પ્રજ્ઞાબેન મનીષકુમાર પારેખના પિતા, શિલ્પાબેનના સસરા, સ્વ. કાંતિલાલ દુર્લભજી ગગલાણી આકોલવાડી વાળાના જમાઈનું તા. ૯ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ના ગુરુવારના રોજ માલવીયા વાડી ગોંડલ રોડ ખાતે સાંજના ૪ થી ૬ દરમિયાન રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**રાજકોટઃ** જામકંડોરણાવાળા હાલ રાજકોટ સ્વ. હેમતલાલ પાનાચંદ પઢીયારના પુત્ર, કાંતિભાઈ (કાનાભાઈ) હેમંતલાલ (ઉ.વ.૭૮) નું તા. ૧૦-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૨-૩ ના ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન ૧૦- દિવાનપરા, કંદોઈ જ્ઞાનિની વાડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દેરાવાસી જૈન કુસુમબેન મનહરલાલ કોઠારી તે સ્વ. મનહરલાલ ગુલાબચંદ કોઠારીના પત્ની તે જયેશકુમાર (એસબીઆઈ), સ્વ. મનીષકુમાર (એલ.આઈ.સી.), સુધાબેન અશોકકુમાર જૈન, નીલાબેન મુકેશકુમાર વોરા, કુમારી બીનાબેન મનહરલાલ કોઠારીના માતા, નયનાબેન, વિભૂતિબેન, અશોકકુમાર જૈન (પીએનબી નિવૃત), મુકેશકુમારના સાસુ, અપૂર્વ, નિરાલી, નિધિ, જીનાલી, ગરિમાના દાદામાં, કપિલ, મૌલિક, પ્રતિક, પુજાના નાનીમાનું તા. ૯-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું - પ્રાર્થનાસભા તા. ૧૨ ને ગુરુવારના રોજ સવારે ૧૦ કલાક દરમિયાન શ્રી સ્થાનકવાસી ગોંડલ રોડ, વેસ્ટ, પારેખ ઉપાશ્રય, ૧-અંબાજી કડવા પ્લોટ, શકિત ગાંઠીયાવાળી શેરી, કૃષ્ણનગર મેઈન રોડ, મવડી પ્લોટ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# "પ્રણવ (ૐ) દ્વારા જો ઈશ્વર (બ્રહ્મ)નું ધ્યાન કરવામાં આવે તો અજ્ઞાન દૂર થઈ બ્રહ્મનો અનુભવ થઈ શકે"

## "તાજેતરમાં જ દ્વારકાના જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીએ નિવેદન આપ્યું હતુ કે અમુક સંપ્રદાયો ઈતિહાસ, શાસ્ત્રો અને સત્યથી વેગળા ખોટા તર્કો રજૂ કરી ખોટા દ્રષ્ટાંતો આપી સમાજને ગુમરાહ કરી રહ્યા છે'

**સંસાર રહસ્ય**

થોડા સમય પહેલા સમાચાર પણ હતા અને સોશ્યિલ મીડિયામાં કલીપ પણ ફરતી હતી કે અમેરીકાની વિશ્વ પ્રતિષ્ઠિત અવકાશ સંસ્થા (નાસા)એ અવકાશમાં સુદૂર આકાશગંગાઓની વચ્ચેથી એક અવાજ નોંધ્યો. આ જે અવાજ રેકર્ડ કર્યો (ઓડીયોકલીપ)તે અવાજ બીજો કાંઈ પણ નહીં પરંતુ આપણા સનાતન શાસ્ત્રોમાં ઉલ્લેખેલ એકાક્ષર 'ૐ' ઓમ કે અ....ઉ.....મ નો લાંબા ઢાળે બોલાતો તે નાદ ધ્વની છે. જે કલીપમાં સ્પષ્ટ પણે સાંભળી શકાતો હતો. આથી વિશ્વના વૈજ્ઞાનીકોને થયું કે આતો ગજબ કહેવાય ! પરંતુ આપણા ઋષીમૂનીઓએ તો હજારો વર્ષ પહેલા વાત કરેલી છેકે આ સમગ્ર વિશ્વ બ્રહ્મ ૐ મય છે. વૈજ્ઞાનિકોએ અવકાશમાં જે અવાજ (ઓમકારનો નાદ) સાંભળ્યો તે નાદ ને કોઈ પણ સાધક એકાગ્ર ચિત્તે ધ્યાન કરે તો તેને પણ સંભળાય તેમ જણાવેલું છે.

અગાઉના પ્રકરણમાં આપણે 'ઓમ' અંગે પ્રાસંગિક ચર્ચા કરેલી છે કે બહ્મ (અક્ષર)નો નિવાસ હૃદયમાં છે.હૃદયમાંથી જ તે શરિરમાં (નાડીઓ દ્વારા) ચેતના અથવા પ્રાણનો સંચાર થાય છે. પ્રણવ (ઓમ) દ્વારા જો તે બ્રહ્મ (અક્ષર)નું ધ્યાન કરવામાં આવે તો અજ્ઞાન અને તેની ગ્રંથીથી છુટકારો થતા આ દિવ્ય બ્રહ્મનો અનુભવ થઈ શકે !

આ ઉપરાંત ઋષિ પિપ્પલાદે તો સમજાવેલું છે કે ઓમકારમાં (૧) ત્રણ માત્ર (અ.ઉ.મ.) વાળુ અને (૨) બીજુ એક માત્રાવાળુ (ચૈતન્ય)એમ બે રૂપ છે. એક (૧) અપર (જડ) છે. અને (૨) બીજુ પર (ચૈતન્ય) છે. આવિશ્વ એ અપર રૂપ છે. અને બીજુ વિશ્વાતિત દિવ્ય (પરબ્રહ્મ અક્ષર) ચૈતન્ય એ પર રૂપ છે. આ બંને રૂપો એકઠા થતા 'ઓમકાર'નું સંપૂર્ણ રૂપ બને છે.

ઓમકાર માટે ઋષિ શૌનકે એક ખાસ 'શૌનકોપનિષદ' નામનું ઉપનિષદ રચેલું હતુ. પરંતુ સમયાંતરે કાળગર્તામાં તે લુપ્ત થઈ ગયું હતુ અને ઘણા સમયથી અપ્રાપ્ત હતુ પરંતુ મદ્રાસ હાલનાં ચૈન્નાઈ શહેરની એક લાયબ્રેરી 'અડિયાર'માંથી એક જુની પ્રત મળી આવી જેમાં તેનું રહસ્ય જાણવા મળ્યુ તે મુજબ પ્રણવ અથવા ઉદ્‌ગીથ વિશ્વયજ્ઞ અને જીવનનો આધાર દર્શાવ્યો છે. અન્ય ઉપનિષદો અને શાસ્ત્રોમાં તેનું સ્વરૂપ દર્શાવેલું છે. કે જેમ યજ્ઞના ૩ સવન, ૩ દેવતા, ૩ છંદ અને પ્રણવની ત્રણ માત્રઓ (અ.ઉ.મ.)આ ત્રિકનું સ્વરૂપ છે. તેની સાથે પ્રણવની ચોથી માત્રા (અ-માત્ર કે પરમ ચૈતન્ય) મેળવવાથી વિશ્વ સ્વસ્તિક (તમામ દિશાથી મંગલ)નું રૂપ બને છે. જે અંગે એક ટુંકી વાર્તા કે ઉદાહરણથી સમજાવાયું છે કે,

દેવો અને અસૂરોની લડાઈમાં દેવો અસૂરો સામે હારી ગયા. આથી ઈન્દ્રએ ગાયત્રીને યુધ્ધ મોરચે જવા કહ્યું, પરંતુ તે અસૂરોથી ડરી ગઈ અને કહ્યું કે રાક્ષસોને જીતવા તે મારી શકિત બહારનું કામ છે આથી ઈન્દ્રએ પ્રણવને કહ્યું, 'તમે ગાયત્રીની મદદમાં જઈ તેની આગળ જોડાઈ જાવ, તમારામાં અક્ષરબ્રહ્મની જે શકિત છે તેનાથી અને તમારી સહાયતાથી ગાયત્રીની જીત થશે. ત્યારે ગાયત્રીએ ઈન્દ્રને કહ્યું, જો પ્રણવ મારી આગળ જોડાશે તો યુધ્ધમાં મળનાર શ્રેય (યશ)માંથી પણ કાંઈક ભાગ લઈ લેશે ને? ઈન્દ્રે ગાયત્રીને કહ્યું 'મોટા લોકો' એવું કરતા નથી. આમ પ્રણવને ઈન્દ્રએ ગાયત્રીના સહાયક થવા અને પ્રણવનું ઉચ્ચારણ સૌ પ્રથમ કરાશે તેમ કહ્યું.

બાદ પ્રણવ અને ગાયત્રી એ મળીને દાનવો (જીવનનાં આસૂરી ભાવો) ઉપર ચડાઈ કરી, તેઓની મદદમાં પ્રાતઃકાળનો યજ્ઞ અને દેવતાઓ પણ ગયા આથી દેવતાઓનો વિજય થયો અને અસૂરોનો પરાજય થતા નાસી ગયા આ રીતે કરતા ગાયત્રી અને પ્રણવની શકિતઓ તથા અમૃત સરખા થઈ ગયા. જેટલો પ્રભાવ ગાયત્રીનો છે તેટલોજ પ્રભાવ પ્રણવ સ્વરૂપ મુળ તત્વ કે બ્રહ્મતત્વનો છે આમ પ્રણવ વગર ગાયત્રીનો પ્રભાવ પડતો નથી તેમ ગાયત્રી વગર પ્રણવનો પ્રભાવ પડતો નથી.




એ રીતે અસૂરોએ ફરી પૂર્વ તૈયારી કરીને ફરીથી દેવો ઉપર હુમલો કરી યુધ્ધ શરૂ કર્યું. આ વખતે મધ્યાહન કાળ યજ્ઞમાં સોમના મંત્રોનું ગાન થવા લાગ્યું ઈન્દ્રે રૂદ્રછંદ ત્રિષ્ટુપને રાક્ષસો સામે લડવા મોકલ્યા અને તેમનામાં શકિત સંચાર કરવા માટે પ્રણવને તેમની આગળ જોડી દીધો. આથી આ અક્ષર ઉદગીત (ઓમકાર)ની શકિતથી દેવો નો જ વિજય થયો. આથી રૂદ્રછંદ; ત્રિષ્ટુપ અને પ્રણવની શકિત અને અમૃત સરખા થયા.

એજ રીતે ત્રિજીવાર અસુરોએ દેવો ઉપર હુમલો કરતા ઈન્દ્રે જગતી, સાંયસવન અને આદિત્યોને લડવા મોકલ્યા પરંતુ પ્રણવને આગળ જોડી દેતા ફરી દેવોનો વિજય થયો, પ્રણવ જગતીનો સહાયક થયો. બંનેની શકિત અને અમૃત એક સરખા થયા આમ વાસ્તવમાં પ્રણવ જ પ્રતિષ્ઠાતત્વ (દરેકનું મૂળ તત્વ છે) છે. આ રીતે આદિત્ય (સૂર્ય જ) ઉદ્‌ગીથનું સ્વરૂપ છે. અને તે બ્રહ્મ પણ છે જ. આમ આદિત્ય સ્વરૂપ ઉદ્‌ગીથ એટલે કે બ્રહ્મની ઉપાસના કે સ્તુતિ કરવી જોઈએ જે દરેક સજીવ-નીર્જીવ પદાર્થમાં પ્રવેશેલી શકિત છે.

આથી ઋષિ શૌનક ના કહેવા પ્રમાણે ઓમકાર-એકાક્ષરમંત્રથી બ્રહ્મની ઉપાસના કરવી જોઈએ.

પ્રાણ અને આદિત્ય બંને આપણા હૃદય કમળરૂપી આકાશના અંતરાલમાં વિચરણ કરી રહેલ છે ત્યાં આ ઓમકાર 'ૐ' અક્ષર દ્વારા અને ગાયત્રી દ્વારા પ્રાણની ઉપાસના કરવી જોઈએ.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

સંસારમાં બ્રહ્મના બે રૂપ મૂર્ત અને અમૂર્ત છે. જેમાં મૂર્ત (ભૌતિક) રૂપ અસત્ય છે. અને અમૂર્ત રૂપ સત્ય છે. બ્રહ્મ જયોતિ છે. અને જયોતિતે આદિત્ય છે તેજ પ્રણવ કે ૐ ઓમનો આત્મા છે. આત્મા જે ત્રણ રૂપોમાં પ્રગટ થયો છે તેજ ઓમકારની ત્રણ માત્રા છે અને આ ત્રણ માત્રાઓનાં વિવિધ તાણાવાણાથી આ વિશ્વ વણાયેલું છે. આ રીતની ભાવનાથી આદિત્ય (સૂર્ય)માં પ્રણવ અને આત્માનું ધ્યાન કરવું જોઈએ. આ પ્રણવ જ શરીરમાં રહેલો પ્રાણ છે. આ 'ઓમકાર'નું નામ જ અક્ષર બ્રહ્મ છે. આ રીતે આ અક્ષરને જાણનાર મનુષ્ય જે ઈચ્છે તે પ્રાપ્ત કરી શકે છે.આ રીતે આપણા ઋષિમૂનીઓએ ઓમકાર-પ્રાણ-સૂર્ય અને બ્રહ્મની ચોકકસ પ્રકારની એકાત્મતા દર્શાવી છે જેનો બ્રહ્મસુત્રો જેવા શાસ્ત્રોમાં પણ સ્વીકાર થયો છે.

આથી ઓમ દ્વારા વિશાળ તેજની (તેનીશકિતની) ઉપાસના થવી જોઈએ, જે તેજ પ્રાણ, આદિત્ય અને અગ્નિમાં પણ છે. આ આદિત્ય (સૂર્ય)નો રસ વિવિધ પ્રકારે (અગ્નિ, પ્રકાશ, વર્ષા, વિ. રૂપે) રસ રૂપમાં વૃષ્ટિ દ્વારા પૃથ્વી ઉપર આવે છે. અને તેમાંથી જ અન્ન તેમજ સજીવો-વનસ્પતિ અને પ્રજાઓ ઉત્પન્ન થાય છે. હાલનું વિજ્ઞાન પણ આજ કહે છેકે સૂર્ય પ્રકાશ (તેજ) ને કારણે જ પૃથ્વી ઉપર જીવ સૃષ્ટિ શકય બની છે !

સંસારની આ બધી દિવ્ય શકિતઓ સ્વસ્તિકરૂપ અર્થાત ચતુષ્પાદ એ એક જ બ્રહ્મના વ્યાકૃત રૂપો છે. અને આ જુદા જુદા દેવતાઓ અને તત્વોનો સમુદાય આત્મ તત્વમાં સમાયેલો છે. અને આ આત્મતત્વ જ ઈશ્વરરૂપે તમામ પ્રાણીઓનાં હૃદય પ્રદેશ (સ્પંદન)માં રહેલું છે. આમ આત્મા વિશ્વરૂપ (સર્વરૂપ) અને અગ્નિની માફક પ્રજવલીત (ચૈતન્ય) છે. તે અણુ પરમાણુ થી પણ મહાન શકિતશાળી છે. હાલના વિજ્ઞાને પણ અનેક પ્રકારના સંશોધનો કરી ને કહ્યું છે કે આ ચંદ્ર પૃથ્વીમાંથી અને પૃથ્વી સૂર્યમાંથી બનેલા છે. આપ્રમાણે અવકાશમાં આવેલી આકાશ ગગાઓમાં પણ સૂર્યો છે. અને છેલ્લા સંશોધનો મુજબ બ્લેક હોલ પણ આવા સૂર્યો (નિષ્ક્રીય) અને તારાઓના જ બનેલા છે ! આ સંશોધન કે તથ્યનું એટલે કે 'વિશ્વ સૂર્ય તેજ (એનર્જી)' હોવાનું પ્રતિપાદનતો આપણા ઋષિમુનીઓએ હજારો વર્ષ પહેલા કરેલું જ હતુ ! વિશ્વમાં શકિતએની એજ રહે છે. તેનું સ્વરૂપ રૂપાંતરણ થતુ રહે છે!

આ શ્રેષ્ઠ સનાતન (બ્રહ્મ અને આત્મ તત્વનો જે રીતે અમુક સંપ્રદાયો કુબુધ્ધિ પૂર્વક વૈદિક સમાજમાં ઘુસી ભગવા વસ્ત્રો ધારણ કરી પોતાના મતો (વિચારો સંપ્રદાયો)નો હાલમાં પ્રચાર કરવા લાગ્યા છે. તે પ્રમાણે પૂરાતન કાળમાં પણ આવા અનિષ્ટ તત્વો એ પ્રયત્ન કરેલાનું 'મૈત્રાયણી ઉપનિપદ'માં સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. જે અંગે તાજેતરમાં જ દ્વારકાના જગદગુરૂ શંકરાચાર્યજીએ વિવિધ મીડીયામાં અને સોશિયલ મીડીયામાં પણ સમાચારો આવેલા તેમાં વિવિધ સંપ્રદાયોના નામ જોગ ઉલ્લેખ કરી જણાવ્યું હતુ કે આવા સંપ્રદાયો હકિકતે ઈતિહાસ, શાસ્ત્રો અને સત્યથી વેગળા અને સમાજને નુકશાન કારક છે. કેમકે તેઓ ખોટા તર્કો અને મિથ્યા દ્રષ્ટાંતો ફેલાવી સમાજને ગુમરાહ કરી પોતાનો પ્રચાર કરે છે.

ઋષિ વેદવ્યાસજીએ પણ મહાભારતના નારાયણ પર્વમા આવા વિવિધ મતોનો ઉલ્લેખ કરી ને કહ્યું છે કે 'લોક માં આ પ્રમાણે ધર્મના ઘણા પંથો ઉઘડયા છે જેને લીધે વાયુથી જે રીતે વાદળો આમ તેમ ખેંચાયને છિન્નભિન્ન થઈ જાય તેવી દશા લોકોની બુધ્ધિની પણ થઈ જાય છે. જેને કારણે હાલમાં આપણા દેશમાં વિવિધ વિધર્મીઓને ખુલ્લુ મેદાન મળી ગયું છે બધુ ચાલે છે ! વિધર્મીઓ તેમના ધાર્મિક સ્થાનોનું બાંધકામ મંદિરો જેવું, તેવી માળાઓ અરે ડ્રેસકોડ કે પહેરવેશ પણ લગભગ મળતો ઝુલતો બનાવી આપણા સમાજના ઓછા અક્ષરજ્ઞાન વાળા લોકોમાં ભ્રમ ફેલાવી વટલાવવાની ચાલ ચાલી રહ્યા ઝછે.

મૈત્રાયણી ઉપનિષદ કાળમાં પણ અનેક મત, પંથ; વ્રત; ગણ; ગચ્છ; વિગેરેની ભ્રાંતિમય ઝંઝટને લીધે જનસમાજની સ્થિતિ હાલનાં જેવી જ થઈ હતી. તેથી આવા સંપ્રદાયોથી સનાતનીઓને સાવધાન કરવામાં આવ્યા હતા. અને તેથીજ લોકોને આવા ભ્રમમાંથી બહાર કાઢવા માટે સત્ય સમજાવવા માટે વિષ્ણુપુરાણ, લિંગપુરાણ, વિગેરે ગ્રંથો રચીને ઋષિમૂનીઓએ સનાતન ધર્મને સુરક્ષીત રાખવા પ્રયત્ન કર્યો હતો.

**વિશ્વ રસઃ 'અમેરીકાની નાસા સંસ્થાએ બ્રહ્માંડમાં અવકાશમાં 'ઓમકાર'નાદને રેકર્ડ કર્યું છે. જે સનાતન ધર્મની સત્યતા અને વાસ્તવિકતાનું સર્મથન છે.**

# બ્યુટી-વેલનેસ સેગમેન્ટમાં રિલાયન્સ રિટેલ લીમીટેડ દ્વારા કરાયું વધુ એક હસ્તાંતરણ

## હિમાલય પહાડોનાં સોર્સિંગમાં મૂળિયા ધરાવતી અને પ્રકૃતિની શકિતથી સંચાલિત બ્રાન્ડનું એકીકરણ



**અબતક,રાજકોટ**

ભારતની સૌથી મોટી રિટેલર, રિલાયન્સ રિટેલ લિમિટેડે પહાડી ગુડનેસ પ્રાઈવેટ લિમિટેડ પાસેથી 'પહાડી લોકલ' બ્રાન્ડનું તેના બિઝનેસ સહિત હસ્તાંતરણ પૂર્ણ કર્યાની આજે જાહેરાત કરી છે. 'પહાડી લોકલ' ઝડપથી વિકસી રહેલી ભારતીય બ્યૂટી અને વેલનેસ બ્રાન્ડ છે જે તેની પ્રકૃતિ આધારિત, હિમાલયના કુદરતી સ્રોતોથી પ્રેરિત ફોર્મ્યુલેશન્સ માટે જાણીતી છે.

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુશ્રી ઈશા અંબાણીએ આ બિઝનેસ એક્વિઝિશન અંગે જણાવ્યું હતું કેઃ રિલાયન્સ રિટેલ ખાતે અમારું ધ્યાન એવી બ્રાન્ડ્સ તૈયાર કરવા પર છે જે અધિકૃતતા સાથે નવીનતા અને અર્થપૂર્ણ ગ્રાહક સંલગ્નતાનું સંયોજન કરે છે. પહાડી લોકલના મૂળિયા હિમાલયની વેલનેસ પરંપરાઓમાં ઊંડા ઉતરેલા છે અને જવાબદારીપૂર્વક સોર્સિંગ પ્રત્યે તેની પ્રતિબદ્ધતા થકી તે અમારી બ્યૂટી ઈકોસિસ્ટમમાં એક આકર્ષક ઉમેરો બને છે. અમે અમારા ઓમ્ની ચેનલ નેટવર્ક અને અનુભવી રિટેલ પ્લેટફોર્મ્સ દ્વારા આ બ્રાન્ડને વિકસાવવા અને વિસ્તૃત બનાવવા માટે ઉત્સાહિત છીએ, સાથે જ તેની ઓળખ સમાન શુદ્ધતા, અખંડિતતા અને તેની પાછળના કથાનકને પણ કાળજીપૂર્વક જાળવી રાખીશું.

# કચ્છઃ આદ્યશક્તિના આરાધના પર્વ 'ચૈત્રી નવરાત્રી'એ ૧૮મીથી માતાના મઢમાં થશે ભક્તિનો મહાસંગમ

## ૨૫મી માર્ચે યોજાશે ભવ્ય હોમાદિક ક્રિયા, માં આશાપુરાના સાનિધ્યમાં પવિત્ર હોમ-હવન અને દર્શનનો લ્હાવો

**અબતક, રાજકોટ**

ભુજથી ૧૦૦ કિમી દૂર આવેલું ૧૯મી સદીનું ભવ્ય તીર્થધામ માતાનો મઢ, આદ્યશક્તિ માં આશાપુરાના આરાધના પર્વ માટે સજ્જ થઈ રહ્યું છે. આ વર્ષે ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ૧૮ માર્ચ ૨૦૨૬, બુધવારના રોજ થશે. આ દિવસે રાત્રે ૦૭૦૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે ઘટસ્થાપન કરવામાં આવશે. શક્તિ ઉપાસનાના આ મહાપર્વમાં દેવીના નવ સ્વરૂપો શૈલપુત્રીથી માંડીને સિદ્ધિદાત્રી સુધીની પૂજા-અર્ચનાનું વિશેષ મહત્વ છે, જેના અનુષ્ઠાનથી ભક્તોને ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તેવી શ્રદ્ધા રહેલી છે.

ઉત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભવ્ય હોમાદિક ક્રિયા ૨૫ માર્ચ ૨૦૨૬, બુધવાર (ચૈત્ર સુદ-૭) ના રોજ યોજાશે. આ વિધિ રાત્રે ૦૮૩૦ કલાકે શરૂ થશે, જેમાં ગોર મહારાજ શ્રી દેવપ્રસાદ મૂળશંકર જોષી હવનની સંપૂર્ણ વિધિ કરાવશે. મધ્યરાત્રિએ ૦૧૦૦ કલાકે અધ્યક્ષ રાજાબાવાશ્રી યોગેન્દ્રસિંહજી દ્વારા હવનમાં બિડું હોમવામાં આવશે. આ પવિત્ર ક્ષણે રાજવી પરિવાર અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહી મંત્રોચ્ચાર, ફળો અને ફૂલોની આહુતિ આપી વાતાવરણને ભક્તિમય બનાવશે. કચ્છની ધરણીધર માં આશાપુરા પર અપાર શ્રદ્ધા ધરાવતા પદયાત્રીઓ માટે આ સમયગાળો વિશેષ છે. સૌરાષ્ટ્ર અને કચ્છના ખૂણેખૂણેથી ભક્તો કઠોર પરિશ્રમ કરી પગપાળા માતાજીના દર્શને આવે છે.



પદયાત્રીઓની સેવા માટે માર્ગો પર સેવાભાવી લોકો દ્વારા વિનામૂલ્યે ભોજન, ચા-નાસ્તો અને તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે. પદયાત્રીઓ પણ જાણે માં આશાપુરા તેમની સાથે જ ચાલી રહી હોય તેવો દિવ્ય અહેસાસ અનુભવે છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે રહેવા, જમવા અને દર્શનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રસ્ટીશ્રીઓ અને સેવકગણ દ્વારા ભક્તોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે મંદિરમાં શ્રીફળ વધેરવાની મનાઈ છે, તેમજ ધાર્મિક મર્યાદા જળવાય તેવા વસ્ત્રો પહેરવા અને વ્યસનમુક્ત રહી સ્વચ્છતા જાળવવી. મથુરસિંહ જાડેજા, દીલુભા ચૌહાણ અને અન્ય સેવકોના માર્ગદર્શન હેઠળ લાખો શ્રદ્ધાળુઓની આશાઓ પૂર્ણ કરતું આ ધામ સૌના કલ્યાણ માટે કાર્યરત છે.

# દવાની રોગ પ્રતિકારકતાની અસર મા ફાર્માસિસ્ટની ભુમિકા અંગે યોજાયો માર્ગદર્શન સેમીનાર

## એન્ટી માઈક્રોબીયસ રસિસ્ટ્રેન્સ અંગે નિષ્ણાંતો દ્વારા અપાયું વિસ્તુત જાણકારી

**અબતક, રાજકોટ**

બી.કે. મોદી ફાર્મસી કોલેજ - રાજકોટ દ્વારા સરકારી પોલિટેકનિક - રાજકોટના સહયોગથી એન્ટિ-માઈક્રોબીયલ રસિસ્ટન્સ સામેની લડાઈમાં ફાર્માસિસ્ટની ભૂમિકા વિશે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ ભરત પટેલ, ઉપપ્રમુખ કશ્યપ પટેલ, સૌરાષ્ટ્ર-કચ્છ ડ્રગિસ્ટ અને કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ મયુરસિંહ જાડેજા, રાજકોટ ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ તથા GSPC ના ચૂંટાયેલા સભ્ય સત્યેન પટેલ, બી.કે. મોદી ફાર્મસી કોલેજ રાજકોટના પ્રિન્સિપાલ ડો.



### રાજકોટમાં ગુજરાત ફાર્મસી કાઉન્સીલનું કેન્દ્ર શરૂ કરવાની કવાયત

અશ્વિન દૂધરેજિયા અને સરકારી પોલિટેકનિક રાજકોટના પ્રિન્સિપાલ ડો. આશિત પંડ્યાએ હાજરી આપી હતી.

ડો. અશ્વિન દૂધરેજિયા દ્વારા જણાવાયું હતું કે એન્ટિ-માઈક્રોબીયલ રસિસ્ટન્સ (AMR) ત્યારે થાય છે જ્યારે સુક્ષ્મસજીવો (બેક્ટેરિયા, વાયરસ, ફૂગ અને પરોપજીવી) તેમને મારવા માટે રચાયેલ એન્ટિમાઈક્રોબીયલ દવાઓનો સામનો કરવા માટે વિકસિત થાય છે, જે પ્રમાણભૂત સારવારને બિનઅસરકારક બનાવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર ૨૦૧૯ માં AMR એ સમગ્ર વિશ્વમાં ૪.૭ મિલિયન મૃત્યુમાં ફાળો આપ્યો હતો. અખછ હાલ વિશ્વસ્તરે ૭૦ લાખ લોકો મૃત્યુ નું કારણ છે અને જો આ વિષય ને ગંભીરતાથી લઈને તેને રોકવા પર કામ નહીં કરવામાં આવે તો ૨૦૫૦ સુધીમાં આ આંકડો ૧ કરોડ સુધી પહોંચવા ની સંભાવના છે તથા હોસ્પિટલ માં લગતા ઈન્ફેકશન માં દર ૬ દર્દી માંથી ૧ દર્દી AMR થી મૃત્યુ પામે છે. ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલના પ્રમુખ ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે સુપરબગ્સ, ડ્રગ પ્રતિકાર અને ખર્ચાળ ઉપચારના મુદ્દાઓ મુખ્યત્વે અખછસાથે સંકળાયેલા છે. વૈશ્વિક સ્તરે, છ મૃત્યુમાંથી એક મૃત્યુ અખછ-સાથે સંકળાયેલું છે. આ કાર્યક્રમ એ AMR વિશે જાગૃતિ ફેલાવવા તરફ એક પહેલું પગલું હતું. પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી એ પોતાની મન કી બાત માં સમગ્ર દેશજનો નું ધ્યાન અખછની સંભવિત આફત પર દોર્યું હતું.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ અને બી.કે. મોદી ફાર્મસી કોલેજ વચ્ચે રાજકોટમાં ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલનું પ્રાદેશિક કેન્દ્ર સ્થાપિત કરવા માટે ૧૩/ ૩/૨૦૨૬ ના રોજ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવનાર છે. જેથી કોલેજમાં સ્થાનિક સ્તરે નોંધણી પ્રક્રિયા સાથે આવનારા ફાર્માસિસ્ટને સુવિધા મળે અને સેન્ટરનો લાભ સૌરાષ્ટ્ર - કચ્છ ના વિદ્યાર્થીઓને તથા ફાર્મસીસ્ટો ને મળવાનો છે

ભરત પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા મન કી બાતમાં AMR ની મહત્વપૂર્ણતા અંગેના સંબોધનનો ઉલ્લેખ કરીને આ મુદ્દાની સંવેદનશીલતા પર ભાર મૂકયો હતો. કશ્યપ પટેલે GSPC ના પ્રાદેશિક કેન્દ્રની સ્થાપનાના ભાવિ ફાયદાઓ પર પ્રકાશ પાડયો હતો. મયુરસિંહ જાડેજાએ પ્રિસ્ક્રિપ્શન મુજબ દવાઓ જારી કરવામાં ફાર્માસિસ્ટની જવાબદારી અને નૈતિક ભૂમિકા વિશે વાત કરી હતી. સત્યેન પટેલે એન્ટિબાયોટિક્સના દુરુપયોગ સામે લડવામાં ફાર્માસિસ્ટની ભૂમિકા પર ભાર મૂકયો હતો. ડો. અશ્વિન દૂધરેજિયાએ આંકડાકીય તથ્યો સાથે સરળ ભાષામાં AMR ની મહત્વપૂર્ણતા સમજાવી હતી. ડો. આશિત પંડ્યાએ વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચેના નિયમોની તુલના કરીને પ્રિસ્ક્રિપ્શન હેન્ડલિંગ કેવી રીતે સુધારી શકાય તે અંગે સૂચનો આપ્યા.

એન્ટી માઈક્રોબીયલ રેજિસ્ટન્ટ ના આ અવેરનેસ સેમીનાર નું સફળ કો-ઓર્ડિનેશન બી. કે. મોદી સરકારી ફાર્મસી કોલેજના વ્યાખ્યાતા, ડો. રમેશ પરમાર અને સંચાલન ડો. નીલેશ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું

# કલ્યાણના કાર્યો માટે જનકલ્યાણ ટ્રસ્ટને ઉદ્યોગપતિ જીતુભાઈ રવાણીના હસ્તે મારુતિ વાન અર્પણ

**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ નિરંતર રકતદાન કેમ્પ, ધાબળા વિતરણ, મીઠાઈ વિતરણ, ફરસાણ વિતરણ, ચપ્પલ વિતરણ છાશ વિતરણ વગેરે જેવી પ્રવૃત્તિઓ દાતાઓના સાથ અને સહકારથી કરી રહ્યું છે ત્યારે આ બધા વિતરણમાં ટ્રસ્ટને ખૂબ જ ઉપયોગી એવા વાહનની જરૂર હતી. ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિને ધ્યાને લઈ ઉદ્યોગપતિ જીતુભાઈ રવાણીએ તથા આનંદભાઈ રવાણી એ જનકલ્યાણ ટ્રસ્ટને નવી ઈકો મારુતિ વાન ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ચક્ષુદાતા પરિવારના સન્માન



સમારોહમાં અર્પણ કરેલ છે. ડેકોરા ગ્રુપના જમનભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ સમારંભમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલારા, વસંતભાઈ લીંબાસીયા, ચાર્ટર્ડ એકાઉન્ટ હેમલભાઈ મોદી, વગેરે જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૮૨૪-ચક્ષુદાન, ૪૮- સ્કીન ડોનેશન, ૬૫ - દેહદાન થયેલ છે. વધુ માહિતી માટે ચેરમેન, ઉમેશ મહેતાનો ૯૪૨૮૫૦૬૦૧૧ સંપર્ક કરો

# કોઠારીયા નાકા પાસે મામા સાહેબના સાનિધ્યમાં ખોડીયાર માતાજીના માંડવામાં ઉમટયું માનવ મહેરામણ

## ૧૦૦૦થી વધુ કુવારીકાઓને ભાવતા ભોજનીયા પીરસાયા

**અબતક, રાજકોટ**

રાજકોટના હાર્દ સમાન કોઠારિયા નાકા પર બિરાજમાન શ્રી મામા સાહેબ મંદિરના સાનિધ્યમાં ભકિતમય માહોલ જોવા મળ્યો હતો. ખોડીયાર માતાજીના ૨૪ કલાકના ભવ્ય પંચાવ માંડવાનું આયોજન અત્યંત ભાવપૂર્વક અને શ્રદ્ધા સાથે સંપન્ન થયું છે.

આ પ્રસંગે આખું વાતાવરણ દૈવી શકિતની ઉપાસના અને ભક્તિના રંગે રંગાયેલું જણાતું હતું. સુપ્રસિદ્ધ રાવળ દેવ ધર્મેશભાઈ રાવળ અને પ્રતિકભાઈ રાવળ દ્વારા જ્યારે માતાજીની સ્તુતિ અને આખ્યાન પીરસવામાં આવ્યા, ત્યારે ઉપસ્થિત સૌ ભકતો ભાવવિભોર બન્યા હતા. ડાકની દાંડીએ અને ભકિતના નાદે વાતાવરણમાં એક અલગ જ દૈવી ચેતના જગાવી હતી.

જેમાં હર્ષોલ્લાસ સાથે કુવારીકા પૂજન કરવામાં આવ્યું હતું અને રાત્રે હજારો ભકતોએ ભોજન પ્રસાદ અને મહાપ્રસાદ નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

આ રૂડા અવસરે રાજકોટના શ્રેષ્ઠીઓ, ભુવાઓ તેમજ બહોળી સંખ્યામાં માઈભક્તોએ ઉપસ્થિત રહી માતાજી અને મામા સાહેબના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

શ્રી કોઠારિયા નાકા મામા સાહેબ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ કેવલભાઈ પાટડીયા, મંત્રી કરણ પાટડીયા, સહમંત્રી હરેશ વધેરા, ખજાનચી મોહિલભાઈ મકવાણા તથા ટ્રસ્ટીગણ વિશાલ સોનારા, નારણ ગોહેલ, સંજય પોપટ, ધવલસિંહ ઝાલા, જયપાલસિંહ ઝાલા અને જીગ્નેશભાઈ લાંભીયાના અથાક પરિશ્રમથી આ ધાર્મિક મહોત્સવ યાદગાર બની રહ્યો હતો.

ભવ્ય આયોજન દરમિયાન ટ્રસ્ટના સહયોગીઓએ વ્યવસ્થાની ધૂરા સંભાળી હતી.

૧૦૦૦થી પણ વધારે નાની બાળાઓ (કુંવારીકાઓ)ને પૂજન બાદ અત્યંત પ્રેમપૂર્વક તેમનું ભાવતું ભોજન પીરસવામાં આવ્યું હતું અને કુંવારિકાઓને લાણી તરીકે ટ્રસ્ટ દ્વારા સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ફેમિલી પેન્સનના લાભ માટે કલેકટરને અપાશે આવેદન, ગુરૂવારે એકઠા થવા અનુરોધ

**અબતક,રાજકોટ**

રાજકોટ જીલ્લા પેન્શનર અને સિનીયર સિટીઝન સમાજના પ્રમુખની યાદી જણાવે છે કે પેન્શનરના વિધવા, ત્યકતા અને અપરિણીત પુત્રીઓને કેન્દ્ર સરકારના ધોરણે ફેમીલી પેન્શનનો લાભ આપવા ના. સરકાર પરિપત્ર કરે તેવી માંગણીનું આવેદન પત્ર લાભાર્થી બહેનો તરફથી જિલ્લા કલેકટર દ્વારા મુખ્યમંત્રીને પાઠવવાનો કાર્યક્રમ તા. ૧૨/૦૩/૨૦૨૬ને ગુરુવારે રાખવામાં આવેલ છે, તો રાજકોટ શહેર તેમજ આજુ-બાજુના તાલુકામાં રહેતા જે કોઈ આવા પેન્શન પાત્ર બહેનોને જાણ કરવામાં આવે છે કે તા. ૧૨/૦૩/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારના ૦૯:૩૦ કલાકે રાજકોટ ખાતે બહુમાળી ભવન કેન્ટીન પાસે એકઠા થવા જણાવાયું છે.

વધુ માહિતી માટે હારિતસિંહ જાડેજા મો. ૯૪૨૬૨ ૬૭૫૭૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# લોકસભામાં સ્પીકર બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ: ૫૦થી વધુ સાંસદોએ તરફેણમાં મતદાન કર્યું

## વિપક્ષના સતત હોબાળા વચ્ચે, સ્પીકરે લોકસભા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી હતી, જો કે સ્પીકરના અવિશ્વાસ પ્રસ્તાવ મંજુર થતા ૧૦ કલાકના મહામંથનની શરૂઆત

**અબતક, રાજકોટ**

લોકસભામાં, વિપક્ષે સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો છે. ૫૦થી વધુ સાંસદોએ તરફેણમાં મતદાન કર્યું. ત્યારબાદ પ્રિસાઈડિંગ ઓફિસરે પ્રસ્તાવ રજૂ કરવાની મંજૂરી આપી. હવે આ પ્રસ્તાવ પર ૧૦ કલાક ચર્ચા કરવામાં આવશે.વિપક્ષે ઓમ બિરલા પર ગૃહની કાર્યવાહીમાં પક્ષપાત કરવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસે સ્પીકરની ગેરહાજરીમાં ડેપ્યુટી સ્પીકરની નિમણૂક ન કરવા પર



સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું- દેશનું નેતૃત્વ નબળું અને કાયર છે. આ પહેલા સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો બીજા દિવસે ફક્ત ૩૫ મિનિટ કાર્યવાહી ચાલી હતી. લોકસભા શરૂ થતાં જ, વિપક્ષે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ, ભારત પર તેની અસર અને દેશના ઉર્જા ક્ષેત્રની સ્થિતિ પર ચર્ચાની માંગણી સાથે હોબાળો મચાવ્યો હતો.લોકસભામાં વિપક્ષી સાંસદો 'દેશ કો બચાના હૈ, મોદી કો હટાના હૈ' વોટ ચોર ગદ્દી છોડ ના સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. તેમણે ચૂંટણી પંચ પર વોટની દલાલી કરવાનો આરોપ પણ લગાવ્યો. આ દરમિયાન, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતો અને કૃષિ સંબંધિત પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

તેમણે કહ્યું કે ભારતે ચોખા અને ઘઉંના ઉત્પાદનમાં ચીનને પાછળ ધકેલી દીધું છે. શિવરાજ સિંહના ભાષણ દરમિયાન વિપક્ષે હોબાળો ચાલુ રાખ્યો, જેના પર શિવરાજ સિંહે કહ્યું કે દેશ વિપક્ષનો તમાશો જોઈ રહ્યો છે. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં કેન્દ્ર સરકારની યોજનાઓને લાગુ થવા દીધી નહીં. વિપક્ષના સતત હોબાળા વચ્ચે, સ્પીકરે લોકસભા બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.

### સરકારે છેલ્લા ઘણા વર્ષોથી ડેપ્યુટી સ્પીકરનું પદ ખાલી રાખ્યું છેઃ કેસી વેણુ ગોપાલ

લોકસભામાં ડેપ્યુટી સ્પીકરની નિમણૂકને લઈને રાજકીય ચર્ચાઓ તેજ બની છે. કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે આરોપ લગાવ્યો છે કે સરકારે છેલ્લા ઘણા વર્ષોથી ડેપ્યુટી સ્પીકરનું પદ ખાલી રાખ્યું છે, જેના કારણે એક પ્રકારનો બંધારણીય શૂન્યાવકાશ સર્જાયો છે. તેમણે કહ્યું કે ગૃહમાં એવા સભ્યની પસંદગી કરવી જોઈએ જે અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન કાર્યવાહીનું અધ્યક્ષપદ સંભાળી શકે.બીજી તરફ, ભાજપના નેતા રવિશંકર પ્રસાદે વિપક્ષના આરોપોને નકારી કાઢતા કહ્યું કે વિપક્ષની વાંધાઓ સંપૂર્ણપણે પાયાવિહોણા છે અને સંસદની કાર્યવાહી નક્કી કરેલા નિયમો મુજબ જ ચાલી રહી છે.લોકસભામાં સ્પીકરને હટાવવાના પ્રસ્તાવ પર ચાલી રહેલી ચર્ચા દરમિયાન જગંદબિકા પાલની અધ્યક્ષતાને સરકારનું સમર્થનમળ્યું છે.

# ચાંદીમાં રૂ.૮ હજાર અને સોનામાં રૂ.૧૫૦૦નો ઉછાળો

## સોનું ઉછળીને રૂ.૧.૬૨ લાખ અને ચાંદી રૂ.૨.૭૫ લાખે પહોંચી, ક્રૂડ ઓઈલ ગગડીને ૮૯ ડૉલરએ પહોંચ્યું

**અબતક, નવી દિલ્હી**

ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને ભૌગોલિક રાજકીય તણાવની સીધી અસર હવે વૈશ્વિક બજારો પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. રોકાણકારોમાં ડર અને અનિશ્ચિતતાનો માહોલ હોવાથી સલામત રોકાણ ગણાતા સોનાનો ભાવ વધીને ૧.૬૨ લાખ રૂપિયા અને ચાંદીનો ભાવ ૨.૭૫ લાખ રૂપિયાએ પહોંચી ગયો છે. જ્યારે બીજી તરફ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક મહત્વપૂર્ણ નિવેદન બાદ ક્રૂડ ઓઈલના ભાવમાં કડાકો બોલતા તે ૮૯ ડૉલરની સપાટીએ આવી ગયા છે.

યુદ્ધના ભય વચ્ચે રોકાણકારો સુરક્ષિત વિકલ્પ શોધી રહ્યા હોવાથી ૧૦મી માર્ચે સોના અને ચાંદીના ભાવમાં આસમાની ઉછાળો આવ્યો છે. બજારના આંકડા મુજબ, એક કિલોગ્રામ ચાંદીના ભાવમાં ૮,૦૦૦ રૂપિયાનો જંગી વધારો થતાં તે ૨.૭૫ લાખ રૂપિયાની સપાટીએ પહોંચી ગઈ છે. બીજી તરફ, એમસીએક્સ ફ્યુચર્સ માર્કેટમાં ૨૪ કેરેટ સોનાના ભાવમાં ૧,૫૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો છે, જેના પરિણામે ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧.૬૨ લાખ રૂપિયાના ઐતિહાસિક સ્તરે ટ્રેડ થઈ રહ્યો છે.

યુદ્ધ શરૂ થયા બાદ જે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી ગયા હતા, તેમાં ૧૦મી માર્ચે મોટો ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના સરેરાશ ભાવ ઘટીને ૮૯ ડૉલર થયા છે. એશિયન ટ્રેડિંગની શરૂઆતમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ લગભગ ૮.૫ ટકા ઘટીને ૯૨.૫૦ ડૉલર પ્રતિ બેરલની સપાટીએ આવી ગયા હતા, જે નવમી માર્ચે ૧૧૫ ડૉલર પર હતા. આ સાથે જ અમેરિકાના ક્રૂડ ઓઈલ ડબ્લ્યુટીઆઈમાં પણ લગભગ ૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે અને તે ૮૮.૬૦ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં આવેલા આ અચાનક ઘટાડા પાછળ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું એક નિવેદન મુખ્ય કારણ માનવામાં આવે છે. સોમવારે (નવમી માર્ચ) ડોનાલ્ડ ટ્રમ્પે વૈશ્વિક શાંતિ અંગે આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'વર્તમાન યુદ્ધ ખૂબ જ ટૂંક સમયમાં સમાપ્ત થશે.' તેમના આ નિવેદનથી વૈશ્વિક સપ્લાય ચેઈનને લઈને રહેલી અનિશ્ચિતતા અને ભય હળવો થયો છે, જેના કારણે રોકાણકારોનો વિશ્વાસ ફરીથી બજારમાં પરત ફરતા ક્રૂડના ભાવ કાબૂમાં આવ્યા છે.

બજારમાં આજે ક્રૂડ ઓઈલના ભાવમાં રાહત જોવા મળી હોવા છતાં, આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે સ્થિતિ હજુ સંપૂર્ણપણે થાળે પડી નથી. વર્તમાન ક્રૂડના ભાવ યુદ્ધ શરૂ થયા પહેલાના સમયગાળાની સરખામણીએ હજુ પણ ૩૦ ટકા જેટલા વધારે છે. નિષ્ણાતો ચેતવણી આપે છે કે જો યુદ્ધવિરામ બાબતે કોઈ સત્તાવાર અને નક્કર નિર્ણય નહીં લેવાય, તો બજારમાં ફરીથી વોલેટાલિટી જોવા મળી શકે છે.

વર્તમાન વોલેટાઈલ માર્કેટમાં નિષ્ણાતો નાના રોકાણકારોને સાવચેતી રાખવાની સલાહ આપી રહ્યા છે. યુદ્ધની સ્થિતિના કારણે શેરબજારમાં મોટા ઉતાર-ચઢાવ આવી શકે છે. તેથી, બધું જ ભંડોળ એક જ જગ્યાએ રોકવાને બદલે પોર્ટફોલિયોને ડાઈવર્સિફાય રાખવો હિતાવહ છે. સોનામાં રોકાણ સુરક્ષિત મનાય છે, પરંતુ ઊંચા મથાળે ઉતાવળમાં મોટી ખરીદી ટાળવી જોઈએ.

મધ્ય પૂર્વમાં તણાવના કારણે માત્ર ઓઈલ જ નહીં, પરંતુ અન્ય ચીજવસ્તુઓની વૈશ્વિક સપ્લાય ચેઈન પણ ખોરવાઈ શકે છે. જો હોર્મુઝની સામુદ્રધુની જેવા મહત્વના વેપારી સામુદ્રિક માર્ગો પર અવરોધ ઉભો થાય, તો ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં ધરખમ વધારો થઈ શકે છે. જેની સીધી અસર દુનિયાભરમાં મોંઘવારીના વધારાના રૂપમાં જોવા મળી શકે છે.

# ૫૪૫ કરોડના જીએસટી કૌભાંડમાં ભ્રષ્ટાચારની શંકાઃ ૫ અધિકારીની બદલી

## નવી દિલ્હીના હેડક્વાર્ટર તરફથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો, માર્ચ મહિનો પૂરો થાય નહીં ત્યાં સુધી કોઈ નવા દરોડા નહીં પાડવાના આદેશો અપાયા હોવાનું સામે આવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટમાંના ૫૪૫ કરોડના બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડની તપાસ દરમિયાન ભ્રષ્ટાચારની ચોક્કસ શંકા વચ્ચે મોટો વળાંક આવ્યો છે. બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ દ્વારા અંદાજે ૫૪૫ કરોડનું કૌભાંડ કરવામાં આવ્યું હોવાની તપાસ ચાલી રહી હતી. તપાસ દરમિયાન કેટલીક કાર્યવાહી અને કેસોની પતાવટમાં ગેરરીતિ તેમજ ભ્રષ્ટાચારની ગંધ આવતા અમદાવાદની ડાયરેક્ટર જનરલ ઓફ સેન્ટ્રલ જીએસટી ઈન્ટેલિજન્સ ટીમે તપાસ પોતાના હાથમાં લીધી છે. જ્યારે ૫ ઈન્ટેલિજન્સ અધિકારીઓની આંતરિક ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. આ કેસમાં બે વેપારીની ધરપકડ કરવામાં આવી હતી તેમજ જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.સમગ્ર ઘટનાક્રમ બાદ નવી દિલ્હીના હેડક્વાર્ટર તરફથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર માર્ચ મહિનો પૂરો થાય નહીં ત્યાં સુધી કોઈ નવા દરોડા નહીં પાડવા તેવા આદેશો બહાર પાડવામાં આવ્યા છે, જેના કારણે વિભાગમાં ભારે ફફડાટ ફેલાયો છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ સેન્ટ્રલ જીએસટી ઈન્ટેલિજન્સના અધિકારીઓ દ્વારા આડેધડ કેસો નોંધવા સહિત કેસોની પતાવટમાં નાણાકીય લેવડદેવડના આક્ષેપો સામે આવતા ઉચ્ચ સ્તરે ગંભીરતા દાખવવામાં આવી છે.

જીએસટીની તપાસ દરમિયાન ૫૪૫ કરોડ રૂપિયાનું બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ ખૂલ્યુ હતું. જેની તપાસમાં અમદાવાદ, રાજકોટ અને ગાંધીધામના ૫ ઈન્ટેલિજન્સ અધિકારીઓ સામે નાણાકીય લેવડદેવડ, કેસોની પતાવટ અને પુરાવા વગર અટકાયત જેવી અનેક ફરિયાદો મળતા તેમની ટ્રાન્સફર કરવામાં આવી છે.ડિપાર્ટમેન્ટમાંથી જાણવા મળતી માહિતી મુજબ ગત એપ્રિલ મહિનાથી ફેબ્રુઆરી મહિના સુધીમાં અંદાજે ૧૦૦૦ કરોડથી વધુની જીએસટી ચોરી અંગેના કેસ નોંધવામાં આવ્યા હતા અને ૫થી વધુ વેપારીની ધરપકડ પણ કરવામાં આવી હતી. જોકે હાલ અધિકારીઓ સામે ભ્રષ્ટાચારની તથા આડેધડ મનસ્વી રીતે તપાસના આક્ષેપોની અનેક ફરિયાદો મળતા આ કેસોની તપાસ પર મોટી અસર પડી રહી છે. આ તમામ બાબતો વચ્ચે સેન્ટ્રલ ઈન્ટેલિજન્સની અમદાવાદ ઓફિસમાંથી પાડવામાં આવતા દરોડામાં કેટલાક અધિકારીઓના નામ સામે આવતા વિભાગમાં ચકચાર મચી ગઈ છે.તાજેતરમાં એક કંપનીમાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો સામે આવ્યા હતા અને તેની તપાસ હજુ ચાલુ છે. અગાઉ પણ ડીજીજીઆઈના અમદાવાદ ઓફિસમાં ફરજ બજાવતા ઈન્ટેલિજન્સ અધિકારીની ઈન્ટરનેશનલ સ્કૂલોની તપાસ દરમિયાન અન્યત્ર બદલી કરવામાં આવી હતી. ઉપરાંત ડીઆરઆઈના અમદાવાદના એક અધિકારી સામે પણ આક્ષેપો થતા તેમની ટ્રાન્સફર કરવામાં આવી હતી. એટલું જ નહીં, અમદાવાદના આઈસીડી ખોડિયાર ખાતે ફરજ બજાવતા કસ્ટમ ઈન્સ્પેક્ટરની પણ ભ્રષ્ટાચારના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનાક્રમને લઈને વિભાગમાં ભારે હલચલ મચી ગઈ છે અને ચાલી રહેલી લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાની જીએસટી ચોરીના કેસોની તપાસ પર હવે મોટી અસર પડી રહી છે.

### સ્થાનિક સ્વરાજની ચૂંટણી

# કોંગ્રેસ ૫૦ ટકા બેઠકો પર ૫૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓને પ્રાથમિકતા આપશે

## કાલથી ૨૦ માર્ચ સુધી આખા ગુજરાતમાં સંભવિત ઉમેદવારોને રૂબરૂ સાંભળવાની અને પેનલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષે પોતાની વ્યૂહનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ગુજરાતની ૧૫ મહાનગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત, ૨૬૨ તાલુકા પંચાયત અને ૮૩ નગરપાલિકાની લગભગ ૧૦,૦૦૦ જેટલી બેઠકો પર આ ચૂંટણીઓ યોજાવાની છે, જે ગુજરાતના ૯૫% વિસ્તારને આવરી લે છે. કોંગ્રેસ પક્ષે આ માટે સંગઠન સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી છે અને આગામી ૧૧ માર્ચથી ૨૦ માર્ચ સુધી આખા ગુજરાતમાં સંભવિત ઉમેદવારોને રૂબરૂ સાંભળવાની અને પેનલ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વખતે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયામાં પ્રદેશ સમિતિનો સીધો હસ્તક્ષેપ નહીં રહે અને સ્થાનિક કક્ષાની સમિતિઓ જ ઉમેદવારોના નામ નક્કી કરશે તેવી મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે.

અમિત ચાવડાએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ માટે ઉમેદવારોની પસંદગી અંગે જણાવ્યું કે, આ વખતે કોંગ્રેસ પક્ષ ૫૦% બેઠકો પર ૫૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને પ્રાથમિકતા આપશે. પક્ષનો ઉદ્દેશ્ય શિક્ષિત, સક્ષમ અને પ્રજાની વચ્ચે રહીને પ્રમાણિકતાથી કામ કરનારા લોકોને રાજકારણમાં લાવવાનો છે. ખાસ કરીને મહિલાઓ, એસસી, એસટી અને ઓબીસી વર્ગના સક્ષમ ઉમેદવારોને પણ પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તેઓ પોતાના વિસ્તારના પ્રશ્નોને મજબૂતીથી વાચા આપી શકે.

ટેકનોલૉજીનો ઉપયોગ કરીને પારદર્શિતા લાવવા માટે કોંગ્રેસે ૧૫ મહાનગરપાલિકાઓ માટે એક ઓનલાઈન પ્લેટફોર્મ અને ક્યુઆર કોડ પણ જાહેર કર્યો છે. જે કોઈપણ શિક્ષિત કે સેવાભાવી વ્યક્તિ જાહેર જીવનમાં આવીને કામ કરવા માંગતી હોય, તે આ ક્યુઆર કોડ સ્કેન કરીને પોતાની ઉમેદવારી નોંધાવી શકશે. આ પ્રક્રિયા દ્વારા કોંગ્રેસ એવા લોકોને પ્લેટફોર્મ પૂરું પાડવા માંગે છે જેઓ ભ્રષ્ટાચાર સામે લડવા અને પ્રજાલક્ષી વહીવટ આપવા માટે કટિબદ્ધ હોય.

### ભ્રષ્ટાચાર અને બોગસ મતદાર યાદીના મુદ્દે કોંગ્રેસ ભાજપને ઘેરશે

મતદાર યાદીમાં થયેલા મોટા ફેરફારો અંગે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની મતદાર યાદીમાં વર્ષોથી મોટાપાયે ગોટાળા અને વોટ ચોરી ચાલતી હતી.એસઆઈઆરની પ્રક્રિયા બાદ જે નવી યાદી બહાર પડી છે, તેમાં આશરે ૭૦ લાખ જેટલા બોગસ કે ડુપ્લીકેટ મતદારોના નામ કમી થયા છે. આ બાબત સ્પષ્ટ કરે છે કે છેલ્લા ૨૦ વર્ષથી ભાજપ શાસન આ પ્રકારની ખામીયુક્ત મતદાર યાદીના આધારે જ ચૂંટણીઓ જીતતું આવ્યું છે.તેમણે વધુમાં કહ્યું કે, હાલની સરકાર ૩૦% કમિશનની સરકાર છે અને જ્યાં સુધી કમલમમાં કમિશન ન પહોંચે ત્યાં સુધી કોન્ટ્રાક્ટ આપવામાં આવતા નથી. આ ભ્રષ્ટાચારનું પરિણામ પ્રજા ભોગવી રહી છે, કારણ કે પહેલા જ વરસાદમાં રસ્તાઓ ધોવાઈ જાય છે અને નવી બનેલી પાણીની ટાંકીઓ ટેસ્ટિંગ દરમિયાન જ તૂટી પડે છે. ટેક્સ ભરતા સામાન્ય નાગરિકોને શુદ્ધ પાણી, સારા રસ્તા, શિક્ષણ અને આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ આપવાને બદલે ભાજપ શાસકો પ્રજાના પૈસાની લૂંટ ચલાવી રહ્યા છે.

# વર્લ્ડ કપ ફાઈનલઃ રેલવેને ૧૨ ખાસ ટ્રેનથી ૧.૫૦ કરોડની આવક થઈ




**અબતક, રાજકોટ**

અમદાવાદમાં ૮ માર્ચના રોજ આયોજિત ક્રિકેટ વર્લ્ડ કપની ઐતિહાસિક ફાઈનલ મેચ દરમિયાન જુદા જુદા શહેરો અને રાજ્યમાંથી પ્રેક્ષકોને અમદાવાદ સુધી પહોંચાડવા પશ્ચિમ રેલવે દ્વારા કુલ ૧૨ વિશેષ ટ્રેનોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં અમદાવાદ તરફ ૬ અને પરત જવા માટે ૬ ટ્રેનોનો સમાવેશ થાય છે. આ વિશેષ ટ્રેનોમાં ૧૫,૦૦૦થી વધુ મુસાફરોએ પ્રવાસ કર્યો હતો અને ૧૦૦ ટકાથી વધુ ઑક્યુપેન્સિ નોંધાવાથી રેલવેને રૂ. ૧.૫૦ કરોડથી વધુની આવક થઈ છે. આ ઉપરાંત, અમદાવાદ-મુંબઈ વંદે ભારત, રાજધાની અને ગુજરાત મેલ જેવી પ્રીમિયમ ટ્રેનોમાં પણ મુસાફરોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. મુસાફરોના ધસારા અને માગને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર અને ગુજરાતના મુખ્ય કેન્દ્રને જોડતાં વિશેષ રૂટ જેવા કે, મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને પુણે જેવા મુખ્ય સ્ટેશનોથી સીધી અમદાવાદ માટે ટ્રેનો દોડાવવામાં આવી હતી. કેટલીક ટ્રેનોમાં માગને આધારે તત્કાલ વધારા કોચ પણ ઉમેદવારમાં આવ્યા હતા. યાત્રીઓની સુવિધા માટે સ્ટેશનો પર વિશેષ સહાયતા ડેસ્ક, સઘન સુરક્ષા માટે રેલવે સુરક્ષા દળની તૈનાતી અને અસરકારક ઉદઘોષણા સિસ્ટમ જેવી સુવિધાઓ કાર્યરત કરવામાં આવી હતી. સૌથી મહત્ત્વની વાત એ છે કે, નિયમિત ટ્રેનોની સમયસારણી ખોરવાય નહીં તે પ્રમાણે સંકલન સાથે આ ટ્રેનો દોડાવવામાં આવી હતી.

# નારી શક્તિ વંદન કાયદાને વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સુધીમાં અમલી બનાવવાની તૈયારી

## ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં મહિલાઓને ૩૩% અનામત! હવે સંસદમાં વધશે મહિલાઓનું જોર

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દેશની લોકતાંત્રિક પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે અત્યંત ગંભીર જણાઈ રહી છે. વર્ષ ૨૦૨૩માં પસાર થયેલા 'નારી શક્તિ વંદન કાયદા'ને વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણી સુધીમાં અમલી બનાવવા માટે કેન્દ્ર સરકારે કવાયત તેજ કરી છે. હાલના અહેવાલો મુજબ, સરકાર આ કાયદામાં જરૂરી સુધારા કરવા પર વિચાર કરી રહી છે જેથી સીમાંકન પ્રક્રિયામાં વિલંબ થાય તો પણ મહિલાઓને ૩૩% અનામતનો લાભ મળી શકે.

નવી યોજના મુજબ, દેશમાં ડિજિટલ જનગણનાની પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. સામાન્ય રીતે વસ્તી ગણતરી અને સીમાંકનમાં ઘણો સમય લાગે છે, પરંતુ ડિજિટલ રેકોર્ડિંગને કારણે આ પ્રક્રિયા ઝડપી બનશે. સરકાર હવે મહિલા અનામતને સીમાંકન પ્રક્રિયાથી અલગ કરવા માટે કાયદાકીય પાસાઓ તપાસી રહી છે, જેથી ૨૦૨૯ની ચૂંટણીમાં જ મહિલા ઉમેદવારો માટે ૩૩% બેઠકો અનામત રાખી શકાય.

કેન્દ્ર સરકાર આ સંવેદનશીલ મુદ્દે સાથી પક્ષો અને વિરોધ પક્ષો સાથે ચર્ચા કર્યા બાદ જ આગળ વધશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય લોકસભા, રાજ્ય વિધાનસભાઓ અને દિલ્હી વિધાનસભામાં મહિલાઓને તેમનો બંધારણીય હક અપાવવાનો છે જો આ સુધારો પસાર થાય છે, તો ભારતની સંસદનું ચિત્ર આગામી ચૂંટણીમાં સંપૂર્ણપણે બદલાઈ જશે.

# જૈન આચાર્ય લોકેશજીએ પ્રધાનમંત્રી મોદી સમક્ષ મધ્ય પૂર્વ યુદ્ધવિરામ માટે પ્રયત્ન કરવાની માંગ



**અબતક, રાજકોટ**

અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીએ ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે ભારત દ્વારા મધ્યસ્થતા અને શાંતિ પ્રયાસો કરવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે વિશ્વમાં વધતા યુદ્ધોથી માનવજાત પર ગંભીર અસર પડી રહી છે અને નિર્દોષ બાળકો સહિત અનેક લોકો તેનો ભોગ બની રહ્યા છે.

આ માંગને કલ્કિ પીઠાધીશ્વર જગતગુરુ આચાર્ય પ્રમોદ કૃષ્ણનજીના સીખો લાઈફ કેરના સ્થાપક આયુર્વેદાચાર્ય મનીષજી સમર્થન આપ્યું છે. જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે યુદ્ધ કોઈ સમસ્યાનું સમાધાન નથી. યુદ્ધના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પણ નકારાત્મક અસર થઈ રહી છે. ભારત વિશ્વમાં શાંતિ અને સહઅસ્તિત્વના સંદેશ માટે ઓળખાય છે અને વસુધૈવ કુટુંબકમ તથા અહિંસા પરમો ધર્મઃ જેવા સિદ્ધાંતો પર આધારિત ભારતીય સંસ્કૃતિ વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવા માટે માર્ગદર્શક બની શકે છે. જગતગુરુ આચાર્ય પ્રમોદ કૃષ્ણનજીએ જણાવ્યું કે ભારતના સંતો અને ધાર્મિક આગેવાનો વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવા માટે સદૈવ તૈયાર છે. વૈદિક પરંપરામાં ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ નો સંદેશ વ્યકિતગત અને સામાજિક સમરસતાનો સંદેશ આપે છે.

આયુર્વેદાચાર્ય મનીષજીએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિ આધ્યાત્મિક જ્ઞાન, સહિષ્ણુતા અને વૈવિધ્યમાં એકતાના સિદ્ધાંતો પર આધારિત છે. યોગ અને આધ્યાત્મિક મૂલ્યો દ્વારા આંતરિક અને વૈશ્વિક શાંતિ સ્થાપિત કરી શકાય છે.

# વર્ષીતપના મંડાણ: કાલથી તપસ્વીઓ કર્મ નિર્જરાના માર્ગે ડગ માંડશે

## ભગવાન ઋષભદેવની પરંપરાને અનુસરી મુમુક્ષુઓ ૪૦૦ દિવસ સુધી કરશે તપસ્યા: અખાત્રીજે શેરડીના રસથી થશે પારણા

**અબતક,રાજકોટ**

જૈન દર્શન તીર્થંકર ચરિત્ર મુજબ ત્રીજા આરાના અંતમાં ચૌદમા કુલકર શ્રી નાભિરાજાના કૂળે રત્નકુક્ષીણી માતા મરૂદેવાની કુક્ષીએ શ્રી આદિનાથ ઋષભદેવ ભગવાનનો જન્મ થયો હતો.ઋષભદેવ પ્રભુને લાભાંતરાય કર્મના ઉદયને કારણે ચારસો દિવસ સુધી આહાર - પાણી મળ્યાં ન હતાં,અખાત્રીજના દિવસે તેઓનું પારણું થયેલું,ત્યારથી વર્ષીતપ કરવાની પરંપરા શરૂ થઈ છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે જૈન શાસ્ત્રોમાં તપને અનેરૂ અને આગવું મહત્વ આપવામાં આવ્યું છે. જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૦ મું ‘‘તપો માર્ગ ‘‘ નામનું એક આખું અધ્યયન આપેલું છે તેમાં કહ્યું છે.. કરોડો ભવોના બાંધેલા કર્મો તપથી ક્ષય અને નિર્જરી જાય છે.જિજ્ઞાસુ સાધક પરમાત્માને પ્રશ્ન પૂછે કે..

હે નાથ ! દીક્ષા લઈને અમારે કરવાનું શું ?

કરૂણાસાગર જવાબ આપે કે

હે ! ભવ્ય આત્માઓ !

તમારા આત્માને સંયમ અને તપમાં જોડી દેજો.

તપના બાર પ્રકાર છે,તેમા છ આભ્યંતર અને છ બાહ્ય.

વર્ષી તપની બાહ્ય તપમા ગણના થાય છે.વર્ષી તપ એ ૪૦૦ દિવસ સુધી કરવામાં આવતું વિશિષ્ઠ તપ રહેલું છે.વર્ષી તપના તપસ્વીઓ ઉપકારી પૂ.ગુરુવર્યો,પૂ.સાધુ - સાધ્વીજીઓના શ્રી મુખેથી ફાગણ વદ આઠમના તપના પચ્ચખાણ અંગીકાર કરી મંડાણ કરે છે અને વૈશાખ સુદ ત્રીજ એટલે કે અક્ષય તૃતીયાના દિવસે તપની પૂર્ણાહૂતિ થાય છે.અમુક તપસ્વીઓ અખાત્રીજથી પણ તપના મંડાણ કરે છે.

અખાત્રીજ સર્વ શ્રેષ્ઠ મુહૂર્ત પણ ગણાય છે.અક્ષય એટલે જેનો ક્ષય ન થાય તે.અખાત્રીજને યુગાદિ તિથિ અને લોકબોલીમાં અખાત્રીજ કહેવાય છે.

મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે વર્ષીતપની શરૂઆત સંદર્ભે એક પ્રસંગ સંકળાયેલો છે.



આ યુગના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાને સંયમનો સ્વીકાર કર્યો ત્યારે તેઓને છઠ - બે ઉપવાસ હતાં.પારણાને દિવસે પ્રભુ ગોચરી - પાણી માટે નગરમાં નીકળ્યા પરંતુ નગરજનો સાધુની આહાર વિધી - નિયમોથી અજાણ હોવાથી તેઓ પ્રભુને હાથી,ઘોડા,હીરા,માણેક,મોતી,વસ્ત્ર અને પોતાની કન્યાઓ ઋષભદેવને ધરવા લાગ્યાં.આવું બે - ચાર દિવસ નહીં પરંતુ ચારસો દિવસ સુધી ચાલ્યું,

છતાં પરમાત્મા ચિત્ત પ્રસન્ન રહેતાં. સમતા ભાવે ભૂખ - તરસને સહન કરતાં. પ્રભુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ૪૦૦ દિવસ પછી હસ્તિનાપુર પધાર્યા. મહેલના ઝરૂખામાં બેસીને નગર નિરીક્ષણ કરતાં શ્રેયાંસ કુમાર પ્રભુને જોઈને ચિંતને ચડ્યા કે... આવા સાધુને મેં કયાંક જોયાં છે,ચિંતન - મનન કરતાં તેઓને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે તથા પૂર્વ ભવમાં જૈન સાધુને આપેલો આહાર તથા વિધી - નિયમો યાદ આવી જાય છે અને અતિ હર્ષિત થઈ સાત - આઠ ડગલા પ્રભુની સમીપે જઈ કહે છે...

પ ધ ા ર ો ભગવંત...પધારો...ગોચરી,

પાણીનો લાભ આપો.

નિર્દોષ ઈક્ષુ રસ - શેરડીના રસથી ભરેલા ઘડામાંથી અહોભાવથી ઋષભદેવ ભગવાનને ઈક્ષુ રસ વ્હોરાવે છે.પ્રભુ પોતાના કરપાત્રથી પારણું કરતાં જ ‘‘ અહો દાનમ્...મહા દાનમ્ ‘‘ ની ઉદઘઘોષણા થાય છે તેમજ પંચ દિવ્યો પ્રગટ થાય છે.પ્રભુ આદિનાથ ઋષભદેવના પારણાનો દિવસ એટલે વૈશાખ સુદ ત્રીજ.

આ તપને સંવત્સર તપ પણ કહે છે.

અમુક તપસ્વીઓ ૪૦૦ દિવસને બદલે એક વર્ષ સુધી પણ તપ કરતાં હોય છે.અમુક આરાધકોથી ઉપવાસ ન થઈ શકતો હોય તો એકાસણા,આયંબિલ વગરે નાની - મોટી તપશ્ચર્યા કરી વર્ષી તપની આરાધના કરતાં હોય છે.પ્રભુ પ્રત્યેના ભકિતભાવથી તેઓએ કંડારેલી તપરૂપી કેડીને વર્ષી તપની પરંપરાને જૈન - જૈનેત્તર સૌ અનુસરી તપ માર્ગને આગળ ધપાવે છે.

જૈન દર્શનમાં કહ્યું છે તપ કરવાથી,કરાવવાથી તથા તપસ્વીઓની અનુમોદના કરવાથી પણ કર્મ નિર્જરા થઈ શકે છે.

**સંકલન : મનોજ ડેલીવાળા**

# ગુજરાતના શહેરોમાં હવે પ્રદૂષણ પર રખાશે ‘ડિજિટલ વોચ’: ‘લેક એન્ડ એર વોચ’ પહેલ

## ૧૬૯ શહેરોમાં તળાવો અને હવાની ગુણવત્તાનું થશે રિયલ-ટાઈમ મોનિટરિંગ, પ્રદૂષણ વધતા જ સિસ્ટમ આપશે ઓટોમેટિક એલર્ટ

**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ’વિકસિત ભારત’ના વિઝનને સાકાર કરવા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના શહેરોને સ્માર્ટ અને ટકાઉ બનાવવા માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ પર્યાવરણીય કદમ ઉઠાવ્યું છે. શહેરી વિકાસ વિભાગ અંતર્ગત ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM) દ્વારા રાજ્યની ૧૭ મહાનગરપાલિકા અને ૧૫૨ નગરપાલિકાઓમાં તળાવો અને હવાની ગુણવત્તા સુધારવા માટે લેક એન્ડ એર વોચ પહેલ અમલમાં મૂકવામાં આવશે.





આ નવીન પ્રોજેક્ટ હેઠળ રાજ્યના શહેરી વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ પોઈન્ટ્સ સ્થાપિત કરવામાં આવશે, જેના દ્વારા હવાની ગુણવત્તા (અચઈ) અંગેની રિયલ-ટાઈમ માહિતી ઉપલબ્ધ થશે. જો હવામાં પ્રદૂષણનું સ્તર વધશે, તો સિસ્ટમ દ્વારા આપમેળે એલર્ટ જનરેટ થશે, જેથી સંબંધિત વિભાગો તુરંત જ સુધારાત્મક પગલાં લઈ શકશે. આ ઉપરાંત, શહેરોમાં આવેલા તળાવોના સંરક્ષણ માટે સેટેલાઈટ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જે પાણીમાં ગંદકી, કાંપ અને શેવાળનું વિશ્લેષણ કરી સમયસર સફાઈ માટે ચેતવણી આપશે.

અંદાજિત રૂ૧૦ કરોડની જોગવાઈ સાથે શરૂ થનારી આ પહેલ માટે એક કેન્દ્રીય ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરાશે. આ ડેશબોર્ડ દ્વારા રાજ્ય કક્ષાએથી તમામ શહેરોની સ્થિતિ પર દેખરેખ રાખી શકાશે. આ પારદર્શક સિસ્ટમથી વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે અને નાગરિકોને પણ શુદ્ધ હવા તથા જળ સ્રોતોની સ્થિતિ વિશે સચોટ માહિતી મળતી થશે. આબોહવા પરિવર્તન સામે લડવા અને શહેરી જીવનધોરણ સુધારવા માટે ગુજરાત સરકારનું આ પગલું સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# ભાજપમાં હોદ્દો એ પદ નહીં પણ જવાબદારી છે: શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે

## વિધાનસભા-૬૮માં શહેર ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનો અભિવાદન સમારોહ યોજાયો, સ્નેહ મિલનમાં ઉદય કાનગડ સહિતના આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ









**અબતક, રાજકોટ**

રાજકોટના વિધાનસભા-૬૮ વિસ્તારમાં ભાજપ અગ્રણી પ્રવિણભાઈ આંબલિયા દ્વારા શહેર ભાજપના નવનિયુક્ત હોદ્દેદારોનો એક ભવ્ય અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર નયનાબેન પેઢડીયા અને મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા સહિતના વરિષ્ઠ આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રવિણભાઈ આંબલિયા અને અન્ય સહયોગીઓ દ્વારા ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને પુસ્તક અર્પણ કરી પરંપરાગત રીતે ભાવભેર સ્વાગત કરવામાં આવ્યું હતું, જેણે કાર્યક્રમમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો.

આ સમારોહમાં શહેર ભાજપના સંગઠન માળખામાં નવનિયુક્ત થયેલા તમામ હોદ્દેદારોનું વ્યક્તિગત રીતે અભિવાદન કરી તેમને આગામી જવાબદારીઓ માટે

### વિવિધ મોરચા અને સેલના હોદ્દેદારોનું પુષ્પગુચ્છ અને પુસ્તક આપી ભાવભેર સન્માન

શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. જેમાં ઉપપ્રમુખ ભાર્ગવ મિયાત્રા, મેહુલ નથવાણી, તેમજ યુવા મોરચાના પ્રમુખ મિલન લીંબાશીયા, મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ અને કિસાન મોરચાના પ્રમુખ યોગેશ ભુવા સહિતના વિવિધ મોરચાના પ્રતિનિધિઓ સામેલ હતા. આ ઉપરાંત સોશિયલ મીડિયા સેલના કન્વીનર શ્યામભાઈ ડાભી, આઈ.ટી. સેલના નિખિલ રાઠોડ અને મીડિયા સેલના હાર્દિક બોરડ જેવા ટેકનિકલ પાંખના હોદ્દેદારોને પણ બિરદાવવામાં આવ્યા હતા.

ધારાસભ્ય ઉદય કાનગડએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનની શક્તિ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ એ વિશ્વનું સૌથી મોટું અને કાર્યક્ષમ સંગઠન છે કારણ કે તે હંમેશા વિચારધારા, સેવા અને સંસ્કારને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સંગઠનની અસલી તાકાત તેના પાયાના કાર્યકર્તાઓમાં રહેલી છે અને દરેક કાર્યકર્તા પાર્ટીનો અભિન્ન હિસ્સો છે. નવા હોદ્દેદારો પાર્ટીના મૂલ્યોને આગળ ધપાવી જનસેવાના કાર્યોમાં સમર્પિત બની ભાજપની રાષ્ટ્રવાદી વિચારધારાને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડશે તેવી આશા વ્યક્ત કરી હતી.

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ નવનિયુક્ત હોદ્દેદારોને સંબોધતા એક મહત્વનું સૂત્ર આપ્યું હતું કે ભાજપમાં હોદ્દો એ માત્ર ભોગવવા માટેનું પદ નથી પરંતુ રાષ્ટ્ર અને સંગઠન પ્રત્યેની એક મોટી જવાબદારી છે. તેમણે જણાવ્યું કે ભાજપ એ કાર્યકર્તા આધારિત પાર્ટી છે અને કાર્યકર્તાઓની અથાક મહેનતને કારણે જ પાર્ટી આજે સફળતાના શિખરો સર કરી રહી છે. દરેક હોદ્દેદારે ટીમ ભાવના સાથે કામ કરી સંગઠનને વધુ સુદ્રઢ અને સશક્ત બનાવવાનું છે. નવા હોદ્દેદારો પોતાની સક્રિય ભૂમિકા દ્વારા પાર્ટીના સંગઠનને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેવો મક્કમ નિર્ધાર તેમણે વ્યક્ત કર્યો હતો.

આ અભિવાદન સમારોહમાં વિધાનસભા-૬૮ ભાજપ પરિવારના અગ્રણીઓ ઉપરાંત ખોડલધામના ટ્રસ્ટીઓ વી.એમ. પટેલ (વિનુભાઈ સીરોયા), જે.બી. બુસા અને અન્ય સામાજિક આગેવાનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમના આયોજક પ્રવિણભાઈ આંબલિયા અને તેમની ટીમે સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ અને હોદ્દેદારોએ આગામી સમયમાં સંગઠનને વધુ વેગવંતું બનાવવા, જનસેવા માટે સદાય તત્પર રહેવા અને ભારતીય જનતા પાર્ટીના વિજય રથને આગળ ધપાવવા માટે એકસૂરે મક્કમ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# મહિલાઓ પ્રત્યે આદરના સંસ્કાર જ સમસ્યાઓનો સાચો ઉકેલ: કુલપતિ ઉત્પલ જોશી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિદુષી અને ભારતીય શિક્ષણ મંડળ દ્વારા ભવ્ય મહિલા સંવાદ યોજાયો

**અબતક રાજકોટ:**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ભારતીય શિક્ષણ મંડળના સંયુકત ઉપક્રમે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મહિલા સંવાદનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ અને કૌશલ્ય ક્ષેત્રના અગ્રણી મહિલા વકતાઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓ અને મહિલા સ્ટાફને પ્રોત્સાહિત કર્યા હતા.

વિશ્વકર્મા સ્કિલ યુનિવર્સિટી (હરિયાણા)ના ડાયરેકટર ડો. ચંચળબહેન ભારદ્વાજે જણાવ્યું હતું કે, સ્કિલ ડેવલપમેન્ટમાં જેન્ડરનો કોઈ બાધ નથી. મિકેનિકલ કે ઈલેકિટ્રકલ એન્જિનિયરિંગ જેવા ક્ષેત્રોમાં પણ મહિલાઓ પોતાની મજબૂત કારકિર્દી બનાવી શકે છે. જયારે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડો. અમીબહેન ઉપાધ્યાયે ભારપૂર્વક જણાવ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે મહિલાઓએ સર્વપ્રથમ પોતાનો સર્વાંગી વિકાસ કરવો અનિવાર્ય છે.







### વિકસિત ભારતના નિર્માણમાં મહિલાઓના યોગદાન અને કૌશલ્ય વિકાસ પર વિષેશજ્ઞો દ્વારા માર્ગદર્શન; કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીની અધ્યક્ષતામાં કાર્યક્રમ સંપન્ન

પ્રોફે. ઉત્પલ જોશી અધ્યક્ષીય ઉદબોધનમાં કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીએ જણાવ્યું હતું કે, જો કુટુંબમાં બાળકોને નાનપણથી જ મહિલાઓ પ્રત્યે આદર કેળવવાના સંસ્કારો આપવામાં આવે તો સમાજની અનેક સમસ્યાઓ દૂર થઈ શકે છે. કાર્યક્રમમાં ભારતીય શિક્ષણ મંડળના પ્રાંત અધ્યક્ષ સુરેશજી નાહટાએ મંડળની કાર્યપ્રણાલીનો પરિચય આપ્યો હતો, જયારે વિદુષી કોઓર્ડિનેટર ડો. શ્રદ્ધા બારોટે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ સંવાદમાં યુનિવર્સિટીની શૈક્ષણિક અને વહીવટી બહેનો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. જલ્પા રાકે કર્યું હતું અને આભારવિધિ ડો. રેખાબા જાડેજાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ડો. રંજન ખૂંટ, ડો. હરેશ બાંભણીયા અને વિદુષી સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

સ્પોર્ટ્સ અબતક

# ફક્ત ૨૫ મીનીટની વાત સંજુને “સિતારો” બનાવી ગઈ!!!




## ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરની ૨૫ મિનિટની વાતચીત માત્ર એક વાત નહીં, પરંતુ સંજુની વર્લ્ડ કપની સફળતાનું રહસ્ય હતું

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમે આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક વિજય મેળવ્યો છે અને આ જીતમાં કેરળના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનનું યોગદાન અભૂતપૂર્વ રહ્યું છે. ટુર્નામેન્ટમાં તેને મેન ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યા છે. ટીમમાં શરૂઆતમાં તક ન મળી, બેન્ચ પર બેસવું પડ્યું, પરંતુ જ્યારે તક મળી ત્યારે તેણે ૯૭*, ૮૯ જેવી શાનદાર ઈનિંગ્સ રમીને ભારતને સેમિફાઈનલ અને ફાઈનલ સુધી પહોંચાડી. ફાઈનલમાં પણ તેની ૮૯ રનની ઈનિંગ્સ યાદગાર રહી.

પરંતુ આ સફળતાની પાછળ એક ખાસ વાત છે એક ૨૫ મિનિટની લાંબી અને હૃદયસ્પર્શી વાતચીત, જેણે સંજુના વર્લ્ડ કપને સંપૂર્ણપણે બદલી નાખ્યો. આ વાતચીત સચિન તેંડુલકર સાથે થઈ હતી!

સંજુએ ઘણા વર્ષોથી સચિનને મેસેજ કરતા હતા, પરંતુ જ્યારે તેમના કરિયરમાં સૌથી મુશ્કેલ સમય આવ્યો ત્યારે ફોર્મથી ઝઝૂમવું, ટીમમાં સતત અવગણના, ત્યારે સંજુએ સચિનનો સંપર્ક કર્યો. સચિને તેમની સાથે લગભગ ૨૫ મિનિટ સુધી વાત કરી.

આ વાતચીતમાં સચિને પોતાના કરિયરના અનુભવો શેર કર્યા અને મુશ્કેલ સમયમાં શું વિચારવું જોઈએ, કેવી રીતે પ્રેક્ટિસ કરવી, પરિસ્થિતિઓને કેવી રીતે હેન્ડલ કરવી અને માનસિક મજબૂતી કેવી રીતે જાળવવી.

સંજુએ કહ્યું કે સચિને તેમની સાથે ખૂબ જ નિકટતાથી જોડાઈને વાત કરી. આ ૨૫ મિનિટની વાતચીતે સંજુના મનમાં નવી ઉર્જા ભરી દીધી. તેમણે ગેમ પ્લાન બનાવ્યું, ફોર્મ પરત મેળવી અને વર્લ્ડ કપમાં ભારત માટે મહત્વની ભૂમિકા ભજવી.

વર્લ્ડ કપ પછી થિરુવનંતપુરમ પરત ફર્યા બાદ સંજુએ પત્રકારોને આ વાત જણાવી. તેમણે કહ્યું કે સચિન જેવા મહાન ખેલાડી પાસેથી માર્ગદર્શન મળવું એ દરેક માટે શક્ય નથી. તેમણે વર્લ્ડ કપ દરમિયાન પણ સચિન સાથે વાત કરી હતી અને તેમની પાસેથી મળેલી સ્પષ્ટતા, ગેમ પ્રિપરેશન અને ગેમ સેન્સને કારણે તે આટલું સારું પર્ફોર્મ કરી શક્યા.

આ ઉપરાંત સંજુએ પોતાના મોબાઈલ અને સોશિયલ મીડિયાને બંધ કરીને સોલ-સર્ચિંગ કર્યું હતું, જેથી તેઓ પોતાના પર ફોકસ કરી શકે. આ બધું મળીને તેમની સફરને અદ્ભુત બનાવી.

સંજુ સેમસનની આ સફળતા દર્શાવે છે કે મહાનોનું માર્ગદર્શન અને આંતરિક મજબૂતી કેટલું મહત્વનું હોય છે. ૨૫ મિનિટની આ વાતચીત માત્ર એક વાત નહોતી, પરંતુ તેમના વર્લ્ડ કપની સફળતાનું રહસ્ય હતી!

# ગંભીર-સૂર્યાની જોડી ભારતની જીતના “શિલ્પી” બન્યા

## કોચ-કેપ્ટ્ને ટીમને નવી ઊર્જા, સ્પષ્ટ વિચારસરણી અને ટીમ ફર્સ્ટ માનસિકતા આપી, જેના કારણે ભારતે ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક જીત અપાવી




**અબતક, રાજકોટ**

૨૦૨૪ના ટી૨૦ વર્લ્ડ કપની જીત પછી, ગૌતમ ગંભીરને ભારતીય ટીમના હેડ કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને સૂર્યકુમાર યાદવને કેપ્ટન બનાવવામાં આવ્યા. આ બંનેએ ટીમને નવી ઊર્જા, સ્પષ્ટ વિચારસરણી અને ટીમ-ફર્સ્ટ માનસિકતા આપી, જેના કારણે ભારતે ૨૦૨૬માં ટી૨૦ વર્લ્ડકપમાં ઐતિહાસિક જીત મેળવી. આ જીત સાથે ભારત પ્રથમ વખત ટી૨૦ વર્લ્ડ કપનું બેક-ટુ-બેક ડિફેન્ડ કરનારું ટીમ બન્યું અને હોમ ગ્રાઉન્ડ પર પણ પ્રથમ વખત ટાઈટલ જીત્યું. જેમાં ગૌતમ ગંભીરની કોચિંગ શૈલી અને યોગદાન મહત્વપૂર્ણ બની રહ્યું. ગંભીરે ટીમમાં ટીમ પહેલા, વ્યક્તિગત માઈલસ્ટોન પછીની માનસિકતા ઊભી કરી. તેમણે કહ્યું કે માઈલસ્ટોન નહીં, ટ્રોફી મહત્વની છે અને લાંબા સમયથી ભારતીય ક્રિકેટમાં વ્યક્તિગત રેકોર્ડ પર વધુ ધ્યાન આપવામાં આવતું હતું, તેને બદલીને ટીમની જીત પર ફોકસ કર્યું.તેઓએ હાઈ-રિસ્ક, હાઈ-રિવોર્ડ ક્રિકેટને પ્રોત્સાહન આપ્યું. મોટા સ્કોર બનાવવા, આક્રમક બેટિંગ અને બોલિંગમાં બહાદુરી બતાવવી.ખેલાડીઓને સતત સપોર્ટ અને બેકિંગ આપ્યું, ખાસ કરીને ખરાબ ફોર્મમાં હોય ત્યારે પણ વિશ્વાસ જાળવ્યો. દરેક ખેલાડીને તેની ભૂમિકા સ્પષ્ટ કરી અને ટીમના લાભ માટે યોગદાન આપવાનું શીખવ્યું.

બીજીબાજુ સૂર્યકુમારે ટીમને ફિયરલેસ અને એગ્રેસિવ રમત રમવાનું શીખવ્યું. તેઓએ કેપ્ટન તરીકે ફ્રન્ટફૂટ પરથી લીડ કરી અને ખેલાડીઓને મુશ્કેલ સમયમાં પણ એકબીજાનો સાથ આપવાનું શીખવ્યું.ગંભીર સાથેનો તેમનો સંબંધ ખૂબ જ મજબૂત અને સમજદારીભર્યો છે. સૂર્યકુમારે કહ્યું કે, મારા અને કોચ વચ્ચે સમાન વિચારસરણી છે. ૧૪-૧૫ ખેલાડીઓ પર હંમેશા સરખો વિચાર હોય છે, તેથી સિલેક્શનમાં કોઈ વિવાદ નથી. એક પગલું તેઓ લે, બે પગલાં હું લઉં અને બંને વચ્ચે વિચારની સરખી આપલે એ વિજયને નિશ્ચિત બનાવ્યો.

### ગંભીર-સૂર્યના સંયુક્ત પ્રયાસથી શું બદલાયું?

૧. સ્પષ્ટ કોમ્યુનિકેશનઃ ખેલાડીઓને (જે રમતા નથી તેમને પણ) તેમની રોલ વિશે પૂરી સ્પષ્ટતા.
૨. ટીમ કલ્ચરઃ વ્યક્તિગત રેકોર્ડ કરતાં ટ્રોફી પર ફોકસ, બધા ખેલાડીઓનું યોગદાન મહત્વનું.
૩. ફિયરલેસ અપ્રોચ :મોટા ટાર્ગેટ ચેઝ કરવા, આક્રમક બેટિંગ શૈલી.

### વર્લ્ડ ચેમ્પિયન ટીમ ઈન્ડિયા માટે બીસીસીઆઈએ તિજોરી ખોલી! રૂ.૧૩૧ કરોડનું બમ્પર ઈનામ જાહેર

**અબતક, રાજકોટ**

આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ઐતિહાસિક વિજય મેળવ્યા બાદ ભારતીય ટીમ પર ઈનામોનો વરસાદ થયો છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ટીમ ઈન્ડિયા માટે ૧૩૧ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. આ માતબર રકમ ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને પસંદગીકારો વચ્ચે વહેંચવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં વર્લ્ડ કપ જીત્યા બાદ ટીમને ૧૨૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા, જેની સરખામણીએ આ વખતે ૬ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

શાનદાર પ્રદર્શન સાથે ટીમ ઈન્ડિયા હવે ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસની સૌથી સફળ ટીમ બની ગઈ છે. ભારતે અત્યાર સુધીમાં કુલ ૩ વાર(૨૦૦૭, ૨૦૨૪ અને ૨૦૨૬) આ ટ્રોફી જીતી છે. અત્યાર સુધી વેસ્ટ ઈન્ડિઝ અને ઈંગ્લેન્ડ ૨-૨ વાર આ ખિતાબ જીતી ચૂક્યા છે, પરંતુ હવે ભારત ૩ ખિતાબ સાથે મોખરે છે.બીસીસીઆઈએ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ જીત ભારતીય ક્રિકેટ માટે અત્યંત ગૌરવની ક્ષણ છે.

# ફિફાના વડાએ ટી૨૦ વર્લ્ડ કપની સફળતા બદલ જય શાહને અભિનંદન પાઠવ્યા



## જિયાની ઈન્ફેન્ટિનોએ આઈસીસીના વડા અને ભારતીય ટીમની પણ પ્રશંસા કરી

**અબતક, રાજકોટ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા યોજવામાં આવેલા મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં યજમાન દેશ ભારતે અમદાવાદના ખીચોખીચ ભરેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે રમાયેલી ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ઐતિહાસિક ત્રીજું અને સતત બીજું ટી૨૦ વર્લ્ડ કપ ટાઈટલ જીત્યું હતું. આ વર્લ્ડ કપના આયોજનની સફળતા બાદ વૈશ્વિક રમત જગત આઈસીસીના ચેરમેન જય શાહના દૂરંદેશી નેતૃત્વની પ્રશંસા કરી રહ્યું છે. રમતને વૈશ્વિક બનાવવા અને ક્રિકેટના આ ફોર્મેટને નવી ઊંચાઈઓ પર લઈ જવાના તેમના પ્રયાસોએ આ ટુર્નામેન્ટને અભૂતપૂર્વ વૈશ્વિક ઉત્સવમાં સફળતાપૂર્વક પરિવર્તિત કરી છે.ભારત અને શ્રીલંકા દ્વારા સહ-યજમાની કરાયેલી આ એક મહિના લાંબી ટુર્નામેન્ટના વિશાળ સ્કેલ અને ક્ષતિરહિત આયોજનને સમગ્ર રમતગમત જગતમાંથી ભારે પ્રશંસા મેળવી છે. આ ઐતિહાસિક સિદ્ધિને બિરદાવતા ફિફા (વૈશ્વિક ફૂટબોલ સંચાલન સંસ્થા)ના અધ્યક્ષ જિયાની ઈન્ફેન્ટિનોએ જય શાહને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.પોતાની ઈન્ટાગ્રામ પોસ્ટમાં ઈન્ફેન્ટિનોએ લખ્યું છે કે આઈસીસી અને મારા મિત્ર જય શાહને વધુ એક શાનદાર રીતે આયોજિત ટી૨૦ વર્લ્ડ કપ માટે અભિનંદન. વધુ એક ટાઈટલ જીતવા બદલ ભારતને ખૂબ ખૂબ અભિનંદન. તમારા (અનુ.આઠમાં પાને)

# સંજુ-બુમરાહ સહિત ભારતના ચાર ખેલાડીઓને આઈસીસી વર્લ્ડકપની ટીમમાં સ્થાન મળ્યું

## દક્ષિણ આફ્રિકાના એડન માર્કરામને ટીમનો કેપ્ટન બનાવ્યો:યુવા બેટ્સમેન ઈશાન કિશન અને ઓલરાઉન્ડર પંડ્યાને પણ ટીમમાં સમાવાયો

**અબતક, રાજકોટ**

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના સમાપન બાદ આઈસીસીએ ટીમ ઓફ ધ ટુર્નામેન્ટની જાહેરાત કરી છે. આ ટીમમાં ચાર ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે, વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવને સ્થાન આપવામાં આવ્યું નથી. આ ટીમમાં એક પાકિસ્તાની ખેલાડીનો પણ સમાવેશ કરવામાં




આવ્યો છે. યુએસએના શેડલે વાન શાલ્કવિકનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તે એસોસિયેટ રાષ્ટ્રમાંથી એકમાત્ર ખેલાડી છે જેણે આ ટીમમાં સ્થાન મેળવ્યું છે.

દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરામને આ ટીમનો કેપ્ટન બનાવ્યો છે. માર્કરામે ટુર્નામેન્ટમાં શાનદાર બેટિંગ કરી હતી અને તેમની ટીમની સેમિફાઈનલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે તેમની ટીમ સેમિફાઈનલમાં બહાર થઈ ગઈ હતી, માર્કરામને ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ભારતના ચાર ખેલાડીઓ જેમાં સંજૂ સેમસન અને જસપ્રીત બુમરાહનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ટીમમાં ચાર ભારતીય ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આઈસીસીએ વિજેતા ટીમના ચાર ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. સંજુ સેમસન ઓપનિંગ બેટ્સમેન તરીકે સ્થાન મેળવ્યું છે. તેણે ટુર્નામેન્ટમાં પાંચ મેચમાં ૩૨૧ રન બનાવ્યા છે. ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જેણે ટુર્નામેન્ટ દરમિયાન ૧૪ વિકેટ લીધી છે. યુવા બેટ્સમેન ઈશાન કિશનને પણ ટીમમાં સ્થાન મળ્યું છે, તેણે નવ મેચમાં ૩૧૭ રન બનાવ્યા છે. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, તેણે નવ મેચમાં ૨૧૭ રન બનાવ્યા છે અને નવ વિકેટ લીધી છે.

પાકિસ્તાન તરફથી ફક્ત એક ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો છે. સાહિબજાદા ફરહાનને ઓપનિંગ બેટ્સમેન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ફરહાને ઝ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં છ મેચમાં ૩૮૩ રન બનાવ્યા હતા, જેમાં બે સદી ફટકારી હતી. તે વર્લ્ડ કપમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતો.

### આઈસીસી ટીમ ઓફ ધ ટુર્નામેન્ટ

સાહિબઝાદા ફરહાન, સંજૂ સેમસન (વિકેટકીપર), ઈશાન કિશન, એડન માર્કરામ, હાર્દિક પંડ્યા, વિલ જેક્સ, જેસન હોલ્ડર, જસપ્રીત બુમરાહ, લુંગી એનગિડી, આદિલ રાશિદ, બ્લેસિંગ મુઝરબાની, શેડલે વાન શાલ્કવિક (૧૨મો ખેલાડી).

# ખાડીમાં યુદ્ધની સ્થતિને લઈ લંકા-અફઘાનિસ્તાન વચ્ચે સીરીઝ સ્થગિત

**અબતક, રાજકોટ**

શ્રીલંકા ક્રિકેટ બોર્ડ આગામી વ્હાઈટ-બોલ સિરીઝને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરી દીધી છે, જે આ અઠવાડિયે યુનાઈટેડ આરબ એમિરેટ્સ માં શરૂ થવાની હતી. આ સિરીઝમાં ત્રણ ટી૨૦ અને ત્રણ ઓડીઆઈ મેચોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સિરીઝ અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા હોસ્ટ કરવાની હતી, પરંતુ તેને યુએઈમાં જ રમાવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ટી૨૦ મેચો ૧૩, ૧૫ અને ૧૭ માર્ચે શારજાહમાં અને ઓડીઆઈ મેચો ૨૦, ૨૨ અને ૨૫ માર્ચે દુબઈમાં રમાવાની હતી. અફઘાનિસ્તાન દ્વારા શ્રીલંકાને હોસ્ટ કરવાની પહેલી બાયલેટરલ સિરીઝ હતી.



શ્રીલંકા ક્રિકેટના અધિકારીએ જણાવ્યું કે, મધ્ય પૂર્વમાં વધતા તણાવ અને સંઘર્ષને કારણે ફ્લાઈટ્સ અને મુસાફરીમાં મોટી મુશ્કેલીઓ ઊભી થઈ છે, જેમાં મિસાઈલ હુમલા અને અન્ય તણાવનો સમાવેશ થાય છે. આ સ્થિતિને કારણે યુએઈમા સુરક્ષિત રીતે સિરીઝ રમવી અશક્ય બની ગઈ છે.

બંને બોર્ડ્સ સિરીઝને અન્ય કોઈ દેશમાં શિફ્ટ કરવાની શક્યતા પર વિચાર કર્યો હતો, પરંતુ લોજિસ્ટિકલ મુશ્કેલીઓ અને ટાઈટ સ્કેજ્યુલને કારણે તે શક્ય નથી લાગતું. હાલમાં સિરીઝને અનિશ્ચિત કાળ માટે સ્થગિત કરવામાં આવી છે, અને નવી તારીખો અંગે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

### બાર વર્ષે બાવો બોલ્યો!

# રશિયાનું રાષ્ટ્રગાન પેરા ઓલમ્પિકમાં ૧૨ વર્ષ પછી ગુંજ્યું




**અબતક, રાજકોટ**

ઈટાલીના કોર્ટીના ડી’એમ્પેઝોમાં ચાલી રહેલા ૨૦૨૬ વિન્ટર પેરાલિમ્પિક્સમાં એક ઐતિહાસિક અને ભાવુક ક્ષણ જોવા મળી. રશિયન પેરા આલ્પાઈન સ્કીયર મહિલાઓની સુપર-જી સ્ટેન્ડિંગ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો, અને આ જીત સાથે ૧૨ વર્ષ પછી પેરાલિમ્પિક્સમાં રશિયન રાષ્ટ્રીગીત વાગ્યું.જ્યારે મેડલ સમારોહ દરમિયાન રશિયન ધ્વજ ઊંચો લહેરાયો અને રાષ્ટ્રગીત વાગ્યું. વારવારા વોરોનિ્ચખિના પોડિયમ પર ઊભા રહી રાષ્ટ્રગાન ગાયું. આ સમયે દર્શકો તરફથી પણ તાળીઓના ગડગડાટ થયા, જ્યારે તેમનું નામ ગોલ્ડ મેડલ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યું.

રશિયન એથ્લીટ્સ છેલ્લા ઘણા વર્ષોથી ડોપિંગ વિવાદો અને યુક્રેન સાથેના સંઘર્ષને કારણે ન્યુટ્રલ એથ્લીટ્સ (તરીકે સ્પર્ધા કરતા હતા. પરંતુ મિલાન-કોર્ટીના ૨૦૨૬ વિન્ટર પેરાલિમ્પિક્સમાં ઈન્ટરનેશનલ પેરાલિમ્પિક કમિટી દ્વારા રશિયાને ભાગ લેવા પરવાનગી આપવામાં આવી. રશિયાએ આ રમતો માટે માત્ર ૬ એથ્લીટ્સને વાઈલ્ડકાર્ડ એન્ટ્રી મળી છે.આ રશિયન રાષ્ટ્રગીતનું પેરાલિમ્પિક્સમાં વાગવું ૨૦૧૪ના સોચી પેરાલિમ્પિક્સ પછી પહેલી વખત બન્યું છે. તે જ રીતે, ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણ પછી કોઈ મોટી આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધામાં પણ રશિયન એન્થમ વાગ્યું ન હતું. છેલ્લી વખત રશિયન એન્થમ ઓલિમ્પિક અથવા પેરાલિમ્પિક ગોલ્ડ મેડલ માટે ૨૦૧૬ના રિયો સમર ગેમ્સમાં વાગ્યું હતું.

# પરણીતા અને પુત્રને દર મહિને ૧૯ હજાર ભરણપોષણ ચૂકવવા હુકમ

## ત્રણ વર્ષના નિકાહ જીવન બાદ પત્ની અને પુત્રને તરછોડતા જીવન નિર્વાહ ચલાવવા માટે અદાલતમાં દાદ માંગી હતી

**અબતક,રાજકોટ**

પોરબંદરના રાણાવાવ ખાતે માત્ર ત્રણ વર્ષના નિકાહજીવનમાં ત્રાસ આપીને પત્ની તથા સગીર સંતાનને તરછોડી દેવાની ફરિયાદમાં ફેમિલી કોર્ટ દ્વારા પતિએ રૂા.૧૯ હજાર ભરણપોષણ પેટે ચુકવવાનો આખરી હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ, અરજદાર રેશ્માબેન મહમદ શબ્બીર પટેલ (હાલ રહે: રાજકોટ)એ પોતાના પતિ શબ્બીરભાઈ હારૂનભાઈ પટેલ વિગેરે (રહે. રાણાવાવ, જી. પોરબંદર) વિરૂધ્ધ ભરણપોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં ૨૦૨૩માં અરજી દાખલ કરી હતી. તેમાં જણાવાયું હતું કે અરજદારના નિકાહ મહમદ શબ્બીર પટેલ સાથે તા. ૩૦/ ૦૫/ ૨૦૨૧ના રોજ મુસ્લીમ શરીયત અનુસાર થયેલ હતા. તેમજ લગ્નજીવનના થોડા સમય સારી રીતે રાખેલ ત્યારબાદ સામાવાળા દ્વારા અરજદારને માનસીક શારિરીક ત્રાસ આપવા લાગેલા તેથી અરજદારને પીયરે કાઢી મુકેલ હતા. ત્યારબાદ સામાવાળા પતિએ સુધી અરજદાર તથા સગીર સંતાનને તેડવા માટે આવેલ ન હોય અને સામાવાળા દ્વારા અરજદાર તથા સગીર પુત્ર માઝીનની ભરણપોષણ કે બીમારીની કોઈ જવાબદારી નીભાવી ન હોઈ, તેમજ પતિ દ્વારા કોઈ દરકાર કે કાળજી ન લેવાતા રેશમાબેને ફેમિલી અદાલતમાં ભરણપોષણ અંગેની દાદ માંગતી અરજી દાખલ કરી હતી. આ કેસમાં સામાવાળાએ જવાબ વાંધા રજુ રાખેલ ન હોય હાલની ભરણપોષણની અરજી ચાલી જતા આ કેસમાં અરજદારના એડવોકેટ પરેશ બી મૃગની લંબાણ પુર્વકની દલીલો રજુ કરેલ અને પતિ ભરણપોષણ ચુકવવા જવાબદાર બનતો હોવાથી ફેમિલી કોર્ટમાં રજુઆત કરી હતી, પરિણીતાના વકીલની તમામ દલીલોથી સહમત થઈ ફેમિલી કોર્ટના જજે અરજદારની ભરણપોષણની અરજી મંજુર કરી આખર હુકમમાં અરજદારને માસિક રૂા. ૧૨ હજાર તથા સગીર પુત્ર માઝીનને માસીક રૂા.૭ હજાર કુલ રૂ.૧૯ હજાર મુળ અરજી દાખલ કર્યાની તારીખથી ભરણપોષણની રકમ પેટે દર માસે નિયમીત ચુકવી આપવાનો આખર હુકમ ફરમાવેલ છે. આ કેસમાં અરજદાર રેશ્માબેન મહમદ શબ્બીર પટેલ વતી ફેમિલી કોર્ટ લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ બી મૃગ રોકાયા હતા.

# પાંચ લાખના ચેક બાઉન્સના કેસમાં કુંવરબેનને છ માસની જેલ

## પુત્રીના લગ્ન માટે હાથ ઉછીની રકમનું દોઢ ગણું ફરિયાદીને વળતર ચુકવવા હુકમ

**અબતક,રાજકોટ**

શહેરમાં રહેતી મહિલાએ સગા સંબંધીના દાવે પુત્રીની લગ્ન પ્રસંગ માટે હાથ ઉછીના આપેલા રૂપિયા પાંચ લાખ પરત કરવા આપેલો ચેક વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે કુંવરબેન ને છ માસની સજા અને ચેક ની રકમનું દોઢું ૭.૫૦ લાખનું વળતર ૩૦ દિવસમાં ચૂકવી આપવા હુકમ કર્યો છે. વિગત મુજબ શહેર માં રહેતા કવિતા ડાયાભાઈ કુંભારે પોતાના સગા કુંવરબેન કનુભાઈ શિંગાળા ની પુત્રીના લગ્ન પ્રસંગ હોવાથી આર્થિક મદદ માટે હાથ



એડવોકેટ દિલીપ પટેલ

ઉછીના પાંચ લાખ રૂપિયા આપ્યા હતા. જે રકમ ચૂકવવા માટે આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ કુંવરબેન શિંગાળા ને નોટિસ પાઠવી હતી છતાં સમય મર્યાદામાં રકમનો ચૂકવતા અંતે નેગોસીએબલ એકતા હેઠળ અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે આરોપીને છ માસની સજા કરેલ હતી. ચેકની રકમના ૫,૦૦,૦૦૦ ના ૭,૫૦,૦૦૦ રકમ આરોપીએ ફરિયાદીને વળતર પેટે ૩૦ દિવસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલો છે. આરોપી કસૂરવાર કર્યેથી આરોપીને વધુ ૩ મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવાંમાં આવે છે. ફરિયાદી તરફે રાજકોટના પ્રખ્યાત એડવોકેટ દિલીપ પટેલ, કલ્પેશ બી નસીત, અનિતા આર. રાજવંશી, નૈમિશ એલ. જોશી તથા આસિસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયેલ હતા.

# ઈન્સ્ટાગ્રામ મારફતે પ્રેમજાળમાં ફસાવી સગીરાને વેલેન્ટાઈન ડેના દિવસે ઉઠાવી જનાર શખ્સ ઝડપાયો

## તરૂણીને પેટ્રોલપંપનો કર્મચારી અમદાવાદ ખાતે ભગાડી ગયો'તો : રૂમ ભાડે રાખી સાથે રહેતા'તા

**ધો.-૧૦ ની વિદ્યાર્થીને મુક્ત કરાવાઈ : આરોપી વિરુદ્ધ દુષ્કર્મ-પોક્સો એક્ટની કલમોનો ઉમેરો કરવા તજવીજ**

**અબતક, રાજકોટ**

શહેરના નાના મવા વિસ્તારની ધો.૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષની તરૂણીનું વેલેન્ટાઈન-ડેનાં દિવસે અપહરણ કરનાર પ્રતિક રાજુભાઈ મકવાણા (ઉ.વ.૧૯, રહે. મવડી વિસ્તાર)ને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટે પકડી લઈ માલવીયાનગર પોલીસને સોંપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

નાનામવા રોડ નજીકના વિસ્તારમાં રહેતી અને ધો. ૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષની તરૂણી ગઈ તા.૧૪-૨-૨૬નાં વેલેન્ટાઈન-ડેના દિવસે સ્કૂલે ગયા બાદ મોડે સુધી પરત નહીં ફરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. પરંતુ ક્યાંય પત્તો નહીં લાગતા જાણ કરતાં માલવિયાનગર પોલીસે અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

જે અંગે માલવિયાનગર પોલીસ ઉપરાંત એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પી.આઈ. ભાર્ગવસિંહ ઝણકાટ સહિતના સ્ટાફે તપાસ શરૂ કરતા તરૂણી અમદાવાદ હોવાની માહિતીના આધારે ટીમે ત્યાં પહોંચી તરૂણીને શોધી કાઢી આરોપી પ્રતિક મકવાણા (ઉ.વ.૧૯)ને પકડી માલવિયાનગર પોલીસને સોંપ્યો હતો. પોલીસે જણાવ્યું કે, પેટ્રોલ પંપ ખાતે નોકરી કરતા શખ્સે તરૂણી સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે પરિચયમાં આવ્યો હતો. બાદ બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને વેલેન્ટાઈન ડેના દિવસે આરોપી સ્કૂલ નજીકથી તરૂણીનું અપહરણ કરી અમદાવાદ લઈ ગયો હતો. જયાં એક રૂમ ભાડે રાખી બન્ને રહેતા હતા અને ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતા હતા. આરોપીએ તરૂણી પર દૂષ્કર્મ આચર્યાનું ખૂલતા પોકસો અને દૂષ્કર્મની કલમોનો ઉમેરો કરી તપાસ હાથ ધરી છે.

# કાંગસિયાળી ગામના વેપારી પર હુમલો કરવામાં ચાર આરોપીનો છુટકારો

## ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ભરવાના વિવાદનો ખાર રાખી માર માર્યો હતો

**અબ તક, હરેશ ગણોદિયા ગોંડલ**



લોધીકા તાલુકાના કાંગસિયાળી ગ્રામ પંચાયતની ચૂંટણીમા ઉમેદવારી નોંધાવાના મામલે વેપારી યુવાન પર હુમલો કરવાના ગુના નો કેસ ચાલી જતા અદાલતે ચાર શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ કાંગશીયાળી ગામે રહેતા રમેશ વાઘજી પરમાર નામના બિલ્ડીંગ મટીરીયલ્સ ના ધંધાથી પર તેજસ પઢિયાર વિપુલ પઢિયાર નીરજ પઢિયાર અને જયેન્દ્ર ઉર્ફે લાલો ધોકા વડે માર માર્યા અંગેની સાપર પોલીસ મથકમાં ૨૪ ૫ ૨૩ ના રોજ ફરિયાદ નોંધાવી હતી જે ગુનાની તપાસ પૂર્ણ થતા પોલીસે અદાલતમાં ચાર સીટ રજૂ કર્યું હતું જે કેસની કોટડા સાંગાણી ની અદાલતમાં કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના વકીલ વિજયરાજ સિંહ જાડેજા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ અદાલતે તમામ શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનું હુકમ કર્યો છે.

# ધ્રાંગધ્રા સોલડી ટોલનાકા નજીક મહિલાની હત્યા

## પોલીસે ગણતરીના કલાકોમાં મેરૂ વાઘેલાને ઝડપી લીધો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા હળવદ હાઈવે પર સોલડી ટોલનાકા નજીક આવેલા અવારુ વિસ્તારમાં ગઈકાલે મોડી રાત્રે મહિલાની હત્યાની ગંભીર ઘટના સામે આવી હતી જોકે ઘટનાની જાણ થતાં જ પોલીસ તાત્કાલિક સક્રિય બની હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લેતા કેસમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે.

મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં રાત્રિના સમયે દેહવેપાર સંબંધિત ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ચર્ચા ચાલી રહી હતી ગઈકાલે મોડી રાત્રે દેહવેપારમાં સંકળાયેલી મહિલા અને અન્ય દલાલ તરીકે ઓળખાતા મેરૂભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલા વચ્ચે કોઈ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી બોલાચાલી દરમિયાન આરોપીએ મહિલાને છરીના ઘા મારતા તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી ઘટના બાદ સાથી મહિલાઓ દ્વારા ઈજાગ્રસ્ત મહિલાને



તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી,

પરંતુ હાજર તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી મહિલાઓ દ્વારા આપવામાં આવેલી ફરિયાદના આધારે તાલુકા પોલીસે આરોપીને પકડવા માટે તજવીજ હાથ ધરી હતી પોલીસે ઝડપી તપાસ અને કાર્યવાહી કરીને ગણતરીના કલાકોમાં જ આરોપી મેરૂભાઈ વિઠ્ઠલભાઈ વાઘેલાને ઝડપી લીધો હતો હાલ પોલીસે આરોપીને કાયદેસરની કાર્યવાહી હેઠળ રાખી વધુ તપાસ હાથ ધરી છે અને સમગ્ર ઘટનાના તમામ પાસાઓને ધ્યાનમાં લઈને આગળની કાર્યવાહી ઈન્ચાર્જ એન એચ ચુડાસમા ચલાવી રહ્યા છે.

# કાલાવાડ માર્ગ પર બાઈક સ્લીપ થતા વિદ્યાર્થીનું મોત, શિક્ષક ઘવાયા

## કાકાના લગ્ન પૂર્ણ કરી શિક્ષક સાથે સ્કૂલ જતા કિશોરને નડ્યો અકસ્માત, ગરાસીયા પરિવારમાં શોક

**અબતક, રાજકોટ**

કાલાવાડ તાલુકાના શીશાંગ ગામ પાસે આજે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. લગ્નપ્રસંગ પતાવી શિક્ષક સાથે મોટરસાયકલ પર શાળાએ જઈ રહેલા ૧૬ વર્ષીય વિદ્યાર્થીનું બાઈક સ્લિપ થઈ જતાં મોત નીપજ્યું છે, જ્યારે અકસ્માતમાં શિક્ષકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મોટા વડાલા ગામનો અને હાલ શીશાંગમાં રહેતો સૂર્યદીપ કુલદીપસિંહ જાડેજા (ઉં.વ. ૧૬) નામનો કિશોર કાલાવાડની અંગ્રેજી માધ્યમની શાળામાં ધોરણ-૯માં અભ્યાસ કરતો હતો. ગઈકાલે જ સૂર્યદીપના કાકાના લગ્ન હતા, જેમાં તેના શિક્ષક રાજેન્દ્રભાઈ સોનાગરા (ઉં.વ. ૩૫) પણ હાજરી આપવા આવ્યા હતા. આજે સવારે ૭ વાગ્યાની આસપાસ, લગ્નપ્રસંગ પૂર્ણ કરી શિક્ષક રાજેન્દ્રભાઈ પરત ફરી રહ્યા હતા. ત્યારે સૂર્યદીપ તેમની સાથે મોટરસાયકલ પર બેસી શાળાએ જવા નીકળ્યો હતો. શીશાંગથી કાલાવાડ જવાના રસ્તે અચાનક મોટરસાયકલ સ્લિપ થઈ જતાં બંને રોડ પર પટકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા શિક્ષક અને વિદ્યાર્થીને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન સૂર્યદીપનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં શિક્ષકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સૂર્યદીપના પિતા ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સૂર્યદીપ બે ભાઈઓમાં મોટો હતો. આશાસ્પદ પુત્રના અકાળે મોતથી જાડેજા પરિવાર અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# પત્ની રિસામણે ચાલી જતાં યુવકનો આપઘાતનો પ્રયાસ

## પતિ કામ ધંધો ન કરતા પત્ની માવતરે ચાલી જતાં ભર્યું પગલું

**અબતક , રાજકોટ**

શહેરના આંબેડકર નગર વિસ્તારમાં યુવકે પત્નીના વિરહમાં કપડાં ધોવાનું લિક્વિડ પી લેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ગોંડલના ઘોઘાવદર ગામના વતની અને હાલ રાજકોટના આંબેડકર નગર શેરી નંબર ૧૩ માં રહેતા સંજયભાઈ દિનેશભાઈ પરમાર (ઉં.વ. ૨૨) ના લગ્ન એક વર્ષ પૂર્વે થયા હતા. જોકે, સંજયભાઈ કોઈ કામ-ધંધો કરતા ન હોવાથી તેમની પત્ની પ્રિયાબેન રિસામણે માવતરે ચાલ્યા ગયા હતા. પત્ની ઘરે પરત ન ફરતી હોવાથી સંજયભાઈને માનસિક રીતે લાગી આવ્યું હતું. જેને લઈ પોતે ગઈકાલે રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં, ઘરે હતા, ત્યારે તેમણે કપડાં ધોવાનું લિક્વિડ પી લીધું હતું. જેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સંજયભાઈના પિતા ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સંજયભાઈ બે ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાના છે. હાલ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સત્યવિજય આઈસ્ક્રીમ નજીકથી મહિલાના પર્સમાંથી મોબાઈલની તફડંચી

## પરિણીતાએ પતિના ફોનથી પોતાના નંબર પર કોલ કરતા અજાણ્યા શખ્સેં રૈયા ચોકડીએ આવી મોબાઈલ જવા કહ્યું : બાદમાં ફોન સ્વીચ ઓફ કરી નાખ્યો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર ગોકુલપાર્કમાં રહેતા મહિલા ભક્તિનગર સ્ટેશન પ્લોટ પાસેથી જતા હતા ત્યારે કોઈ અજાણ્યા શખસે તેનો મોબાઈલ સેરવી લીધો હતો. બાદમાં તેમણે પોતાના નંબર પર કોલ કરતા આ શખસે રૈયા ચોકડી પાસે આવી ફોન લઈ જવાનું કહ્યું હતું. પરંતુ ત્યારબાદ તેણે ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો જેથી આ અંગે મહિલાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના કોઠારીયા મેઈન રોડ પર ગોકુલપાર્ક શેરી નંબર બે રણુજા મંદિર પાસે રહેતા પુષ્પાબેન વિજયભાઈ દેવમુરારી (ઉ.વ.૪૫) નામના મહિલા ગઈ તારીખ ૧/૩ ના સવારના ૦૯:૪૫ વાગ્યા આસપાસ એકટિવા લઈ ઘરેથી એરપોર્ટ રોડ સદગુરુ વાટીકામાં રસોઈ બનાવવા જવા માટે નીકળ્યા હતા. દરમિયાન ગોંડલ રોડ પર સત્યવિજય આઈસ્ક્રીમથી ભક્તિનગર સ્ટેશન પ્લોટના રસ્તા વચ્ચે મેલડીમાના મંદિર પાસે પહોંચતા તેમને એવો ખ્યાલ આવ્યો હતો કે, પર્સમાં રાખેલ મોબાઈલ ફોન કિંમત રૂ.૧૫,૦૦૦ પર્સમાં નથી જેથી તુરંત જ તેઓ અહીં પોતાનો મોબાઈલ શોધવા લાગ્યા હતા. દરમિયાન અહીં એક રાહદારીને મોબાઈલ બાબતે પૂછતા તેણે કહ્યું હતું કે તમારો મોબાઈલ કોઈ રિક્ષાવાળો લઈ ગયો છે. બાદમાં આ રાહદારીના મોબાઈલ પરથી મહિલાએ પોતાના નંબર પર ફોન કરતા અજાણ્યા શખસે કહ્યું હતું કે, રૈયા ચોકડી પાસે આવી તમારો ફોન લઈ જાવ જેથી મહિલા રૈયા ચોકડીએ જતા અહીંથી ફરી કોઈ રાહદારીના ફોનમાંથી ફોન કરતા હવે ફોન સ્વીચ ઓફ આવતો હતો જેથી આ અજાણ્યા શખસે મહિલાનો મોબાઈલ ફોન ચોરી કરી ગયા અંગે મહિલાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી છે.

# બોલેરોએ બાઈકને અડફેટે લેતા કાકાની નજર સામે યુવાનનું મોત

## મોટરસાયકલ પર ચા પીવા જતી વેળાએ સર્જાયો અકસ્માત, કાકાને સારવાર અર્થે સિવિલ ખસેડાયો

**અબતક, રાજકોટ**

મોરબી જિલ્લાના હળવદ જીઆઈડીસી માર્કેટયાર્ડ પાસે ધુળેટીના પર્વે સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૭ વર્ષીય યુવાનનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા બોલેરો ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા સર્જાયેલા આ અકસ્માતમાં મૃતકના કાકા હાલ હોસ્પિટલમાં સારવાર અર્થે છે. પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી જિલ્લાના હળવદ જીઆઈડીસી માર્કેટયાર્ડ પાસે રહેતા હમીરભાઈ કાળાભાઈ માણેક (ઉં.વ. ૧૭) ગત ૪ માર્ચના રોજ ધુળેટીના દિવસે પોતાના કાકા સાથે મોટરસાયકલની પાછળ બેસીને ચા પીવા જઈ રહ્યા હતા.

આ દરમિયાન હળવદ જીઆઈડીસી ચોકડી પાસે એક પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બોલેરો ચાલકે તેમના બાઈકને જોરદાર ટક્કર મારી હતી અકસ્માતમાં હમીરભાઈ અને તેમના કાકા બંનેને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક પ્રથમ હળવદ અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી ખસેડાયા હતા. સ્થિતિ વધુ નાજુક જણાતા તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં ગઈકાલે ટૂંકી સારવાર બાદ હમીરભાઈનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હમીરભાઈ બે ભાઈ અને બે બહેનોમાં સૌથી નાના હતા અને છૂટક મજૂરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. વહાલસોયા પુત્રના મોતથી માણેક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આજીડેમ પાસે મેલડીમાંના મંદિર પાસે વૃદ્ધાનો ઝેરી દવા પી આપઘાત

## મંદિરે દર્શન કરવા ગયેલા વૃદ્ધાએ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવતા પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના આજીડેમ પાસે આવેલ મેલડી માતાજીના મંદિર નજીક આજે સવારે વૃદ્ધાએ ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં વૃદ્ધાને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના પેડક રોડ પર આવેલ ભ્રામણીયા પરા-૩માં રહેતા કુંદનબેન દેવદાસભાઈ નકુમ (ઉં.વ. ૬૩)આજે સવારના સમયે આજીડેમ પાસે મેલડી માતાજીના મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યાં મંદિરે પહોંચ્યા બાદ અગમ્ય કારણોસર તેમણે પોતાની સાથે લાવેલી ખળમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ગોકુલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઝેરની અસર વધુ હોવાથી ફરજ પરના તબીબોએ તેમને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક કુંદનબેનના પતિ હયાત નથી અને તેમને સંતાનમાં ત્રણ દીકરાઓ છે. ઘરના મોભી સમાન માતાએ અચાનક આ રીતે જીવન ટૂંકાવી લેતા પુત્રો સહિતના પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી, આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# સેવામાં ખામી બદલ બ્રોડબેન્ડ કંપનીને૧૦ હજાર કોસ્ટ સાથે નુકસાની ભરપાઈ કરવા હુકમ

## ઈન્ટરનેટ ત્રણ માસ વહેલું બંધ થવા બાબતે રજૂઆત બાદ કંપનીએ દાદ ન દેતા ફરિયાદ કરી

**અબતક, રાજકોટ**

યુ બ્રોડબેન્ડ ઈન્ડીયા પ્રા.લી. કંપનીને ઈન્ટરનેટ સેવામાં ખામી સબબ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગે આપેલા સીમાચિન્હ રૂપ ચુકાદામાં રૂપિયા દસ હજાર કોસ્ટ ને નુકસાની ભરપાઈ કરવા હુકમ કર્યો છે.

આ અંગેની હકીકત મુજબ શહેરની ઠાકર લો ફર્મ હરીહર ચોક, પંચનાથ કોમર્શીયલ સેન્ટરમાં ઓફીસના સંચાલકોએ યુ બ્રોડબેન્ડનું ઈન્ટરનેટ પેકેજ લીધું હતું. તેમાં તા. ૨૮/ ૯/ ૨૦૨૪ના રોજ રકમ રૂા. ૫,૬૬૪/- ચુકવી એક વર્ષ માટે રિચાર્જ કરેલ હતું. બાદ તારીખ ૧૪/ ૦૬/ ૨૦૨૫ના રોજ ઓફીસનું ઈન્ટરનેટ અચાનક જ બંધ થતા કંપનીને જાણ અને ફરિયાદો કરવા છતાં કંપની દ્વારા ચાલુ કરવામાં આવ્યું ન હતું. આથી ઓફીસમાં થતી તમામ જરૂરી કામગીરી જેવી કે, દસ્તાવેજ નોંધણી, અપોઈમેન્ટ, જજમેન્ટ ફાઈન્ડિંગ, ઈ-કોર્ટ સેવાઓ અન્ય વકીલો સાથેનો સંપર્ક વિગેરે ખુબજ જરૂરી કામો ઠપ્પ થય ગયેલ હતા. આખરે કંટાળીને નાછૂટકે સંચાલક દ્વારા કન્ઝયુમર કોર્ટ રાજકોટ ખાતે ફરિયાદ કરી હતી. તેમાં ઈન્ટરનેટ સેવા મુદત કરતા વહેલી બંધ કરી દેવા સબબ રૂા.૧૬૫૨/- કે જે વર્ષના અંતે બાકી રહેતા ઈન્ટરનેટ પેકેજના સાળા ત્રણ માસ લેખે માંગણી કરેલ હતી. આ કેસ કન્ઝ્યુમર કોર્ટ સમક્ષ ચાલી જતા ફરીયાદી દ્વારા દલીલ કરતા જણાવેલ કે, "ઈન્ટરનેટ ઈઝ લાઈક એન ઓક્સિજન" આજના આ આધુનીક યુગમાં અને ૨૧મી સદીમાં માણસ ચાંદ સુધી પહોંચી ગયો છે પરંતુ સામાવાળી કંપનીનો ટેકનિશ્યન એક જ એરીયામાં ઓફીસ હોવા છતાં ૧૫ દિવસ સુધી ઈન્ટરનેટ કનેકશન ચાલુ કરી આપવા વાસ્તે સક્ષમ નથી. તેમજ જુદા જુદા હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકેલા હતા. જે ગ્રાહય રાખતા સેવામાં ખામી સબબ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ દ્વારા સામાવાળી કંપનીને રૂા. ૧૬૫૨ અને રૂા. ૧૦ હજાર કોસ્ટ સાથે ચુકવવા મહત્વનો સીમા ચિન્હ રૂપ ચુકાદો આપેલ છે. આ કેસમાં ફરીયાદી વતી વરિષ્ઠ ધારાશાસ્ત્રી જી.આર.ઠાકર, ગાર્ગીબેન જી. ઠાકર, મીલનભાઈ દુધાત્રા, જીંકલ રૈયાણી, કૃપાલ ઠાકર અને એ.જી. ઠાકર રોકાયા હતા.

# સજા વોરંટમાં નાસતા ફરતો વર્ધમાનનગરનો મનીષ વાઘેલા ઝડપાયો

**આરોપીને પકડી તાલુકા પોલિસના હવાલે કરતી પેરોલ ફર્લો સ્કોડ**

**અબતક, રાજકોટ**

પેરોલ ફર્લો સ્કોડની ટીમે સજા વોરંટના નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો હતો. વર્ધમાનનગરના મનીષ વાઘેલાને ઝડપી તાલુકા પોલિસના હવાલે કરાયો હતો.

નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને પકડી પાડવા ઉચ્ચ અધિકારીઓ દ્વારા અપાયેલી સૂચનાને પગલે પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેંરૈયાની ટીમ આરોપીઓને પકડી પાડવા સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન સજા વોરંટના નાસતા ફરતા આરોપી મનીષ પ્રાગજીભાઈ વાઘેલા (ઉવ ૩૨ રહે. ઘંટેશ્વર, એસ.આર.પી. કેમ્પ સામે, વર્ધમાનનગર, રાજકોટ)ને પકડી તાલુકા પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો. આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ જે જી તેંરૈયા, એએસઆઈ ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનિયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મૂળિયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

### રાજકોટ રેન્જના 'એપિ સેન્ટર' ગોંડલથી સફાયો કરવાની નિર્લિપ્ત રાયની નેમ

# રેન્જ આઈજી પોલિસ ટીમનું મોરલ બુસ્ટિંગ આપવા ગોંડલની મુલાકાતે

### ગોંડલ પર મારૂ ખાસ ધ્યાન, સુરેન્દ્રનગરમાં ખનન માફિયાઓ સામે કડક કાર્યવાહી યથાવત રહેશે : નિર્લિપ્ત રાયનું નિવેદન

**અબતક, રાજકોટ**

રાજ્યના ૩૭ આઈપીએસ અધિકારીઓની બદલીમાં કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને રાજકોટ રેન્જ આઈજી તરીકે નિમણુંક આપવામાં આવી હતી. નિર્લિપ્ત રાયએ ગઈકાલે બપોરે ચાર્જ સંભાળ્યો હતો. મિડીયા સાથેની





### એફઆઈઆરનો આખરી નિર્ણય એસપી-આઈજીની, કોઈએ ભલામણ કરવી નહિ : રેન્જની સ્પષ્ટ વાત

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયએ એક એવુ સૂચક નિવેદન આપ્યું હતું કે, ઘટના બની હશે તો ગુનો નોંધાશે જ અને ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ફરિયાદ નોંધવી કે નહિ તેનો આખરી નિર્ણય એસપી-રેન્જ આઈજી જ કરશે, કોઈની ભલામણ રાખવામાં આવશે નહિ. ત્યારે રેન્જ આઈજીના આ શબ્દો અત્યંત સૂચક હોવાનું મનાઈ રહ્યું છે.

(અનુ. આઠમા પાને)

# રાજકોટના મવડીમાં મહિલાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### પતિ કામ અર્થે દીવ ગયાને પાછળથી પત્નીએ અગમ્ય કારણોસર પગલું ભર્યું, બે સંતાનોએ માતાની મમતા ગુમાવી

**અબતક,રાજકોટ**

વધતા જતી દેખાદેખી અને ભાગદોડ સહિતના મુદ્દે આપઘાતના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. જેમાં ભણતરનું ભાર, વ્યાજનું વીસ ચક્ર અને ગૃહ કલેશ જેવા મુદ્દે લોકો જીવનનો અંત લાવતા હોય છે. ત્યારે શહેરમાં અગમ્ય કારણથી બે સંતાન ની માતાએ ફાસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવાર મારે જાતે મચી જવા પામી છે.રાજકોટ શહેરના મવડી વિસ્તારમાં આજે સવારે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય પ્રૌઢાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. શહેરના મવડી વિસ્તારની શ્રીનાથજી સોસાયટીમાં રહેતા કાજલબેન દીપકભાઈ રાઠોડ (ઉં.વ. ૪૦) આજે સવારે પોતાના ઘરે હતા, ત્યારે અગમ્ય કારણોસર તેમણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ ત્યારે થઈ જ્યારે તેમની પુત્રી રૂમમાં ગઈ અને માતાને લટકતી હાલતમાં જોઈ બૂમાબૂમ કરી મૂકી હતી. બનાવને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જોકે, ઘટનાસ્થળે પહોંચેલા તબીબે તપાસ બાદ



કાજલબેનને મૃત જાહેર કર્યા હતા. મૃતક કાજલબેનના પતિ દીપકભાઈ માર્કેટિંગના વ્યવસાય સાથે જોડાયેલા છે અને હાલ તેઓ કામ અર્થે દીવ ગયા હોવાનું જાણવા મળ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કાજલબેનને સંતાનમાં બે દીકરીઓ છે, જેણે આજે માતાની છત્રછાયા ગુમાવી છે. ઘટનાની જાણ થતા સ્થાનિક પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ આપઘાતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. હાલ કયા કારણોસર આ પગલું ભર્યું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### જાઓ... ઉસ આદમી કી સાઈન લેકર આઓ... દીવાર ફિલ્મ વાળી

# ચોટીલામાં એસએમસીના દારૂના દરોડા પ્રકરણમાં તત્કાલિન પીએસઆઈનું સસ્પેનશન રદ

### રાજસ્થાનથી બામણબોર સુધી પહોંચેલા દારૂ ભરેલા ટ્રક મામલે પીએસઆઈને સસ્પેન્ડ કરાયા'તા

**અબતક, રાજકોટ**

ચોટીલાના તત્કાલીન પીએસઆઈના સસ્પેનશન પ્રકરણમાં અમિતાભ બચ્ચનની દીવાર ફિલ્મ જેવી ઘટના બની હતી. દીવાર ફિલ્મમાં જેમ અમિતાભ બચ્ચનનો ડાયલોગ છે કે, જાઓ પહેલે ઉસ આદમી કી સાઈન લેકર આઓ... તેવી જ રીતે દારૂના દરોડામાં સસ્પેન્ડ થયેલા પીએસઆઈ સામે બેદરકારીનો આક્ષેપ કરવામાં આવ્યો હતો ત્યારે જો બામણબોર બીટના

### જો બામણબોર બીટ પીએસઆઈની બેદરકારી તો રાજસ્થાનથી ચોટીલા સુધીના રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓની પણ જવાબદારી ફિક્સ થાય : હાઈકોર્ટએ દલીલ ગ્રાહ્ય રાખી

પીએસઆઈની જવાબદારી હોય તો છેક રાજસ્થાનથી બામણબોર સુધી ટ્રક પહોંચ્યો હોય તો રસ્તામાં આવતા તમામ પોલિસ મથકના સંબંધિત અધિકારીઓની પણ બેદરકારી ગણાય તેવું માની હાઈકોર્ટએ પીએસઆઈનું સસ્પેનશન રદ્દ કર્યું હતું.

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૯માં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ટ્રકમાંથી ૪૮ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યા બાદ સ્થાનિક પોલિસના પીએસઆઈને સસ્પેન્સન રદ્દ કરી ખાતાકીય તપાસ સામે રોક લગાવી દીધી હતી.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો અગાઉ જયારે બામણબોર સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પોલિસની હદમાં આવતો હતો. ત્યારે બામણબોર

(અનુ. આઠમા પાને)

# રાજકોટની ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી રૂ.૪૬.૨૦ લાખના એમ્બરગ્રીસ સાથે બે અમદાવાદી ઝડપાયા

### અમદાવાદથી ગ્રાહકની શોધમાં આવેલા શખ્સો વેંપલો કરે તે પૂર્વે જ એસઓજી ત્રાટકી : ૪૬૨ ગ્રામ વ્હેલ માછલીની ઉલટી કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી ફરી એકવાર એમ્બરગ્રીસનો જથ્થો ઝડપાયો છે. ગ્રીન લેન્ડ ચોકડી નજીકથી એસઓજીની ટીમે દરોડો પાડી અમદાવાદના બે શખ્સોને રૂ. ૪૬.૨૦ લાખની કિંમતના ૪૬૨ ગ્રામ એમ્બરગ્રીસ સાથે ઝડપી લીધા હતા. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેર આજુબાજુ દરિયાઈ વિસ્તાર આવેલ હોય જેથી વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમનો ભંગ કરતા સક્ષો ઉપર વોચ રાખવાં, દરિયાઈ વિસ્તાર વન્ય પ્રાણી સરક્ષણ અધિનિયમ હેઠળ સંરક્ષિત જીવોના અવશેષોના વેચાણ, સંગ્રહ અને હેરાફેરીની ગેરકાયદે પ્રવૃત્તિ કરતા શખ્સોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ શહેર એસ.ઓ.જી. પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એમ વી જાડેજાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાની સંયુકત બાતમીના આધારે ગ્રીનલેન્ડ ચોકડી પાસે ગ્રીનલેન્ડ ગ્લોકસી બિલ્ડીંગની બાજુમાં જાહેર રોડ પરથી બે શખ્સોને શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલટી (એમ્બરગ્રીસ) સાથે પકડી લેવાયા હતા.



એસઓજીની ટીમે સુમિત શ્રીકાંતભાઈ ધુલમ (ઉવ ૩૭ રહે. અમરાઈવાડી, શિવાનંદનગર, અમદાવાદ) અને મયુર મહેન્દ્રભાઈ ભાવસાર (ઉવ ૧૯ રહે. માધવ પાર્ક શેરી નં.-૨, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ) ની ધરપકડ કરી બીએનએસની કલમ ૧૦૬ હેઠળ રૂ. ૪૬.૨૦ લાખની કિંમતનો ૪૬૨ ગ્રામ શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલટી કબજે કરી પરીક્ષણ અર્થે એફએસએલ કચેરીને મોકલી આગળની તપાસ ફોરેસ્ટ વિભાગને સોંપવામાં આવી હતી.

દરોડા અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર સુમિત અને મયુર ગઈકાલે રાત્રે અમદાવાદથી ૪૬૨ ગ્રામ એમ્બરગ્રીસનો જથ્થો લઈ અહીં રાજકોટ ગ્રાહકની શોધમાં આવ્યા હતા. તેઓ એમ્બરગ્રીસનો વેપલો કરે તે પૂર્વે જ એસઓજીની ટીમે ગ્રીનલેન્ડ ચોકડી નજીક દરોડો પાડી બંનેને ઝડપી લીધા હતા. હવે એમ્બરગ્રીસનો સપ્લાયર કોણ? બંને શખ્સો અહીં રાજકોટ ખાતે કોને એમ્બરગ્રીસ આપવા આવ્યા હતા સહિતની દિશામાં ફોરેસ્ટ વિભાગ દ્વારા વિગતે તપાસ હાથ ધરવામાં આવનાર છે.

આ કામગીરી એસ.ઓ.જી. પીઆઈ એસ એમ જાડેજા, પી.એસ.આઈ. એમ વી જાડેજા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, અમરદીપસિંહ વાઘેલા, છત્રપાલસિંહ રાણા, કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, રોહિતસિંહ જાડેજા અને રવિરાજભાઈ ધગલ દ્વારા કરવામાં આવી હતી.

# રાજ્યની ચાર સંસ્થાઓના એમબીએ કોર્સમાં ૧૭મીથી પ્રવેશ પ્રક્રિયા શરૂ

**અબતક, રાજકોટ**

રાજ્યની સેન્ટર ઓફ એક્સેલન્સ નો દરજ્જો ધરાવતી કુલ ૧૦ પૈકી ૪ કોલેજ-યુનિવર્સિટીએ પોતાના એમબીએ કોર્સમાં પ્રવેશ માટે કેટ ને માન્યતા આપી છે. જેના કારણે આ કોલેજોની કુલ બેઠકના ૨૫ ટકા બેઠકો કેટના માધ્યમથી, પરંતુ એડમિશન કમિટી દ્વારા ભરવામાં આવશે. આ સંસ્થાઓની ૨૫ ટકા પ્રમાણે ૧૫૧ બેઠકો માટે અરજીઓ મગાવવાની મુદત પૂરી થાય બાદ સેપ્ટનો ઉમેરો થતાં નવેસરથી અરજીઓ મગાવવામાં આવી હતી. જેમાં અત્યાર સુધીમાં ૮૪૭ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જે પૈકી ૭૦૯ વિદ્યાર્થીનો મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. નવેસરથી આવેલી અરજીઓના આધારે આજે પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કર્યા બાદ કાર્યવાહી શરૂ કરાશે.રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં કેટલીક સંસ્થાઓને સેન્ટર ઓફ એક્સેલન્સનો દરજ્જો આપવામાં આવ્યા બાદ હાલમાં કુલ ૧૦ સંસ્થા પાસે આ પ્રકારનો દરજ્જો છે. જે પૈકી કુલ ત્રણ સંસ્થાઓની એમબીએની કુલ બેઠકો પૈકી ૨૫ ટકા બેઠકો પર કેટ એટલે કે આઈઆઈએમ માટે લેવામાં આવતી પરીક્ષાના સ્કોરના આધારે પ્રવેશ સમિતિ દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. કુલ ત્રણ સંસ્થાઓની ૧૫૧ બેઠકો માટે વિદ્યાર્થી પાસેથી અરજી મગાવવામાં આવી હતી. જોકે, અરજી મગાવવાની મુદત પૂરી થાય તે દરમિયાન વધુ એક સંસ્થા સેપ્ટ દ્વારા પણ પોતાની એમબીએની ૨૫ ટકા બેઠકો કેટના માધ્યમથી ભરવાનો નિર્ણય કર્યો હતો. જેના કારણે પ્રવેશ સમિતિ દ્વારા નવેસરથી વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મગાવવામાં આવી હતી. સેપ્ટની ૨૫ ટકા બેઠકો સાથે હાલમાં ૨૧૪ બેઠકો માટે હવે કાર્યવાહી કરાશે. પ્રવેશ સમિતિ દ્વારા મગાવવામાં આવેલી અરજીઓમાં કુલ ૮૪૭ વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી સ્ક્રૂટીની બાદ ૭૦૬ વિદ્યાર્થીઓનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે, મેરિટ યાદી પહેલા પ્રવેશ સમિતિ દ્વારા ગ્રૂપ ડિસ્કશન, પર્સનલ ઈન્ટરવ્યુ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓની અરજીઓ રદ કે અમાન્ય કરવામાં આવી છે તેની વિગતો પ્રવેશ સમિતિની વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. માન્ય અરજીઓ સાથે હવે આવતીકાલે ૧૦મીએ બપોરે ૩ વાગે પ્રોવિઝનલ મેરિટ

(અનુ. આઠમા પાને)

# સરકારી પ્લેન-હેલિકોપ્ટર પાછળ બે વર્ષમાં ૮૬.૩૩ કરોડનો ખર્ચ

### ટેકનિકલ ખામીને લીધે બે વાર પ્લેન ઉડી શક્યા નહીં

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારની માલિકીના પ્લેન અને હેલિકોપ્ટર પાછળ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૮૬.૩૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. છેલ્લા બે વર્ષમાં ગમે ત્યારે પ્લેન અને હેલિકોપ્ટર ટેકનિકલ કારણસર ખોટવાઈ ગયાના બે બનાવ બન્યા છે. કોંગ્રેસના ઈમરાન ખેડાવાલા દ્વારા જાન્યુઆરી ૨૦૨૬ની સ્થિતિએ સરકારના પ્લેન અને હેલિકોપ્ટર પાછળ મેઈન્ટેનન્સ, પાયલટ અને અન્ય સ્ટાફ માટેના ખર્ચની જાણકારી માગતો સવાલ વિધાનસભામાં પૂછવામાં આવ્યો હતો. જેના લેખિત જવાબમાં નાગરિક ઉડ્ડયન વિભાગે જણાવ્યું હતું કે, ૨૦૨૪થી ૨૦૨૫ના જાન્યુઆરી મહિના સુધી પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેનન્સ પાછળ રૂ. ૨૭.૭૧ કરોડ અને ૨૦૨૫થી ૨૦૨૬ના જાન્યુઆરી મહિના સુધી રૂ. ૨૮.૯૫ કરોડનો ખર્ચ થયો હતો. પાયલટ માટે આ સમયગાળામાં અનુક્રમે રૂ. ૧૨.૮૯ કરોડ અને રૂ. ૧૫.૧૮ કરોડનો ખર્ચ કરાયો હતો. આ અન્ય સ્ટાફ માટે રૂ. ૬૧.૪૪ લાખ અને રૂ. ૯૭.૫૩ લાખનો ખર્ચ આ સમયગાળામાં થયો હતો. ટેકનિકલ ખામીને કારણે પ્લેન અને હેલિકોપ્ટર ઉડી શકયા ન હોય તેવા બે બનાવમાં સરકારી મહાનુભાવો અટવાઈ જવા પામ્યા હતા. માર્ગ અકસ્માતોમાં ઘાયલ હોય તેમને ગોલ્ડન અવરમાં



(અનુ. આઠમા પાને)

# માર્ચમાં મે જેવી ગરમી: સીઝનમાં પહેલીવાર રાજકોટમાં ૪૧.૬ ડિગ્રી તાપમાન

### દરિયાકાંઠાના વિસ્તારમાં અસહ્ય ઉકળાટ અને 'હોટ-હ્યુમિડ' હવાની આગાહી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતે જ સૂર્યદેવ આકરા પાણીએ જોવા મળી રહ્યા છે. જેના કારણે ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વર્તાઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જેના કારણે બપોરના સમયે રસ્તા સૂમસામ ભાસી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલ આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ગરમીનું જોર યથાવત રહેશે અને ૧૬ જિલ્લામાં 'હીટ વેવ'ની આગાહી આપવામાં આવી છે.ઉત્તર અને મધ્ય ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ભરૂચ અને સુરત તેમજસૌરાષ્ટ્ર અને કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, બોટાદ અને કચ્છમાં ભારે હિટવેવની આગાહી આપવામાં આવી છે.ત્યારે આજે સિઝનમાં પહેલીવાર અમદાવાદ ૪૧.૨, રાજકોટ ૪૧.૬ અને ગાંધીનગર ૪૦.૬ ડિગ્રીએ પહોંચી જતા લોકોએ અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કર્યો હતો.




### તાપમાનમાં ક્યારે ઘટાડો થશે ?

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ત્રણ દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. જોકે, ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો સામાન્ય ઘટાડો થવાની શકયતા છે, જે ગરમીથી થોડી રાહત અપાવી શકે છે. હાલમાં સમગ્ર રાજ્યમાં વાતાવરણ કોરું રહેવાની આગાહી છે.જ્યારે દરિયાકાંઠાના ૯ વિસ્તારોમાં અસહ્ય ઉકળાટ અને 'હોટ-હ્યુમિડ' હવાની આગાહી છે.**

હવામાન વિભાગે પોતાની આગાહીમાં વધુમાં સ્પષ્ટ કર્યું છે કે રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં બપોરના સમયે તાપમાન ૪૦ અંશ સુધી પહોંચી શકે છે. જો આકાશ એકદમ સાફ રહેશે અને સૂર્યનો આકરો તાપ સીધો પડશે તો હવામાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર ૨૫ ટકા જેટલું જ રહી જશે. ઉત્તર અને પૂર્વ તરફથી આવતા સુકા પવનો આગમાં ઘી હોમવાનું કામ કરશે. આગામી ૨ થી ૩ દિવસમાં ગરમીમાં હજુ ૨ થી ૩ અંશનો વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે. જ્યારે બીજી તરફ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને આકરા બફારા અને પરસેવે રેબઝેબ કરી દે તેવા ગરમ વાતાવરણનો સામનો કરવો પડશે.